વર્ષઃ 02 અંકઃ 21

01-15 મે, 2022

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર





## સ્વાવલંબનથી વધ્યું સ્વાભિમાન

આત્મનિર્ભરતા, સામાજિક ન્યાય અને સમરસતાના સંકલ્પો સાથે દરેક નાગરિકને સ્વાવલંબી બનાવવાની દિશામાં આગળ વધી રહેલું નવું ભારત

આંતરરાષ્ટ્રીય સૂર્ય દિવસ

# ભવિષ્યનો સૌથી ભરોસામંદ સાથી સૂરજ

**માનવ જાતિ એક વર્ષમાં જેટલી ઊર્જાનો ઉપયોગ કરે છે તેટલી ઊર્જા સૂર્ય એક કલાકમાં ધરતીને આપે છે. જળવાયુ પરિવર્તનને કારણે સમગ્ર વિશ્વ માનવતાના અસ્તિત્વ પર સંકટ અનુભવી રહ્યું છે ત્યારે સૌર ઊર્જા સૌથી પ્રાસંગિક મુદ્દો બની જાય છે. ગયા વર્ષે ગ્લાસગોમાં દુનિયાના દેશો આ વિષય પર ચિંતન કરી રહ્યા હતા ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'એક સૂરજ એક વિશ્વ એક ગ્રિડ'ના મંત્રનો પુનરોચ્ચાર કર્યો. બદલાતી દુનિયાની આ સૌથી મોટી જરૂરિયાત છે. સૌર ઊર્જાનાં ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 3 મેનાં રોજ આંતરરાષ્ટ્રીય સૂર્ય દિવસ મનાવવામાં આવે છે. ભારત તેની સૌર ઊર્જા ક્ષમતાઓમાં સતત વધારો કરી રહ્યું છે એટલું જ નહીં પણ વિશ્વનાં તમામ દેશોમાં એક માત્ર એવો દેશ છે જેણે પોતાનાં અક્ષય ઊર્જા લક્ષ્યને સમય કરતાં વહેલો હાંસલ કર્યો છે.**



- ભારતે 2010માં રાષ્ટ્રીય સૌર મિશન અંતર્ગત વર્ષ 2022 સુધી 20 ગિગાવોટ સૌર ઊર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાનો લક્ષ્ય રાખ્યો હતો. સ્વચ્છ ઊર્જા પ્રત્યે કેન્દ્ર સરકારની પ્રતિબધ્ધતાને કારણે વર્ષ 2015માં તેને વધારીને 100 ગિગાવોટ કરવામાં આવ્યું હતું. હવે 2030 સુધી 280 ગિગાવોટ સૌર ઊર્જાનું લક્ષ્ય છે.
- સૌર ઊર્જા ઉત્પાદનમાં મહત્તમ યોગદાન રૂફટોપ સોલર ઊર્જા (40 ટકા) અને સોલર પાર્ક (40 ટકા)નું છે. વર્ષ 2030 સુધી 280 ગિગાવોટ સ્થાપિત ક્ષમતાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય હાંસલ કરવા રૂ. 19,500 કરોડનાં પ્રોડક્ટિવિટી લિન્ક્ડ ઇન્સેન્ટિવ્સ (પીએલઆઇ)ની શરૂઆત કરવામાં આવી છે.
- પીએમ કુસુમ મહાઅભિયાન દ્વારા ખેડૂતોને બિનફળદ્રુપ જમીન પર સૌર ઊર્જા પેદા કરીને આત્મનિર્ભર બનાવવાની પહેલ પણ કરવામાં આવી. ભારતનાં દરેક રાજ્યમાં ઓછામાં ઓછા એક સોલર સિટીની સ્થાપના પર કામ કરવામાં આવી રહ્યું છે.

## ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ

ભારત અને ફ્રાન્સે 30 નવેમ્બર, 2015નાં રોજ પેરિસમાં આયોજિત જળવાયુ પરિવર્તન પર સંયુક્ત રાષ્ટ્ર કન્વેન્શન ફ્રેમવર્કની 21મી બેઠક દરમિયાન ઇન્ટરનેશનલ સોલર એલાયન્સની સ્થાપના કરી હતી. તેનું વડુંમથક ગુરુગ્રામ (હરિયાણા)માં આવેલું છે. યુએસએ ઇન્ટરનેશનલ સોલર એલાયન્સનું 10મું સભ્ય દેશ બન્યું. તાજેતરમાં જ નેપાળ પણ તેનું સભ્ય બન્યું છે.

"જેમ જેમ ભારત વિકાસનાં નવા શિખરની તરફ વધી રહ્યું છે, આપણી આશા-અપેક્ષાઓ વધી રહી છે, તેમ તેમ આપણી ઊર્જાની, વીજળીની જરૂરિયાતો પણ વધી રહી છે. એવામાં, આત્મનિર્ભર ભારત માટે વીજળીની આત્મનિર્ભરતા ખૂબ જરૂરી છે. તેમાં સૌર ઊર્જા બહુ મોટી ભૂમિકા નિભાવશે અને અમારો પ્રયાસ ભારતની આ તાકાતને વિસ્તારવાનો છે. -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

ન્યૂ ઈન્ડિયા
સમાચાર

વર્ષ: 02 ,અંક: 21 | 01-15 મે, 2022

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દૂ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી), હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**



**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

## અંદરના પાના પર.....

# સુશાસનથી સ્વાવલંબનનો નવો માર્ગ



કવર સ્ટોરી
જનભાગીદારી દ્વારા સલામત-સ્વાભિમાની અને સ્વાવલંબી ભારતનું નિર્માણ થઈ રહ્યું છે જેનાંથી લોકોનું જીવન સરળ બન્યું છે. 14-28

પ્રધાનમંત્રી સંગ્રહાલયઃ સહિયારા વારસાનું જીવંત પ્રતિબિંબ



નવી દિલ્હીમાં વડાપ્રધાને કર્યું પ્રધાનમંત્રી સંગ્રહાલયનું ઉદઘાટન 32-33

આઝાદી કા અમૃત મહોત્સવ
**ભારતની આઝાદીનું પ્રથમ સોપાન**



આઝાદી કા અમૃત મહોત્સવ શ્રૃંખલામાં આ અંકમાં વાંચો તાત્યા ટોપે, ઉદા દેવી, નિલાંબર-પીતાંબર અને પિયાલી બરુઆની કહાની.. 40-43

**સમાચાર સાર** | 4-5

**સંસ્કૃતના કર્મયોગી**
'વ્યક્તિત્વ'માં આ અંકમાં વાંચો ભારતરત્ન પાંડુરંગ વામન કાણે અંગે | 6

**ફોર્ટિફાઈડ ચોખાથી સુનિશ્ચિત થશે પોષણ**
કેબિનેટની બેઠકમાં વિવિધ નિર્ણયો | 7

**આત્મનિર્ભરતાના પાયા પર નવા ભારતનું નિર્માણ**
આત્મનિર્ભર ભારતની યાત્રાના બે વર્ષ પૂરાં | 8-11

**ત્રણ રાજ્યોનાં અનેક વિસ્તાર AFSPAથી બહાર**
વડાપ્રધાનના નેતૃત્વમાં અશાંત વિસ્તારોમાં થયેલો ઘટાડો | 12-13

**સામાજિક ચેતનાના પ્રસારમાં આસ્થા કેન્દ્રોની મહત્વની ભૂમિકા**
ઊમિયા માતા મંદિરના સ્થાપના દિવસે વડાપ્રધાનનું સંબોધન | 29

**આપત્તિઓમાં જનતાને બચાવનાર સલામતી દળો પર રાષ્ટ્રને ગર્વ**
દરેક સમસ્યામાં મદદે આવતા જવાનો સાથે પીએમનો સંવાદ | 30-31

**ભારત-અમેરિકાઃ ભાગીદારીનો નવો દાયકો**
2+2 બેઠકમાં ભારત-અમેરિકા વચ્ચે અનેક સમજૂતિ | 34-35

**ભારત-નેપાળના સંબંધોમાં નવી મીઠાશ**
નેપાળના વડાપ્રધાનની ત્રણ દિવસની ભારત યાત્રા | 36-37

**કોવિડ સામેની લડાઈમાં મહત્વનાં પડાવ પર ભારત**
કોવિડ સામેની લડાઈમાં આગેકૂચ | 38-39

**ભારતને હંમેશા મા અન્નપૂર્ણાના આશીર્વાદ મળ્યા છે**
અન્નપૂર્ણાધામ ટ્રસ્ટમાં વડાપ્રધાનનું સંબોધન | 44

**પ્રકાશક અને મુદ્રક:** સત્યેન્દ્ર પ્રકાશ, મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણ:** અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ:** રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઇમેલ:** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે....

સાદર નમસ્કાર,

આપણાં દરેક પ્રયત્નથી અંદરની તાકાતને ઓળખવાની તક પણ મળે છે. જે લક્ષ્યોની પહેલાં આપણે કલ્પના પણ નહોતા કરતા તેનાં પર સરકાર કામ કરી રહી છે. આપણે ત્યાં કહેવાય છે કેઃ

[illegible]

[illegible]

એટલે કે જ્યારે આપણે વિદ્યા પ્રાપ્ત કરવાની હોય ત્યારે આપણે દરેક ક્ષણનો ઉપયોગ કરવો જોઇએ. જ્યારે આપણે પ્રગતિ કરવાની હોય ત્યારે દરેક કણનો, દરેક સંસાધનનો, સંપૂર્ણ ઉપયોગ કરવો જોઇએ. કારણ કે ક્ષણની સાથે સાથે વિદ્યા અને જ્ઞાન પણ જતાં રહે છે અને કણ નષ્ટ થવાથી ધન, પ્રગતિના રસ્તા બંધ થઈ જાય છે.

જો દેશની દરેક વ્યક્તિને સ્વાવલંબી બનાવવી હોય અને રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવું હોય તો દરેક ક્ષણ અને દરેક સંસાધનનો સંપૂર્ણ ઉપયોગ કરવો જોઇએ. સ્વાવલંબન અને આત્મનિર્ભરતાનો આ મંત્ર છે. સ્વાવલંબનનું ગૌરવ આ ઉદાહરણ પરથી સમજી શકાય છે- એક વાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિટનનાં મહારાણી એલિઝાબેથને મળ્યા ત્યારે મહારાણીએ લાગણીશીલ થઈને વડાપ્રધાનને એક રૂમાલ બતાવ્યો. આ રૂમાલ ખાદીમાંથી બનેલો હતો, જે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ તેમને લગ્નમાં ભેટ આપ્યો હતો. તેનો સંદેશ સ્પષ્ટ છે કે સરકારમાં રહો કે ન રહો, પણ દેશ હંમેશા રહેશે. એટલે એવી વ્યવસ્થાનું નિર્માણ થવું જોઇએ જે સલામત-સ્વાભિમાની અને સ્વાવલંબી હોય, એવી વ્યવસ્થા જે લોકોની જિંદગીને સરળ બનાવી દે તેવી હોય. વીતેલાં કેટલાંક વર્ષોમાં યોજનાઓને બનાવવામાં અને તેનો વાસ્તવિક અમલ કરવા પાછળનો નવો વિચાર જ ભારતને સ્વાવલંબી બનાવી રહ્યો છે. ઉજ્જવલા, મુદ્રા, સ્ટેન્ડઅપ ઇન્ડિયા ઈ-નામ, પેન્શન સુરક્ષા, ઉસ્તાદ-હુનર, શ્રમ સુધારા દ્વારા અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને સંરક્ષણ જેવી અનેક યોજનાઓએ તેને સાર્થક બનાવી છે. કેન્દ્ર સરકારનાં આ પ્રયાસોને આ અંકમાં કવર સ્ટોરીમાં રજૂ કરવામાં આવ્યા છે.

12 મેનાં રોજ આત્મનિર્ભર ભારતનાં આહવાનને બે વર્ષ પૂરાં થઈ રહ્યા છે ત્યારે આત્મનિર્ભરતાની દિશામાં ભારતનાં ડગ, રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ (11 મે)ના સંદર્ભમાં સ્વાવલંબનમાં ટેકનોલોજીનું પ્રદાન, કોવિડ સામેની લડાઇમાં સફળતા તરફ વધતું ભારત જેવી વાંચન સામગ્રી આ અંકમાં સમાવવામાં આવી છે. આ ઉપરાંત, વ્યક્તિત્વ શ્રૃંખલામાં સંસ્કૃતને નવો આયામ આપનાર ડો. પાંડુરંગ વામન કાણે, અમૃત મહોત્સવમાં 1857નાં વિપ્લવનાં લડવૈયાઓની પ્રેરક ગાથા સામેલ છે.

*આત્મસન્માન અને આત્મગૌરવ જ આત્મનિર્ભર ભારતની પ્રાણ-શક્તિ અને પ્રેરણા છે. તેને મજબૂત કરવાથી જ ભારતની પ્રગતિ સંભવ છે.*

*સલામત રહો અને તમારા સૂચનો અમને મોકલતા રહો.*

**તમારાં સૂચનો response-nis@pib.gov.in પર મોકલતાં રહો.**

**હિંદી, અંગ્રેજી અન્ય અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

## સરકારની યોજનાની માહિતી પ્રશંસનીય

નમસ્તે. મારું નામ વી વી વઘાસીયા છે. મેં ગુજરાત સરકારમાં કૃષિ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં રાજ્યકક્ષા મંત્રી તરીકે તથા સાવરકુંડલા / લીલીયા વિધાનસભાના સભ્ય તરીકે લોકસેવા કરી છે. "ન્યુ ઈન્ડિયા સમાચાર" નો અંક મને મળતો રહે છે. ખૂબ જ વાંચવાની મજા આવે છે તેમજ સરકારની યોજનાઓની માહિતી પણ પ્રશંસનીય છે. ગયા અંકમાં શીલભદ્ર યાજી, ચંદ્રપ્રભા સૈકીયાની, લક્ષ્મણ નાયક, બસંતી દેવી અને એમ એ આયંગર જેવા સ્વતંત્રતા સેનાનીઓની કહાનીઓ વાંચવાનો આનંદ અલગ જ છે. આ માટે હું ન્યૂ ઈન્ડિયા સમાચારનો આભારી છું.

**વી વી વઘાસીયા vaghasiyavv@gmail.com**

## સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ખૂબ ઉપયોગી

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' તેનાં નામ પ્રમાણે જ નવા ભારતની તસવીર પ્રસ્તુત કરે છે. તેમાં આપવામાં આવેલી માહિતી સ્પર્ધાત્મક તૈયારીના સંદર્ભમાં ખૂબ ઉપયોગી છે. સમયની સાથે સાથે તેનાં દરેક અંકમાં નિખાર જોવા મળે છે. આગામી અંકોની આતુરતાપૂર્વક રાહ જોતો હોઉં છું. સમાચારોનું સચોટ પૃથક્કરણ અને આંકડા સાથે પ્રસ્તુતિકરણ વાચકોને બાંધી રાખે છે. સુંદર વિષય સામગ્રીની પસંદગી અને ઈ-મેલ દ્વારા વાચકોને મેગેઝીનની નકલ પૂરી પાડવા માટે સંપાદકીય ટીમનો ખૂબ ખૂબ આભાર.

**મોહિત સોની sonimohit895@gmail.com**

## શ્રેષ્ઠ માહિતીથી ભરપૂર ન્યૂ ઈન્ડિયા સમાચાર

શ્રેષ્ઠ માહિતીથી ભરપૂર ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન મળ્યું. આ અંકમાં પ્રકાશિત લેખોમાં ભારતનાં વિકાસ કાર્યો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેમાં દરેક વિષય પર રાષ્ટ્રના વિકાસ સંબંધિત મહત્વની માહિતી ઉપલબ્ધ છે. સરકારની નવી યોજનાઓ અંગે સચોટ માહિતી આપવામાં આવે છે. સુંદર અંક માટે હાર્દિક ધન્યવાદ.

**મુકેશકુમાર ઋષિ વર્મા**
**mukesh123idea@gmail.com**

## મેગેઝીનમાં સુંદર રીતે સામગ્રીનું સંયોજન કરવામાં આવ્યું છે

લોકપ્રિય મેગેઝીન 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'નો જૂનો અંક વાંચવા મળ્યો. મેગેઝીનનાં વાંચન સામગ્રીનું સંયોજન સુંદર રીતે કરવામાં આવ્યું છે અને ઘણી માહિતી દુર્લભ છે. મેગેઝીનના સંપાદક મંડળને ખૂબ ખૂબ ધન્યાવાદ.

**ajsalempur123@gmail.com**

## મહત્વપૂર્ણ માહિતીથી સભર પ્રશંસનીય મેગેઝીન

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 1 એપ્રિલ-15 એપ્રિલ 2022નો અંક પ્રાપ્ત થયો. તેમાં રેલવે અંતર્ગત સુરક્ષા કવચ ટેકનોલોજીની વ્યવસ્થા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મિશન ગંગા અંતર્ગત યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓને પાછા લાવવાની વ્યવસ્થા કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં કોઈ શક નથી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા નેતા ન  પહેલાં કોઈ હતાં કે થશે. અમને સમયસર મેગેઝીન આપવા બદલ અને તેની સામગ્રીના સંકલનમાં તમારી ટીમની સખત મહેનત બદલ તમામનો આભાર.

**શ્રીગોપાલ શ્રીવાસ્તવ**
**shrigopal6@gmail.com**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ: રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઈમેલ: response-nis@pib.gov.in**

# ભારતની કૃષિ નિકાસમાં વિક્રમ નોંધાયો: 50 અબજ અમેરિકન ડોલરને પાર



કૃષિ નિકાસને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોનાં હિતમાં સતત લેવામાં આવેલાં પગલાંને કારણે નાણાકીય વર્ષ 2021-22માં કોવિડ-19 મહામારીનાં પડકાર છતાં ભારતની કૃષિ નિકાસ 50.21 અબજ ડોલર નોંધાઇ છે, જે જનરલ ઓફ કોમર્શિયલ ઇન્ટેલિજન્સ એન્ડ સ્ટેટિસ્ટિક્સ (DGCIS) નાં જણાવ્યા પ્રમાણે ભારતે ચોખાની નિકાસમાં ઐતિહાસિક વૃધ્ધિ હાંસલ કરીને વિશ્વ બજારનાં લગભગ 50 ટકા હિસ્સા પર કબ્જો કરી લીધો છે. વર્ષ 2021-22માં 9.65 અબજ ડોલર ચોખા અને 2.19 અબજ ડોલર ઘઉંની નિકાસ થઈ હતી. ખાંડની નિકાસ 4.6 અબજ ડોલર અને અન્ય અનાજોની નિકાસ 1.08 અબજ ડોલર થઈ ગઈ છે, જે અત્યાર સુધીની સૌથી વધુ નિકાસ છે. ચોખા, ઘઉ સહિતનાં અનાજની નિકાસથી પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોનાં ખેડૂતોને લાભ થયો છે. દરિયાઇ ચીજોથી અત્યાર સુધી સર્વોચ્ચ 7.71 અબજ ડોલરની નિકાસ થઈ છે, જેનો લાભ પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, ઓડિશા, તામિલનાડુ, કેરળ, મહારાષ્ટ્ર અને ગુજરાતનાં ખેડૂતોને લાભ થયો છે. મસાલાની નિકાસ સતત બીજા વર્ષે વધીને ચાર અબજ ડોલર થઈ છે. કોફીની નિકાસ પ્રથમ વાર એક અબજ ડોલરને પાર થઈ છે, જેને કારણે કર્ણાટક, કેરળ અને તામિલનાડુમાં કોફી ઉત્પાદકોને રસ વધ્યો છે.અગાઉનાં વર્ષ કરતા 20 ટકા વધુ છે. આ નિકાસમાં દરિયાઇ અને કૃષિ ચીજો બંનેનો સમાવેશ થાય છે.

# સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા તરફ ડગલું



ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશીકરણને પ્રોત્સાહન આપવાની સાથે સાથે આત્મનિર્ભરતા તરફ વધુ એક પગલું ભર્યું છે. 7 એપ્રિલનાં રોજ 101 સંરક્ષણ ચીજોની યાદી જારી કરવામાં આવી હતી, જેની આયાત પર પાંચ વર્ષ સુધી પ્રતિબંધ રહેશે. આ ચીજો હવે ભારતીય કંપનીઓ પાસેથી જ ખરીદવાની રહેશે. હવે તેની આયાત કરવાને બદલે દેશમાં જ બનાવવામાં આવશે. આ અગાઉ, 2020થી અત્યાર સુધી બે યાદીઓને જારી કરીને 209 સંરક્ષણ ચીજો/પ્રણાલિઓની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પ્રથમ યાદી ઓગસ્ટ 2020માં અને બીજી યાદી મે 2021માં જારી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સંરક્ષણ ઉત્પાદન એક માત્ર એવું ક્ષેત્ર છે જ્યાં વર્ષો સુધી ભારતની છબી વિશ્વનાં સૌથી મોટા શસ્ત્ર ગ્રાહક તરીકે રહી છે. એટલે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'આત્મનિર્ભર ભારત'ની સાથે સંરક્ષણ ઉત્પાદનમાં પણ આત્મનિર્ભરતાનું લક્ષ્ય રાખ્યું છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના જણાવ્યા અનુસાર આ ત્રણ યાદીઓને જારી કરવા પાછળ સરકારનો હેતુ સ્થાનિક ઉદ્યોગની ક્ષમતાને પ્રોત્સાહન આપવાનો છે. ભારતીય સશસ્ત્ર દળોની માંગને પૂરી કરવાની સાથે સાથે આંતરરાષ્ટ્રીય માપદંડ ધરાવતા ઉપકરણોની નિકાસનો પણ લક્ષ્ય છે. તેનાથી ટેકનોલોજી અને ઉત્પાદન ક્ષમતાઓમાં નવા રોકાણને આકર્ષિત કરીને સંશોધન અને વિકાસની ક્ષમતાને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ છે.

### ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ઐતિહાસિક વેપાર સમજૂતિ

## વડાપ્રધાને કહ્યું, આ ગાઢ સંબંધોનું પ્રતીક



હિન્દ-પ્રશાંત વિસ્તારનાં બે શક્તિશાળી દેશ અને ક્વાડ સંગઠનના મુખ્ય સભ્યો ભારત-ઓસ્ટ્રેલિયા હવે મહત્વનાં વેપારી ભાગીદાર પણ છે. બંને દેશો વચ્ચે મહત્વની સમજૂતિ અંતર્ગત 2 એપ્રિલનાં રોજ ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહયોગ અને વેપાર સમજૂતિ (IndAus ECTA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ સમજૂતિ બંને દેશો માટે કેટલી મહત્વની હતી તે એ વાત પરથી સમજાય છે કે જ્યારે બંને દેશોનાં વાણિજ્ય મંત્રીઓએ આ સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વડાપ્રધાન સ્કોટ મોરિસન પણ વર્ચ્યુઅલી જોડાયેલા હતા. ફેબ્રુઆરી મહિનામાં બંને દેશો વચ્ચેની વાતચીતમાં જ આ સમજૂતિ પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી દેવામાં આવી હતી. આ પ્રથમ મુક્ત વેપાર સમજૂતિ (FTA) છે જેનાં પર ભારતે એક દાયકા કરતાં વધુ સમય બાદ કોઇ અગ્રણી વિકસિત દેશ સાથે હસ્તાક્ષર કર્યા હોય. સમજૂતિને ઐતિહાસિક ગણાવતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "આટલાં ઓછાં સમયમાં IndAus ECTA પર સમજૂતિ અને હસ્તાક્ષર બંને દેશો વચ્ચે પરસ્પર વિશ્વાસની ઊંડાઇ દર્શાવે છે." આ સમજૂતિ અંતર્ગત ઓસ્ટ્રેલિયા ભારતને ચામડું, કાપડ, રમતગમતના ઉપકરણો અને જ્વેલરી જેવી 96 ટકા ચીજો પર ડ્યુટી ફ્રી એક્સેસ પ્રદાન કરશે. વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલના જણાવ્યા અનુસાર આનાથી બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર આગામી પાંચ વર્ષોમાં 27 અબજ ડોલરથી વધીને 45-50 અબજ ડોલર થવાની ધારણા છે.

## વિશ્વનાં સૌથી ઝડપી વૃધ્ધિ કરતા અર્થતંત્રોમાં ભારતનો સમાવેશ થશે

કોવિડ મહામારી અને રશિયા-યુક્રેન સંકટનાં સમયમાં પણ દેશનું અર્થતંત્ર મજબૂત બન્યું છે. ગ્લોબલ કન્સલ્ટિંગ ફર્મ કેપીએમજીએ કહ્યું છે કે વર્ષ 2022માં વિશ્વમાં સૌથી ઝડપથી વૃધ્ધિ કરનારાં અર્થતંત્રોમાં ભારતનો સમાવેશ થશે. નાણાકીય વર્ષ 2021-22માં ભારતનો વૃધ્ધિ દર 9.2 ટકા અને 2022-23માં 7.7 ટકા રહેવાનો અંદાજ છે. કેપીએમજીનું કહેવું છે કે ભારત સરકારની વર્તમાન આર્થિક નીતિઓ આર્થિક ઝડપને જાળવી રાખશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા પર ફોકસ અને આ ક્ષેત્રમાં કરવામાં આવી રહેલા રોકાણથી વિકાસ દરમાં તેજી આવશે એટલું જ નહીં, બેકારી પણ ઘટશે. કેપીએમજીનાં જણાવ્યા પ્રમાણે, કોરોના બાદ ભારતીય અર્થતંત્રનો રિકવરી રેટ વધ્યો છે. આર્થિક સુધારાનાં મોરચે આગળ વધવા અને માંગમાં તેજીને કારણે મોબિલિટી ઈન્ડેક્સ, ડાયરેક્ટ ટેક્સ કલેક્શન, વીજળીની માંગમાં વધારો નોંધાઈ રહ્યો છે. બીજી બાજુ, ઉદ્યોગ સંગઠન ફિક્કીનું કહેવું છે કે નાણાકીય વર્ષ 2022-23માં જીડીપી વૃધ્ધિ દર 7.4% રહી શકે છે.

## પ્રવાસીઓને લઈને પ્રથમ વાર મેડ ઇન ઇન્ડિયા 'ડોર્નિયર'ની ઉડાન




કેન્દ્ર સરકાર જનતાને કનેક્ટિવિટી પૂરી પાડવા પર સતત ભાર મૂકી રહી છે અને એટલાં માટે ઉડાન યોજના શરૂ કરવામાં આવી છે. હવે આ યોજનામાં સફળતાનો નવો અધ્યાય જોડાઈ ગયો છે. પ્રાદેશિક એરલાઇન્સ એલાયન્સ એરે પ્રથમ વાર સ્વદેશ નિર્મિત ડોર્નિયર વિમાનનો ઉપયોગ કોમર્શિયલ ફ્લાઇટ તરીકે કર્યો છે. 12 એપ્રિલનાં રોજ દિબ્રુગઢ અને પાસીઘાટ વચ્ચે ઓપરેટ થયેલી ફ્લાઇટ માટે ડોર્નિયર 228 વિમાનનો ઉપયોગ કરવામાં આવ્યો. 17 સીટર ડોર્નિયર-228 વિમાન દિવસ-રાતના સંચાલન માટે સક્ષમ છે. આ લાઇટ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ દ્વારા ઉત્તરપૂર્વી રાજ્યમાં પ્રાદેશિક કનેક્ટિવિટીમાં સુધારો થશે. આ ઉપરાંત, આ વિમાન પર્વતીય વિસ્તારોમાં નાના રનવે પર ઉડાન ભરવા અને લેન્ડ કરવા માટે પણ સક્ષમ છે. ●

વ્યક્તિત્વ | ડો. પાંડુરંગ વામન કાણે

# સંસ્કૃતના કર્મયોગી



જન્મઃ 7 મે, 1880 મૃત્યુઃ 18 એપ્રિલ 1972

**વીતેલી સદીઓમાં અનેક ઋષિ મુનિઓએ ભારતીય તત્વદર્શન, ધર્મ અને અધ્યાત્મમાં ક્રાંતિ સર્જી છે. તેમણે ઈતિહાસ રચ્યો છે એટલું જ નહીં પણ સમગ્ર વિશ્વમાં ભારતને આદર અપાવ્યો છે. વૈદિક ભાષા તરીકે સંસ્કૃતને આજે પણ વિશ્વની તમામ ભાષાઓની માતા માનવામાં આવે છે. ભારતની અત્યંત પ્રાચીન ધર્મ સંસ્કૃતિને વિશ્વભરમાં ભારે સન્માનથી જોવામાં આવે છે. સંસ્કૃતને પ્રચલિત કરવામાં મહાન ભારતીય સંસ્કૃતજ્ઞ અને વિદ્વાન પંડિત ડોક્ટર પાંડુરંગ વામન કાણેનાં અમૂલ્ય યોગદાનને ક્યારેય ભુલાવી નહીં શકાય....**

સંસ્કૃતને દેવોની ભાષા ગણવામાં આવે છે. આધુનિક ભારતમાં સંસ્કૃતના પ્રકાંડ પંડિત આંગળીનાં વેઢે ગણાય તેટલાં છે. કાણેનો જન્મ મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લામાં સાધારણ મધ્યમવર્ગીય રૂઢીચુસ્ત પરિવારમાં 7મે, 1880નાં રોજ થયો હતો. તેમનાં પિતા વામન શંકર કાણે તાલુકા અદાલતમાં વકીલ હતા. કાણેએ એસપીજી સ્કુલમાંથી હાઇસ્કુલની પરીક્ષા પાસ કરી અને જિલ્લામાં 23મા ક્રમે આવ્યા હતા. 1897માં તેઓ મેટ્રિક પાસ થયા. એ પછીનાં છ વર્ષોમાં તેમણે બીએ, એમએ, એલએલબી અને એલએલએમની પરીક્ષા પાસ કરી. તેમણે સાત વર્ષ સુધી સરકારી શાળાઓમાં ભણાવ્યું. પણ પ્રમોશનમાં પક્ષપાત થતાં સરકારી નોકરીમાંથી રાજીનામું આપી દીધું. એ પછી તેઓ બોમ્બે હાઇકોર્ટમાં વકીલાત કરવા લાગ્યા. ધર્મશાસ્ત્રના ઈતિહાસ પર લખેલા પુસ્તક બદલ તેમની ખૂબ પ્રશંસા થઈ. અહીં ધર્મનો અર્થ કાયદો છે. તેમણે પોતાનું સમગ્ર જીવન ધર્મશાસ્ત્ર ભણાવવામાં સમર્પિત કરી દીધું. તેમની આ મહાન રચનામાં છેલ્લાં 2400 વર્ષ દરમિયાન હિન્દુઓનાં ધાર્મિક અને દિવાની કાયદાઓનાં વિકાસની યાત્રાનું વર્ણન છે. આવું પુસ્તક કોઇએ લખ્યું નથી. તેમાં તેમણે કાયદાઓની વિકાસ યાત્રાનું વર્ણન કરીને તેની ઊંડી સમીક્ષા કરી છે.

આ પુસ્તકની રચના પાછળની વાત પણ રસપ્રદ છે. કાણેએ પોતે પણ નહોતું વિચાર્યું કે તેઓ ભારતીય ધર્મશાસ્ત્રનો ઈતિહાસ લખી નાખશે. તેઓ તો સંસ્કૃતમાં 'વ્યવહાર મયૂખ' નામનું પુસ્તક લખવામાં વ્યસ્ત હતા. આ પુસ્તક લખ્યા બાદ તેમનાં મનમાં વિચાર આવ્યો કે પુસ્કતકનો પરિચય પણ લખવો જોઇએ, જેથી વાચકોને ધર્મશાસ્ત્રના ઈતિહાસની ટૂંકી માહિતી મળી શકે. ધર્મશાસ્ત્રની ટૂંકી જાણકારી આપવાનાં પ્રયત્નમાં કાણે એક ગ્રંથથી બીજો ગ્રંથ, એક શોધમાંથી બીજી શોધ, એક માહિતીમાંથી બીજી માહિતી શોધતાં શોધતાં આગળ વધતાં ગયા અને એક પછી એક પાનાં લખતા ગયા. અને આ રીતે, નવું મોટું પુસ્તક તૈયાર થવા લાગ્યું અને ભારતીય જ્ઞાનનાં ઈતિહાસમાં મોટું કામ થઈ ગયું. ધર્મશાસ્ત્રના ઈતિહાસનો પ્રથમ ભાગ 1930માં પ્રકાશિત થયો. તેમણે ધર્મશાસ્ત્રના ઈતિહાસને પહેલાં અંગ્રેજીમાં લખ્યો અને પછી સંસ્કૃત અને મરાઠી ભાષામાં. ધર્મશાસ્ત્રના ઈતિહાસનાં એક પછી એક એમ કુલ પાંચ ભાગ પ્રકાશિત થયા. 1862માં પાંચમો ભાગ પ્રકાશિત થયો. 1930માં તેઓ 50 વર્ષનાં હતા ત્યારે ધર્મશાસ્ત્રના ઈતિહાસનો પ્રથમ ભાગ આવ્યો હતો. જ્યારે અંતિમ ભાગ આવ્યો ત્યારે તેઓ 82 વર્ષના હતા. લગભગ 6500 પાનાનાં ઐતિહાસિક પુસ્તક ઉપરાંત બીજાં અનેક પુસ્તક પ્રકાશિત થયા. તેમણે ઉત્તર રામચરિતથી માંડીને કાદંબરી, હર્ષચરિત, 'હિન્દુઓ કે રીતિરિવાજ' ઔર આધુનિક વિધિ અને 'સંસ્કૃત કાવ્યશાસ્ત્ર કા ઈતિહાસ' તેમની કૃતિઓ છે. તેમણે રચેલો જ્ઞાન કોશ અંગ્રેજી, સંસ્કૃત અને મરાઠી ભાષામાં 20,000થી વધુ પાનાઓમાં ઉપલબ્ધ છે. તેમણે ધર્મશાસ્ત્ર સંબંધિત તમામ વિષયો જેમ કે જ્યોતિષ, ગણિત અને પરિણામો, સાંખ્ય, યોગતંત્ર, પુરાણ, મીમાંસાનું વિવેચન કર્યું છે. કાણેએ કરેલી વિગતવાર સમીક્ષા અને તેમની રચનાનાં સત્તાવાર સ્વરૂપને જોતાં આજે પણ સરકારી તંત્રનાં વિવાદમાં દરેક પક્ષ પોતાને મજબૂત કરવા માટે કાણેના વિચારોનો આશરો લે છે. તેમનો અભિગમ ઉદાર, સમીક્ષાત્મક અને આધુનિક છે. તેમનું માનવું હતું કે, ધાર્મિક નિયમ કાયમી નથી હોતા. તેઓ છુતઅછૂત, વિધવાઓનાં મુંડન જેવી પ્રાચીન અને રૂઢીચુસ્ત પરંપરાઓનાં વિરોધી રહ્યા.

ડો. કાણે સંસ્કૃતના આચાર્ય, મુંબઇ યુનિવર્સિટીના કુલપતિ તથા વર્ષ 1953થી 1959 સુધી રાજ્યસભાના ચૂંટાયેલા સભ્ય રહ્યા. તેમણે પેરિસ, ઈસ્તંબુલ તથા કેમ્બ્રિજના સંમેલનોમાં ભારતનું પ્રતિનિધિત્વ પણ કર્યુ. સાહિત્ય અકાદમીએ 1956માં તેમને 'ધર્મશાસ્ત્ર કા ઈતિહાસ' પુસ્તક માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર અર્પણ કર્યો હતો. ભારત સરકાર તરફથી તેમને 'મહામહોપાધ્યાય 'ની ઉપમાથી નવાજવામાં આવ્યા હતા. ભારત સરકારે તેમને 1963માં દેશનાં સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ભારત રત્ન'થી સન્માનિત કર્યા હતા. ●

કેબિનેટના નિર્ણયો

# ફોર્ટિફાઇડ ચોખાથી સુનિશ્ચિત થશે પોષણ, ગ્રામ સ્વરાજ અભિયાન ચાલુ રાખવા મંજૂરી

**કેન્દ્ર સરકાર ગામડાં, ગરીબ અને જીવનમાં સુધારા માટે પ્રતિબધ્ધ છે. આ દિશામાં કેન્દ્રીય મંત્રીમંડળે 2024 સુધી તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તબક્કાવાર રીતે ફોર્ટિફાઇડ ચોખાનાં વિતરણને મંજૂરી આપી છે, જેથી મહિલાઓ, બાળકો અને સ્તનપાન કરાવાતી મહિલાઓને યોગ્ય પોષણ મળી રહે. મંત્રીમંડળે ગ્રામીણ સ્થાનિક સુધરાઈ એકમોનાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે સુધારેલા ગ્રામ સ્વરાજ અભિયાનને 31 માર્ચ, 2026 સુધી અને અટલ ઈનોવેશન મિશનને માર્ચ 2023 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે...**

- **નિર્ણય-** કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા અંતર્ગત લક્ષિત જાહેર વિતરણ પ્રણાલિ, ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ, પ્રધાનમંત્રી પોષણ, શક્તિ નિર્માણ-પીએમ પોષણ અને ભારત સરકારની અન્ય કલ્યાણ યોજનાઓ હેઠળ ફોર્ટિફાઇડ ચોખાનાં વિતરણને મંજૂરી આપી છે.
- **અસરઃ** ફોર્ટિફાઇડ ચોખાનું વિતરણ જૂન, 2024 સુધી તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તબક્કાવાર રીતે કરવામાં આવશે. ચોખાનાં ફોર્ટિફિકેશનનો રૂ. 2700 કરોડનો વાર્ષિક ખર્ચ ભારત સરકાર દ્વારા ભોગવવામાં આવશે. તેનાથી મહિલાઓ, બાળકો અને સ્તનપાન કરાવતી માતાઓને ફાયદો થશે. પૂરવઠા અને વિતરણ માટે પહેલાં જ 88.65 લાખ મેટ્રિક ટન ફોર્ટિફાઇડ ચોખાની ખરીદી કરી લેવામાં આવી છે.
- **નિર્ણયઃ** ગ્રામીણ સ્થાનિક સુધરાઈ એકમોનાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કેબિનેટે રૂ. 5,911 કરોડનાં ખર્ચે સુધારવામાં આવેલા રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનને 31 માર્ચ, 2026 સુધી મંજૂરી આપી.
- **અસરઃ** તેનાંથી 2.78 લાખથી વધુ ગ્રામીણ સ્થાનિક એકમોનાં સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો (SDG) સુધી પહોંચવામાં મદદ મળશે. આ ઉપરાંત, આર્થિક વિકાસની સાથે સાથે સમાનતા અને સમાવેશિતાને પ્રોત્સાહન મળશે અને સેવા વિતરણ અને પારદર્શિતા હાંસલ કરવામાં પણ મદદ મળશે. યોજના પાછળ રૂ. 5,911 કરોડનો ખર્ચ થશે.
- **નિર્ણયઃ** કેન્દ્રીય મંત્રીમંડળે અટલ ઈનોવેશન મિશનને માર્ચ 2023 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી
- **અસરઃ** અટલ ઈનોવેશન મિશનમાંથી હાંસલ થનારા લક્ષ્ય છે- 10,000 અટલ ટિન્કરીંગ લેબ, 101 અટલ અટલ ઈન્ક્યુબેશન સેન્ટર અને 50 અટલ કમ્યુનિટી ઈનોવેશન સેન્ટર્સની સ્થાપના. આ ઉપરાંત, અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જનાં માધ્યમથી 200 સ્ટાર્ટઅપને મદદ પૂરી પાડવામાં આવશે. આ સેન્ટર્સની સ્થાપના અને લાભાર્થીઓને મદદ કરવાની આ પ્રક્રિયામાં કુલ રૂ. 2,000 કરોડથી વધુનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે.



- **નિર્ણયઃ** કોલસા અને ઊર્જા સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે કેબિનેટે કોલ સેક્ટર એક્ટ 1957 હેઠળ હસ્તગત કરેલી જમીનનો ઉપયોગ કરવા માટે પોલિસીને મંજૂરી આપી
- **અસરઃ** જે જમીન વિસ્તારોમાં કોલસો કાઢવામાં આવ્યો છે, એ જમીનનો ફરીથી ઉપયોગ શરૂ કરવામાં આવશે, આને કારણે માઈનિંગ વગરની જમીનનું રક્ષણ કરવામાં આવશે. આ ઉપરાંત, કોલસા અને ઊર્જા માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ વિકસાવવામાં આવશે. આનાથી, સીધી અને આડકતરી રોજગારીનું સર્જન થશે અને પછાત વિસ્તારોમાં રોકાણને પ્રોત્સાહન મળશે. ●



# આત્મનિર્ભરતાના પાયા પર નવા ભારતનું નિર્માણ

**કોવિડ મહામારીના પ્રારંભમાં જ્યારે વિશ્વના દરેક દેશનું અર્થતંત્ર મુશ્કેલીમાં હતું, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'આપત્તિમાં અવસર' અને 'વોકલ ફોર લોકલ'ના મંત્ર સાથે 12 મે, 2020નાં રોજ આત્મનિર્ભર ભારત અભિયાનની શરૂઆત કરી હતી. તેનો હેતુ, ભારત અને તેનાં નાગરિકોને તમામ ક્ષેત્રોમાં સ્વતંત્ર અને આત્મનિર્ભર બનાવવાનો હતો. તેમણે આત્મનિર્ભર ભારતના પાંચ સ્તંભ- અર્થતંત્ર, માળખાકીય સુવિધા, વ્યવસ્થા, વાઈબ્રન્ટ ડેમોગ્રાફી અને માંગને ઓળખી કાઢ્યા. કેન્દ્ર સરકારે કૃષિ, તર્કસંગત કર પ્રણાલિ, સરળ અને સ્પષ્ટ કાયદો, સક્ષમ માનવ સંસાધન અને મજબૂત નાણાકીય પ્રણાલિ માટે સપ્લાય ચેઇનમાં સુધારો જેવા અનેક સાહસિક સુધારા કર્યા. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત જાહેર આર્થિક પેકેજે મુશ્કેલ સમયમાં અર્થતંત્રને ટેકો આપ્યો એટલું જ નહીં, પણ આ બે વર્ષમાં તે નવા ભારતનાં નિર્માણનો પાયો સાબિત થયું...**

કોવિડ જેવી સદીની સૌથી મોટી મહામારીના સમયમાં આપણે ત્રીજા લોકડાઉનમાં ઘરોમાં બંધ હતા ત્યારે બે શબ્દોનાં એક મંત્રએ દેશનો જુસ્સો ટકાવી રાખ્યો.. 'આત્મનિર્ભર ભારત.' મુશ્કેલીમાં ફસાયેલું અર્થતંત્ર, ઘરોમાં કેદ લોકો, અજાણી મહામારી, જેનાંથી બધાં ડરેલા હતા. આ બધાં વચ્ચે આ બે શબ્દોએ લોકોનું મનોબળ ટકાવી રાખ્યું. 12 મે, 2020નાં રોજ રાષ્ટ્રનાં નામે સંબોધન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારત અભિયાનની જાહેરાત કરતાં આશરે 20 લાખ કરોડ રૂપિયાનાં આર્થિક પેકેજની જાહેરાત કરી હતી. ત્યારે કોઈનાં મનમાં ભલે શંકા હોય, પણ વડાપ્રધાનના વિઝન અને કેન્દ્ર સરકારની તૈયારીઓને કારણે જ જાહેરાત કરતાં પહેલાં તેની સાથે સંકળાયેલા દરેક સેક્ટર અંગેની તમામ તૈયારીઓ પૂરી કરી લેવામાં આવી હતી. બીજા દિવસે 13મેનાં રોજ નાણા મંત્રી નિર્મલા સીતારામને દેશ સમક્ષ તેની રૂપરેખા રજૂ કરી. ત્યારે કોઈએ વિચાર્યું પણ નહોતું કે 'આત્મનિર્ભરતા' વિશ્વનો સૌથી ચર્ચિત શબ્દ બની જશે અને ઓક્સફર્ડ ડિક્શનરીમાં 'આત્મનિર્ભરતા' શબ્દને 'વર્ડ ઓફ ધ યર' જાહેર કરવામાં આવશે. વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રનીતિના આ વિઝનને સાકાર કરવા માટે સમગ્ર દેશ એક થઈ ગયો.

આત્મનિર્ભર ભારતની દિશામાં આજે નવું ભારત સામૂહિકતાની તાકાત સાથે આગળ વધી રહ્યું છે. એટલાં માટે જ આજે વિશ્વ ભારતને મેન્યુફેક્ચરિંગ પાવર હાઉસ તરીકે જોઈ રહ્યું છે. 'મેક ઈન ઈન્ડિયા' અને આત્મનિર્ભર ભારત બનાવવા માટે સતત સકારાત્મક પહેલ કરી રહેલી કેન્દ્ર સરકારે આ દિશામાં અપાર

# આવી રીતે શરૂ થઈ આત્મનિર્ભરતાની ઉડાન...

કોવિડે જનજીવન જ નહીં, દેશની આર્થિક પ્રગતિ પર પણ બ્રેક મારી ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેને પુનઃ ગતિ આપવા માટે આત્મનિર્ભર ભારત પેકેજની જાહેરાત કરી. નાણા મંત્રી નિર્મલા સીતારામને 13મેથી 17 મે, 2020 સુધી પાંચ તબક્કામાં 20.97 લાખ કરોડનાં આત્મનિર્ભર પેકેજ 1.0 ની રૂપરેખા દેશ સમક્ષ રજૂ કરી. 12 ઓક્ટોબર, 2020નાં રોજ રૂ. 73,000 કરોડનાં આત્મનિર્ભર પેકેજ 2.0 અને 12 નવેમ્બર 2020નાં રોજ રૂ. 2.65 લાખ કરોડનાં આત્મનિર્ભર ભારત પેકેજ 3.0 ની જાહેરાત કરી. આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગત કયા તબક્કામાં શું મળ્યું અને દેશનાં અર્થતંત્ર પર તેની શી અસર પડી તે સમજીએ....



### સમાજનાં દરેક વર્ગનો ખ્યાલ

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ**
રૂ. 1,92,800 **કરોડ**

**આત્મનિર્ભર ભારત અભિયાન 1.0**
રૂ. 11,02,650 **કરોડ**

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અન્ન યોજના** રૂ. 82,911 **કરોડ**

**આત્મનિર્ભર ભારત અભિયાન 2.0**
રૂ. 73,000 **કરોડ**

**આત્મનિર્ભર ભારત અભિયાન 3.0**
રૂ. 2,65,080 **કરોડ**

**રિઝર્વ બેન્ક દ્વારા જાહેર થયેલાં પગલાં** રૂ. 12,71,200 **કરોડ**

**કુલ રૂ. 29,87,641 કરોડ**

નોંધ: પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના ત્રણ મહિના માટે હતી. એ પછી ક્રમશઃ તેને લંબાવવામાં આવી. તાજેતરમાં કેબિનેટે તેને સપ્ટેમ્બર, 2022 સુધી તેનાં છઠ્ઠા તબક્કાને મંજૂરી આપી છે. 80 કરોડ લોકોને મફત રેશન માટે રૂ. 2.60 લાખ કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે. આગામી છ મહિનામાં તેની પાછળ વધુ રૂ. 80,000 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## 60થી વધુ દેશોનાં ભારતીય મિશન અને દૂતાવાસમાં આત્મનિર્ભર ભારત કોર્નર

જનજાતિય કાર્ય મંત્રાલય દ્વારા લોકસભામાં આપવામાં આવેલી માહિતી પ્રમાણે, 14 જીઆઈએસ ટેગ ધરાવતી જનજાતિય ચીજોને વિદેશોમાં 63 ભારતીય મિશન અને દૂતાવાસોને આત્મનિર્ભર ભારત કોર્નર માટે મોકલવામાં આવી છે. તેમાં, ફેબ્રુઆરી, 2022 સુધી 40થી વધુ સ્થળો પર પ્રદર્શિત કરવામાં આવી હતી.

સંભાવનાઓ પેદા કરી છે. મેક ઇન ઇન્ડિયા અને દરેક ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર બને તે સમયની માંગ છે. ભારતમાં ઉત્પાદન પ્રવૃત્તિ શરૂ કરવા અને તેને ચલાવવામાં 'કોમ્પ્લાયન્સ' સૌથી મોટો અવરોધ છે. આ કારણસર જ વર્તમાન સરકારે કોરોના મહામારી દરમિયાન અને તેનાં પછી 25,000થી વધુ કોમ્પ્લાયન્સને નાબૂદ કર્યા છે, લાઇસન્સના ઓટો રીન્યુઅલની વ્યવસ્થા શરૂ કરી છે. ભારત સરકાર ઉદ્યોગોમાં સતત સુધારાઓ હાથ ધરી રહી છે, અને તેની અસર પણ જોવા મળી રહી છે. મોટાં સ્તરનાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટેની પીએલઆઈ યોજનામાં ડિસેમ્બર 2021 સુધી એક લાખ કરોડ રૂપિયાનાં ઉત્પાદનનો લક્ષ્યાંક પાર થઈ ચૂક્યો

# આત્મનિર્ભરતા તરફ આગળ વધતાં ડગ



### ભારતે 48 દેશોને પીપીઈ બોડી કવરઓલ્સ અને એન-95 માસ્ક પૂરાં પાડ્યા

ભારત પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ એટલે કે પીપીઈ કિટ બનાવનાર વિશ્વનો બીજો મોટો દેશ બન્યો. પહેલાં તો ભારતમાં ભાગ્યે જ તેનું ઉત્પાદન થતું હતું. ભારતની આગળ માત્ર ચીન જ છે. લોકસભામાં કાપડ મંત્રાલય તરફથી આપવામાં આવેલી માહિતી પ્રમાણે દેશમાં એપ્રિલ-ડિસેમ્બર 2020 દરમિયાન છ કરોડ પીપીઈ બોડી કવરઓલ્સ અને 15 કરોડ એન-95 માસ્કનું ઉત્પાદન કરવામાં આવ્યું. દેશમાં પીપીઈ બોડી કવરઓલ્સ માટે 1100 ઉત્પાદકો અને એન-95 માસ્ક માટે 200 ઉત્પાદકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. દેશમાં પીપીઈ બોડી કવરઓલ્સની ઉત્પાદન ક્ષમતા પ્રતિ દિન 4.5 લાખ અને એન-95 માસ્કની ઉત્પાદન ક્ષમતા 32 લાખ પ્રતિ દિન પહોંચી ગઈ છે. દેશમાં આ નવા ઉદ્યોગનું સરેરાશ બજાર રૂ. 7,000 કરોડે પહોંચી ગયું છે. વિશ્વનાં 48 દેશોને કોરોના મહામારી દરમિયાન પીપીઆઈ બોડી કવરઓલ્સ અને એન-95 માસ્ક પૂરાં પાડવામાં આવ્યા હતા.

### જીએસટી વસૂલાતમાં વિક્રમ

માર્ચ, 2022માં રૂ. 1.42 લાખ કરોડની વિક્રમ જીએસટી વસુલાત થઈ છે, જેણે જાન્યુઆરી, 2022માં થયેલી રૂ. 1,40,986 લાખ કરોડની વસુલાતનો વિક્રમ તોડ્યો છે. માર્ચ 2022ની આવક માર્ચ 2021ની આવક કરતાં 15% વધુ અને માર્ચ 2020નાં જીએસટી કરતાં 46% વધુ છે. નાણાકીય વર્ષ 2021-22માં આ પાંચમી વાર એવું બન્યું કે જ્યારે જીએસટી વસૂલાતનો આંક રૂ. 1.30 લાખ કરોડને પાર થયો હોય.

### હાલમાં વિશ્વમાં સૌથી ઝડપી જીડીપી વિકાસ દર ભારતનો છે

કોરોના મહામારીનાં મુશ્કેલ સમયમાં કેન્દ્ર સરકારની દીર્ઘદ્રષ્ટિને પરિણામે કડક લોકડાઉન બાદ -23.9% નીચે જતાં રહેલા જીડીપી વૃધ્ધિ દરને પોઝિટિવ ઝોનમાં લાવવામાં આવ્યો એટલું જ નહીં પણ વિશ્વભરનાં આર્થિક નિષ્ણાતોએ ભારતમાં મંદીની કરેલી આગાહીને ખોટી પાડી. ઓક્ટોબર-ડિસેમ્બર 2021 ક્વાર્ટરમાં જીડીપી વૃધ્ધિ દર 5.4% થયો હતો. વિશ્વમાં આ દર સૌથી વધુ છે. કેન્દ્ર સરકારે 2021-22 માટે પ્રથમ અગ્રીમ અંદાજ 9.2% મૂક્યો છે.

## વિક્રમ એફડીઆઇ સાથે વૈશ્વિક સમુદાયનો વધતો ભરોસો

સરકાર દ્વારા રોકાણકારલક્ષી એફડીઆઈ નીતિ અને વૈશ્વિક સમુદાયનાં વધતા ભરોસાને કારણે એફડીઆઈ પ્રવાહ વધીને નવા વિક્રમ સ્તરે પહોંચી ગયો છે. ભારતમાં એફડીઆઈ પ્રવાહ વર્ષ 2014-15માં 45.14 અબજ અમેરિકન ડોલર નોંધાયો ત્યારથી સતત વધારો થઈ રહ્યો છે. ભારતમાં વર્ષ 2020-21માં 81.97 અબજ અમેરિકન ડોલર (કામચલાઉ)નો અત્યાર સુધીનો સૌથી વધુ વાર્ષિક એફડીઆઈ પ્રવાહ નોંધાયો, જે અગાઉનાં વર્ષની સરખામણીમાં 10 ટકા વધારો સૂચવે છે. વર્ષ 2021-22નાં પ્રથમ છ મહિનામાં એફડીઆઈ પ્રવાહ ચાર ટકા વધીને 42.86 અબજ ડોલરનાં સ્તરે પહોંચી ગયો, જ્યારે ગયા વર્ષનાં સમાન સમયગાળામં તે 41.37 અબજ ડોલર હતો. છેલ્લાં સાત નાણાકીય વર્ષ (2014-21) દરમિયાન ભારતમાં 440.27 અબજ અમરિકન ડોલરનો એફડીઆઈ પ્રવાહ નોંધાયો, જે છેલ્લાં 21 વર્ષ દરમિયાન ભારતમાં નોંધાયેલા કુલ એફડીઆઈ (763.83 અબજ ડોલર)નાં લગભગ 58 ટકા છે.

છે. 14 સેક્ટરમાં પીએલઆઈ યોજનાનું અમલીકરણ મહત્વનાં તબક્કામાં છે. આત્મનિર્ભર ભારતની ઝલક આ વખતનાં સામાન્ય બજેટમાં પણ જોવા મળી છે. બજેટ બાદ તેનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "આ બજેટમાં આત્મનિર્ભર ભારત અને મેક ઈન્ડિયા અંગે જે નિર્ણય લેવામાં આવ્યા છે, તે આપણા ઉદ્યોગ અને અર્થતંત્ર બંને માટે ઘણાં મહત્વનાં છે. મેક ઈન ઈન્ડિયા અભિયાન આજે 21મી સદીનાં ભારતની જરૂર છે અને તે આપણને આપણી તાકાત બતાવવાની તક પૂરી પાડે છે. ભારત જેવો વિશાળ દેશ માત્ર એક બજાર બનીને રહી જાય તો ભારત ક્યારેય પ્રગતિ નહીં કરી શકે, અને આપણી યુવા પેઢીને તક પણ નહીં આપી શકે."

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વેપારીઓ સાથે સંવાદ કરે, વિવિધ સેક્ટરનાં હિતધારકો સાથે વેબિનાર કરે કે પછી યુવાનો સાથે ચર્ચા કરતા હોય, તેઓ ભારતની જરૂરિયાતો માટે વિદેશો પર અવલંબન



# ભારતની નિકાસ પ્રથમ વાર 400 અબજ ડોલરને પાર

ભારતે નાણાકીય વર્ષ 2021-22માં કોમર્શિયલ વસ્તુઓની નિકાસમાં નવો વિક્રમ નોંધ્યો છે, જેમાં ઇલેક્ટ્રિક ડેટા એક્સચેન્જ નહીં કરનારા પોર્ટના આંકડાનો સમાવેશ નથી થતો. એ આંકડાને પણ જોડી દઈએ તો નિકાસનો આંક 418 અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી જાય છે. આ 12 મહિના દરમિયાન નિકાસ 30 અબજ અમેરિકન ડોલરથી ઉપર રહી છે, જ્યારે માર્ચ 2022માં 40.38 અબજ ડોલરની નિકાસ કરી, જે માર્ચ 2021નાં 35.26 અબજ અમેરિકન ડોલરની સરખામણીમાં 14.53 ટકા વધુ અને માર્ચ 2020નાં 21.49 અબજ અમેરિકન ડોલરની સરખામણીમાં 87.89 ટકા વધુ છે.

### આગામી લક્ષ્ય- 2 ટ્રિલિયન ડોલર

- 2027 સુધી 2 ટ્રિલિયન ડોલરની નિકાસ સુધી પહોંચવા માટે ટ્રેડ પ્રમોશન એજન્સી સ્થાપના
- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય મિશન અને કોમોડિટી બોર્ડ સાથે વાતચીત ચાલુ. નાણાકીય વર્ષ 2021-22નાં રેકોર્ડ 417 અબજ ડોલરનાં નિકાસના આંકડાને સ્પર્શ્યા બાદ અંદાજ કરતા વધુ નિકાસ થઇ હોય તેવા દેશો પર ફોકસ

### મોબાઇલ હેન્ડસેટ ઉત્પાદનમાં ભારત હવે બીજા ક્રમે

- 2014-2015માં 6 કરોડ સેટ અને રૂ.19,000 કરોડનાં મોબાઇલ ફોનનું ઉત્પાદન થયું હતું, જે 2020-21માં વધીને 30 કરોડ સેટ થયું હતું. 2014માં સેલ્યુલર ફોન અને સ્પેરપાર્ટ્સનાં ઉત્પાદનની માત્ર બે ફેક્ટરી જ હતી, જે 2021માં વધીને 200 થઈ ગઈ.

## વિદેશી હૂંડિયામણ અનામતમાં વિશ્વમાં ચોથા ક્રમે

**નવેમ્બર 2021 સુધી ચીન, જાપાન અને સ્વિત્ઝર્લેન્ડ બાદ ભારત વિશ્વમાં ચોથી સૌથી મોટી વિદેશી હૂંડિયામણની અનામત ધરાવતો દેશ બની ગયો.**



**(આંકડા અબજ ડોલરમાં 31 ડિસેમ્બર, 2021 સુધીનાં)**

**14 મેન્યુફેક્ચરિંગ સેક્ટર્સમાં પીએલઆઇ યોજનાને સારો પ્રતિસાદ સાંપડ્યો છે. તેમાં 60 લાખ નવા રોજગાર સર્જન કરવાની ક્ષમતા છે. આગામી પાંચ વર્ષોમાં 30 લાખ કરોડ રૂપિયાનાં વધુ ઉત્પાદનની ક્ષમતા છે.**

## આઈઆઈપીમાં વધારો

- એપ્રિલ-નવેમ્બર 2021 દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદનનો સૂચકાંક (આઇઆઇપી) વધીને 17.4 ટકા (વર્ષ પ્રતિ વર્ષ) થયો હતો, જે એપ્રિલ-નવેમ્બર 2021માં (-)15.3 ટકા હતો.

## રોજગારની નવી તકો

- આત્મનિર્ભર ભારત પેકેજ 3.0 અંતર્ગત ભારત રોજગાર યોજનાની જાહેરાત કરવામાં આવી, જે 1 ઓક્ટોબર, 2020થી લાગુ છે.
- પ્રારંભિક 10 મહિનાના ઇપીએફઓ ડેટા પ્રમાણે આ યોજના હેઠળ 32.9 લાખ રોજગારીનું સર્જન થયું. આ યોજનાથી 58.5 લાખ કર્મચારીઓને લાભ થશે.
- 31 માર્ચ, 2024 સુધી આ યોજના પર રૂ. 22,810 કરોડનો ખર્ચ થશે. આ યોજના માટે ચાલુ નાણાકીય વર્ષમાં સરકારે રૂ. 6400 કરોડનું બજેટ રાખ્યું છે.

ઘટાડવા, સ્વદેશીને પ્રોત્સાહન આપવા અને દેશમાં ઉત્પાદિત સંરક્ષણ, કૃષિ ઉપકરણો સહિત અનેક વસ્તુઓની આયાત પર પ્રતિબંધ લગાવીને આત્મનિર્ભરતા પર સતત ભાર મૂકી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, આત્મનિર્ભર બનીને દેશમાં જ જરૂરિયાતો પૂરી થાય અને નિકાસમાં પણ કઇ રીતે આગળ વધીએ એ આજે દેશની પ્રાથમિકતા છે. જ્યારે આપણે દેશમાં જ ઉત્પાદિત ચીજ ખરીદીએ છીએ, વોકલ ફોર લોકલ બનીએ છીએ, આત્મનિર્ભર ભારતને ગતિ આપીએ છીએ ત્યારે પણ આપણી ફરજનું જ પાલન કરતા હોઇએ છીએ. ભારત જે ઝડપથી આત્મનિર્ભરતા હાંસલ કરી રહ્યું છે તેનાં પર દરેક ભારતીય ગર્વ અનુભવી રહ્યો છે. પીપીઇ કિટનું નિર્માણ, યુપીઆઇ, રૂપે પેમેન્ટ ગેટવે અથવા સંરક્ષણ સાધનોનું ઉત્પાદન એમ દરેક બાબતમાં ભારતે વૈશ્વિક સ્તરે ડંકો વગાડ્યો છે. આનાથી એ સુનિશ્ચિત થાય છે કે આ પ્રગતિથી દરેક ભારતીય અને રાષ્ટ્રને લાભ મળી રહ્યો છે. ●

## પૂર્વોત્તરમાં નવી સવાર

# ત્રણ રાજ્યોનાં અનેક વિસ્તારો AFSPAની બહાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં દૂરદર્શી નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સતત પ્રયાસોથી ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં એવા અનેક પગલાં લેવામાં આવ્યા, જેનાથી સલામતીની સ્થિતિમાં ઘણો સુધારો થયો છે અને વિકાસમાં ઝડપ આવી છે. 2014ની સરખામણીમાં 2021માં ત્રાસવાદની ઘટનાઓમાં 74 ટકાનો ઘટાડો થયો છે. એ જ રીતે, આ સમયગાળામાં સલામતી કર્મચારીઓ અને નાગરિકોનાં મૃત્યુમાં અનુક્રમે 60 ટકા અને 84 ટકાનો ઘટાડો થયો છે.
-અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં સતત પ્રયાસ અને તેમની પ્રતિબધ્ધતાને પરિણામ પૂર્વોત્તર ભારતમાં જોવા મળી રહ્યાં છે. દાયકાઓથી વિકાસ અને મુખ્યધારાથી ઉપેક્ષિત પૂર્વોત્તર વિસ્તાર હવે શાંતિ, સમૃધ્ધિ અને અભૂતપુર્વ વિકાસનાં નવા યુગની સાબિતી બની રહ્યો છે. સરકારે પૂર્વોત્તરનાં વિકાસમાં રોડા નાખનારા બળવાખોરો માટે સમર્પણનો માહોલ ઊભો કર્યો, બળવાની ઘટના ઓછી થઈ તો અશાંત ક્ષેત્રમાં પણ ક્રમશઃ ઘટાડો કરવામાં આવ્યો. હવે, નાગાલેન્ડ, આસામ અને મણિપુરનાં અનેક જિલ્લાઓ અને પોલિસ મથકોમાંથી સશસ્ત્ર દળ વિશેષ અધિકાર કાયદો (AFSPA) ઉઠાવી લેવામાં આવ્યો છે...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારત સરકારે પૂર્વોત્તરમાં બનતી ઉગ્રવાદની ઘટનાઓ, સલામતીની સ્થિતિમાં સુધારા વચ્ચે દાયકાઓ બાદ નાગાલેન્ડ, આસામ અને મણિપુરમાં સશસ્ત્ર દળ વિશેષ અધિકાર કાયદો (AFSPA) અંતર્ગત અશાંત વિસ્તારોમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. તેનાથી અફસ્પા અંતર્ગત આવનારા વિસ્તારોમાં ઘટાડો થયો છે. પૂર્વોત્તરમાં ઉગ્રવાદ સમાપ્ત કરવા અને કાયમી શાંતિ લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વિઝનને ઝડપથી પૂરું કરવા માટે પૂર્વોત્તર રાજ્યોમાં કરવામાં આવેલી સમજૂતિને પગલે આ નિર્ણય લેવાયા હોવાનું માનવામાં આવે છે. શાંતિપૂર્ણ અને સમૃધ્ધ ઉત્તર-પૂર્વ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પરિકલ્પનાને સાકાર કરવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ઉત્તર-પૂર્વનાં તમામ રાજ્યો સાથે સતત સંવાદ કર્યો. તેનાં પરિણામે પૂર્વોત્તરના મોટા ભાગનાં ઉગ્રવાદી જૂથો દેશનાં બંધારણ અને

# 2015થી જ પૂર્વોત્તરના રાજ્યોમાં AFSPA હટાવવાની શરૂઆત થઈ હતી

- સલામતીની સ્થિતિ સુધરવાથી 2015માં ત્રિપુરા અને 2018માં મેઘાલયમાંથી AFSPA હેઠળ અશાંત વિસ્તાર જાહેરનામું સંપૂર્ણપણે દૂર કરી દેવામાં આવ્યું હતું.
- સમગ્ર આસામમાં વર્ષ 1990થી અશાંત વિસ્તાર જાહેરનામું લાગુ છે, પણ મોદી સરકારનાં સાત વર્ષનાં પ્રયત્નોને કારણે સલામતીની સ્થિતિ સુધરી છે. તેને ધ્યાનમાં રાખીને 1 એપ્રિલ 2022થી આસામના 23 જિલ્લામાંથી સંપૂર્ણ રીતે અને એક જિલ્લામાં AFSPA આંશિક રીતે હટાવવામાં આવ્યો હતો.
- સમગ્ર મણિપુર (ઇમ્ફાલ નગરપાલિકા વિસ્તારને બાદ કરતાં)માં અશાંત વિસ્તાર જાહેરનામું 2004થી અમલી છે. 1 એપ્રિલ, 2022થી 6 જિલ્લાના 15 પોલિસ સ્ટેશન વિસ્તારોને અશાંત વિસ્તાર જાહેરનામાથી બહાર કરવામાં આવ્યો.
- સંપૂર્ણ નાગાલેન્ડમાં અશાંત વિસ્તાર જાહેરનામું 1995થી લાગુ છે. કેન્દ્ર સરકારે આ સંદર્ભમાં રચેલી સમિતિએ તબક્કાવાર રીતે AFSPA હટાવવા કરેલી ભલામણને સ્વીકારી લેવામાં આવી છે. નાગાલેન્ડમાં 1 એપ્રિલ, 2022થી 7 જિલ્લાનાં 15 પોલિસ સ્ટેશનોમાંથી અશાંત વિસ્તાર જાહેરનામું હટાવી લેવામાં આવ્યું છે.
- અરૂણાચલ પ્રદેશમાં 2015માં 3 જિલ્લા, અરૂણાચલ પ્રદેશથી આસામ સંલગ્ન 20 કિમીનો પટ્ટો અને અન્ય 9 જિલ્લાનાં 16 પોલિસ સ્ટેશન વિસ્તારમાં AFSPA લાગુ હતો. તેને ક્રમશઃ ઘટાડતાં હાલમાં માત્ર 3 જિલ્લા અને અન્ય એક જિલ્લામાં બે પોલિસ સ્ટેશન વિસ્તારમાં જ આ કાયદો લાગુ છે.


## સરહદની સમસ્યાઓ ઉકેલાઈ રહી છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે પૂર્વોત્તરને અષ્ટલક્ષ્મી કહે છે તે પૂર્વોત્તર હવે વિવાદમુક્ત થઈ રહ્યો છે. ઉગ્રવાદી સંગઠનો સરકારની નીતિઓ અને નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. અહીંના રાજ્યો વચ્ચે ચાલી રહેલા સરહદી વિવાદ પણ ઉકેલાવા લાગ્યા છે. આસામ અને મેઘાલય વચ્ચે ચાલી રહેલા આશરે 50 વર્ષ જૂના સરહદ વિવાદનાં 12માંથી 6 વિસ્તારોનાં વિવાદ ઉકેલવા માટે આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા અને મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે સંગમાએ 29 માર્ચનાં રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની હાજરીમાં સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા.

### અશાંત વિસ્તાર

અશાંત વિસ્તાર એટલે એવો વિસ્તાર જ્યાં શાંતિ જાળવવા માટે સૈનિક દળોનો ઉપયોગ જરૂરી છે. કાયદાની ત્રીજી કલમ અંતર્ગત કોઈ પણ વિસ્તારને વિવિધ ધાર્મિક, વંશીય, ભાષા કે પ્રાદેશિક જૂથનાં સભ્યો વચ્ચે મતભેદ કે વિવાદોનાં કારણે અશાંત જાહેર કરી શકાય છે.

## પૂર્વોત્તરમાં ઘટતો બળવો




આંકડા* 15 નવેમ્બર 2021 સુધીનાં

મોદી સરકારની નીતિઓમાં વિશ્વાસ વ્યક્ત કરતા સમર્પણ કરી રહ્યા છે. તેઓ બધાં લોકશાહીનો હિસ્સો બનીને ઉત્તર પૂર્વની શાંતિ અને વિકાસમાં સહભાગી બની રહ્યાં છે. 2019થી 2022 દરમિયાન 6900થી વધુ હથિયારધારીઓએ સમર્પણ કર્યું છે. 4800થી વધુ શસ્ત્રો કાનૂની સત્તાવાળા સમક્ષ સરન્ડર કરવામાં આવ્યા. એ બહુ મોટી સફળતા છે.

### કાયમી શાંતિ માટે અનેક સમજૂતિઓ પર હસ્તાક્ષર

પૂર્વોત્તરમાં શાંતિની શરૂઆત ઓગસ્ટ 2019માં ત્રિપુરાથી થઈ હતી. અહીંનાં ઉગ્રવાદીઓને સમાજનાં મુખ્ય પ્રવાહમાં લાવવા માટે NLFT(SD) સમજૂતિ કરવામાં આવી. આ સમજૂતિ બાદ, જેટલાં પણ શસ્ત્રધારી હતા તેઓ શરણે આવ્યા હતા. તેણે ત્રિપુરાને શાંત રાજ્ય બનાવવામાં મોટું યોગદાન આપ્યું. એ પછી, 27 જાન્યુઆરી, 2020થી આસામમાં નવી શરૂઆત થઈ, જ્યાં ઐતિહાસિક સમજૂતિને પગલે પાંચ દાયકા જૂની બોડો સમસ્યાનું સમાધાન થયું. આજે બોડોલેન્ડ અત્યંત શાંત વિસ્તાર તરીકે ઓળખાય છે અને આ વિસ્તાર વિકાસનાં માર્ગે ચાલી રહ્યો છે. આ જ રીતે, 4 સપ્ટેમ્બર, 2021નાં રોજ કાર્બી-આંગલોંગ સમજૂતિ સાથે લાંબા સમયથી ચાલી રહેલા આસામના કાર્બી વિસ્તારનાં વિવાદનો અંત આવ્યો. આ સમજૂતિમાં આશરે 1,000થી વધુ સશસ્ત્ર કેડરે સરેન્ડર કર્યું હતું. 16 જાન્યુઆરી, 2020નાં રોજ 23 વર્ષ જૂના બ્રુ-રિઆંગ શરણાર્થી સમસ્યાને ઉકેલવા સમજૂતિ થઈ હતી. આ અંતર્ગત 37,000 આંતરિક વિસ્થાપિતોનું પુનર્વસન ત્રિપુરામાં કરવામાં આવી રહ્યું છે, જેઓ પહેલાં મુશ્કેલ જીવન જીવતા હતા. 29 માર્ચ, 2022નાં રોજ આસામ અને મેઘાલય રાજ્યની સરહદના સંદર્ભમાં એક સમજૂતિ થઈ હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વોત્તર રાજ્યોમાં વિકાસ અને કાયમી શાંતિના એજન્ડાને પ્રાથમિકતા આપી અને એક્ટ ઈસ્ટને પોલિસી સેન્ટર બનાવવાનાં વિઝન પર ઝડપથી કામ કર્યું તેની અસર અહીં બળવાની સંખ્યામાં ઘટાડો અને જીવનને સરળ કરનારા વિકાસના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. ●



# સુશાસન દ્વારા સ્વાવલંબનનો નવો માર્ગ

**કોઈ પણ સામાન્ય નાગરિકના જીવનમાં ત્રણ બાબતો મહત્વપૂર્ણ હોય છે- સ્વાવલંબન, સ્વમૂલ્યાંકન અને સ્વાભિમાન. મહાત્મા ગાંધીએ પણ સત્ય, અહિંસા, સત્યાગ્રહ સાથે સ્વાવલંબનનાં વિચારો દ્વારા દેશને નવો માર્ગ ચિંધ્યો હતો. તેમનાં માર્ગ પર ચાલીને સ્વચ્છ, સમૃધ્ધ અને સશક્ત નવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. દેશમાં જનહિતની યોજનાઓને અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડીને જનભાગીદારી દ્વારા સુરક્ષિત-સ્વાભિમાની અને સ્વાવલંબી ભારતની એવી વ્યવસ્થા તૈયાર થઈ રહી છે, જે લોકોની જિંદ ગીને સરળ અને જીવન ધોરણમાં સુધારો કરી રહી છે. આ માટે કેન્દ્ર સરકારની વિવિધ પહેલથી સામાન્ય માણસને સુવિધાઓ મળી રહી છે અને એવું વાતાવરણ બની રહ્યું છે જેમાં દેશનો સામાન્ય નાગરિક નોકરી માંગનારને બદલે નોકરી આપનાર બની રહ્યો છે અને આ રીતે સ્વાવલંબનનો મંત્ર સાકાર થઈ રહ્યો છે....**





ઉત્તરપ્રદેશનાં નોઇડાનો અંકિત હંમેશા કંઇક મોટું કરવાનું સપનું જોતો હોતો. અંકિતના આ સપનાને સ્ટેન્ડ અપ ઇન્ડિયાએ પાંખો આપી. આ યોજના અંતર્ગત તેણે 70 લાખ રૂપિયાની લોન લઇને પ્રિન્ટર કાર્ટ્રિજનાં રિસાઇકલિંગનું કામ શરૂ કર્યું. અંકિત કહે છે, "જે કામ પહેલાં અમે વેપારને આગળ વધારવા માટે નહોતા કરી શકતા, તે હવે બેન્ક અને સરકારની મદદથી શક્ય બની રહ્યું છે. અમે એ તમામ ઉપકરણો ખરીદીને અમારું કામ આગળ વધારી રહ્યા છીએ." આ જ રીતે સમીના યાસિમે એમ્બ્રોઇડરી યુનિટ સ્થાપવા માટે 14 લાખ રૂપિયાની લોન લીધી. પહેલાં તે હાથથી ભરતકામ કરતી હતી, જેમાં બહુ ઓછી આવક થતી હતી. આજે સ્ટેન્ડ અપ ઇન્ડિયાની મદદથી તેમણે ભરતકામનાં મશીનો ખરીદ્યા, જેનાથી તેમનાં વેપારની નાણાકીય સ્થિતિ સુધરી રહી છે. મહારાષ્ટ્રની સ્વાતિ રાહુલ ધુંડલેએ અનાજ ફિલ્ટર સ્થાપવા માટે 10 લાખ રૂપિયાની લોન લીધી. તે ખેડૂતો પાસેથી અનાજ ખરીદીને તેને ફિલ્ટર

> 2014થી આઠ વર્ષમાં વિકાસકીય ખર્ચ પેટે રૂ. 91 લાખ કરોડ ખર્ચાયા. 2004-14 દરમિયાન રૂ. 49.2 લાખ કરોડ ખર્ચાયા હતા

કરશે અને પછી સારા ભાવે વેચશે. અંકિત અને સમીના ગણ્યા ગાંઠ્યા ઉદાહરણો નથી. સ્ટેન્ડ અપ ઇન્ડિયાએ, ખાસ કરીને મહિલાઓ, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના સંભવિત ઉદ્યોગ સાહસિકોમાં આશા, આકાંક્ષાઓ અને અપેક્ષાઓ જગાવી છે. પહેલાં તેમને પોતાના સપનાં સાકાર કરવા માટે પડકારોનો સામનો કરવો પડતો હતો, પણ આજે સ્ટેન્ડ અપ ઇન્ડિયા યોજના તેમના સપનાને પાંખો આપી રહી છે.

કોઇ પણ શરૂઆતનો એક ઇતિહાસ હોય છે. મહિલા ઉદ્યોગસાહસિક બનેલાં પુષ્પા બનસોડે પણ ચહેરા પર સ્મિત રેલાવતા કહે છે, "હું મારા પરિવારની પ્રથમ સભ્ય છું, જે વેપાર કરવા માંગતી હતી. આ માટે મારે પૈસાની જરૂર હતી અને પછી મને મુદ્રા યોજનામાંથી લોન મળી, જેમાં વ્યાજ ઓછું અને ફાયદો વધુ છે. આજે મારી પાસે પોતાની ફેક્ટરી છે અને મારી પેઢીઓમાંથી આજ સુધી કોઇએ નથી કરી બતાવ્યું એ મેં કરી બતાવ્યું છે." નવી મુંબઇમાં રહેતાં પુષ્પાની સંઘર્ષમાંથી સફળતાની કહાની આજે પ્રેરણા બની ગઇ છે. તેને પોતાનું સપનું પૂરું કરવા માટે 'પ્રધાનમંત્રી મુદ્રા યોજના' દ્વારા જરૂરિયાત પ્રમાણેનું ધિરાણ મળ્યું.  આ યોજના દ્વારા દેશની નારી શક્તિ આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ વધારી રહી છે. પંજાબના દોલતાબાદમાં રહેતી દયા રાની કહે છે, "પહેલાં મારી પાસે સમય ઓછો હતો, પણ મુદ્રા લોન લીધાં પછી દુકાનનું કામ શરૂ કર્યું અને બુટિકનું વિસ્તરણ કર્યું. મને ખુશી છે કે સરકાર પાસેથી મને મદદ મળી. સરકારે મારો હાથ પકડીને મદદ કરી." આવી જ એક લાભાર્થી અંજનાએ બે લાખ રૂપિયાનું ધિરાણ લીધું છે. તે કહે છે, "હવે હું મશીન અને કાચો માલ સરળતાથી લઈ શકું છું. આ માટે મારે બીજા બે લોકોની પણ જરૂર પડશે. તેમને રોજગાર મળશે. મારું કામ વધશે તો દેશનો પણ વિકાસ થશે." મધ્યપ્રદેશનાં પન્નાની તસ્મીન ઉસ્માની પણ બિઝનેસ માટે મુદ્રા યોજનાથી મળેલી લોનથી ખૂબ ખુશ છે અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કરે છે.

આગરાની પ્રીતિ પહેલાં શાકભાજી વેચવાનું કામ કરતી હતી, પ્રીતિ કહે છે, "લોકડાઉન દરમિયાન મફત અનાજ

> અમે કોઇ એક વર્ગ કે કેટલાંક લોકોનાં સીમિત વિકાસનો નહીં, પણ બધાંના વિકાસનો સંકલ્પ લીધો છે. મારી સરકારનો મંત્ર છે- 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ.' પ્રગતિ માટે અમારું વિઝન સમાવેશી છે. અમારું મિશન સમાવેશી છે. આ સમાવેશી દર્શન મારી સરકારની દરેક નીતિનો, દરેક યોજનાઓનો આધાર છે.
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન





**ખેડૂતો, શ્રમિકો અને મહિલાઓની જેમ નાના-નાના સ્વરોજગાર સાથે સંકળાયેલા સાથીઓનો બહુ મોટો વર્ગ હતો, જેમની કાળજી ક્યારેય લેવાઈ નહોતી. લારી-ગલ્લાવાળા, ખુમચાવાળા લાખો સાથીઓ આત્મસન્માન સાથે પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે, તેમનાં માટે પણ પ્રથમ વાર વિશેષ યોજના બનાવવામાં આવી છે. ખેડૂતો, ખેત મજૂરો, નાના દુકાનદારો, અસંગઠિત ક્ષેત્રના મજૂરો માટે 60 વર્ષની ઉંમર પછી પેન્શન અને વીમા સંલગ્ન યોજનાઓ સરકારે પહેલાં જ શરૂ કરી દીધી છે. હવે નવી જોગવાઈઓથી સામાજિક સલામતીનું કવચ વધુ મજબૂત થશે.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

અને બેંક ખાતામાં આવેલા 500-500 રૂપિયાના હપ્તાએ બહુ ટેકો આપ્યો. લોકડાઉન દરમિયાન પરિવાર મુશ્કેલીમાં મૂકાયો ત્યારે સ્વનિધિ યોજના અંગે સાંભળ્યું. મ્યુનિસિપલ કોર્પોરેશન જઈને અધિકારીઓને તેના અંગે પૂછ્યું. મેં તો વિચાર્યું જ નહોતું કે 10,000 રૂપિયાની લોન સરળતાથી મળી જશે. આ પૈસામાંથી ફળોની લારી શરૂ કરી. હવે તો લોનનો પ્રથમ હપ્તો પણ ચૂકવી દીધો છે. ડિજિટલ પેમેન્ટ કરવાને કારણે સરકાર તરફથી વર્ષે રૂ. 1200નું કેશબેક મળી જાય છે. હવે જિંદગી ફરીથી પાટા પર આવી ગઈ છે."

રાજસ્થાનના નાગૌર જિલ્લાના જોગારામ બીજાંના ઘરે રસોઈ બનાવવાનું કામ કરે છે. પરિવારમાં તેઓ એકલાં જ કમાનાર છે. એક દિવસ જોગારામને ખબર પડીકે તેમની ત્રણ મહિનાની દીકરી વેદિકાનાં હૃદયમાં કાણું છે. પરિવાર માટે આ આઘાતજનક સમાચાર હતા. તેમણે અનેક જગ્યાએ પૂછપરછ કરી. એવામાં એક અધિકારીએ તેમને આયુષ્યમાન કાર્ડ અંગે બતાવ્યું. આ કાર્ડધારક પરિવાર દર વર્ષે પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર મફતમાં કરાવી શકે છે. જોગારામે આંગણવાડી જઈને કાર્ડ બનાવ્યું, જેનાથી વેદિકાનું ઓપરેશન સંપૂર્ણપણે મફતમાં થઈ ગયું. વેદિકા હવે સંપૂર્ણ સ્વસ્થ છે. જોગારામ કહે છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર, જેમણે અમારા જેવા જરૂરિયાતમંદો માટે આ કાર્ડ યોજનાની શરૂઆત કરી. આ ના હોત તો વિચારો અમારું શું

# આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાની પ્રશંસા કરી

દેશનાં 80 કરોડ લોકોને મફતમાં અનાજ પૂરું પાડનાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાથી ગરીબોને કેટલી બધી મદદ મળી છે, તેની સાબિતી તાજેતરમાં આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે પ્રસિધ્ધ કરેલા અહેવાલમાં જણાઈ આવે છે. અહેવાલ પ્રમાણે 2019માં ભારતમાં અત્યંત ગરીબોનું પ્રમાણ 1 ટકાથી ઓછું હતું, જે 2020 દરમિયાન પણ એ જ સ્તરે જળવાઈ રહ્યું. 'મહામારી, ગરીબી અને સમાનતાઃ ભારતની સાબિતી' નામના સંશોધન અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાને કારણે કોરોના કાળમાં પણ અતિશય ગરીબીનાં સ્તરમાં કોઈ વધારો નથી થયો. મહામારી પહેલાં વર્ષ 2019માં અતિ ગરીબીનું સ્તર 0.8 ટકા હતું અને અન્ન સલામતી કાર્યક્રમને કારણે જ 2020નાં મહામારી વર્ષમાં પણ એ જ સ્તર રહ્યું.

## વિશ્વની સૌથી મોટી અન્ન યોજના

કોવિડ કાળમાં માર્ચ 2020માં આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત આ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.

અન્ન યોજનામાં દરેક ગરીબને પાંચ કિલો વધારાના ઘઉં અથવા કુલ 10 કિલો ઘઉં કે ચોખા આપવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, તેમને એક કિલો દાળ પણ આપવામાં આવી રહી છે.

પહેલાં આ યોજના માત્ર ત્રણ મહિના માટે જ હતી, પણ બાદમાં કેન્દ્ર સરકારે જરૂરિયાતમંદોની અનાજ જરૂરિયાતોને જોતાં પાંચ મહિના માટે લંબાવી હતી. તાજેતરમાં જ, કેન્દ્રીય કેબિનેટે તેને સપ્ટેમ્બર 2022 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે.



થાત."

લોકોને સ્વાવલંબી બનાવવાનો સરકારનો હેતુ ધિરાણ પૂરું પાડવા પૂરતો મર્યાદિત નથી, પણ કેન્દ્ર સરકારની યોજના દેશનાં દરેક પરિવાર અને સમાજમાં એવું વાતાવરણ તૈયાર કરવાની છે, જ્યાં કોઇ પણ વ્યક્તિને મુળભૂત જરૂરીયાતો માટે સંઘર્ષ ન કરવો પડે. સંઘર્ષની સ્થિતિમાં વ્યક્તિ પરિવાર માટે સંતોષપ્રદ જીવન ધોરણ પૂરું પાડી શકતો નથી અને તેને કારણે સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ થઈ શકતી નથી. એટલાં માટે 2014માં લાલ કિલ્લા પરથી પોતાનાં પ્રથમ સંબોધનમાં દરેક ઘરમાં શૌચાલય બનાવવાની પહેલ હોય કે કોવિડ કાળમાં આત્મનિર્ભરતાને જનક્રાંતિ બનાવવાનુ આહવાન, જનતાની પાયાની સુવિધાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. ઉજ્જવલા, આવાસ યોજના, શૌચાલય, હર ઘર નલ સે જલ, સંકટ સમયમાં દરેક ગરીબને મફતમાં રેશન, રેશન કાર્ડ પોર્ટેબિલિટી, આયુષ્યમાન ભારત જેવી યોજના અંતર્ગત પાંચ લાખ રૂપિયા સુધી મફત સારવારની સુવિધા. ઉસ્તાદ, હુનર, કૌશલ્ય વિકાસ દ્વારા યુવાનોને રોજગારથી જોડવાની પહેલ હોય કે પછી ખેડૂતો માટે ઈ-નામ પ્લેટફોર્મ જેવી યોજનાઓ દ્વારા દરેક નાગરિક મૂળભુત સુવિધાઓની ચિંતા કર્યા વિના એવો ઉદ્યોગ સ્થાપી શકે છે જે સમાજ અને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપી શકે. ઉત્તરપ્રદેશનઆં અમેઠીની

# જીવનમાં સહજતાથી સ્વાવલંબનની આધારશિલા

કેન્દ્ર સરકારે નિયમો અને પ્રક્રિયાઓને સરળ બનાવીને સામાન્ય માણસનું જીવન સરળ બનાવવાનું કામ કર્યું છે, તો ડિજિટલ ઈન્ડિયા, એફોર્ડેબલ હાઉસિંગ, ઉજ્જવલા યોજના, જલ જીવન મિશન, આયુષ્યમાન ભારત અને સ્વચ્છ ભારત મિશન જેવી યોજનાઓએ 'ઇઝ ઓફ લિવિંગ'ની દિશામાં પગલાં લીધાં છે.

## સ્વનિધિ યોજના

360 કરોડ રૂપિયા લારી-ગલ્લાવાળાનાં ખાતામાં મોકલવામાં આવ્યા. આ યોજનામાં 41% મહિલા, 51%, ઓબીસી અને 22% એસસી/એસટી લાભાર્થી છે.

**2.52** કરોડથી વધુ મકાનનું નિર્માણ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત કરવામાં આવ્યું છે.

**1.22** કરોડથી વધુ મકાન અત્યાર સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત મંજૂર કરવામાં આવ્યાં છે.



- 31 માર્ચ, 2022નાં રોજ 17.9 કરોડ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ પૂરાં પાડવામાં આવ્યા છે. પરિવાર દીઠ પાંચ લાખ રૂપિયા સુધી મફત સારવાર પૂરી પાડતી આ યોજના વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના છે. આ યોજના અંતર્ગત 3.28 કરોડથી વધુ લોકો સારવાર લઈ ચૂક્યા છે. આ યોજનાનો લાભ મેળવનારામાં 46.7 ટકા મહિલાઓ છે.
- 1.17 લાખ આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર સમગ્ર દેશમાં બનાવવામાં આવ્યા છે, જ્યારે અત્યાર સુધી ત્રણ કરોડ લોકો ટેલિ-કન્સલન્ટન્સી ઇ-સંજીવનીનો લાભ લઈ ચૂક્યા છે.
- 8600થી વધુ પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્ર દેશભરમાં સામાન્ય લોકોને 90 ટકા સુધી ઓછા ભાવમાં જ દવાઓ પૂરી પાડી રહ્યાં છે.
- પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત અત્યાર સુધી 45 કરોડથી વધુ બેન્ક ખાતા ખોલાવવામાં આવ્યા છે. તેનાં લાભાર્થીમાં 55 ટકા મહિલાઓ છે. 1.66 લાખ કરોડ રૂપિયા જમા છે જનધાન ખાતામાં.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત અત્યાર સુધી 58 લાખથી વધુ મકાન તૈયાર થઈ ચૂક્યા છે. જ્યારે પ્રધાનંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત 1.95 કરોડ મકાનોને કેન્દ્રની મદદ પૂરી પાડવામાં આવી છે.

લાભાર્થી લલિતાને પણ આ યોજનાથી લાભ થયો છે. તે કહે છે, "અમે એટલાં ગરીબ હતા કે લાકડાંપણ લાવી શકતા નહોતા. પણ જ્યારથી ઉજ્જવલા સિલિન્ડર મળ્યું છે, ત્યારથી ઘરનાં પુરુષો પણ સમયસર કામ માટે નીકળી પડે છે અને બાળકો પણ શાળાએ જઈ શકે છે." ઓડિશાના ખોર્ધાની મમતા દેવી પણ ઉજ્જવલા અંતર્ગત રાંધણ ગેસનું જોડાણ મળવાથી ખુશ છે અને જીવનને સરળ બનાવવા માટે કેન્દ્ર સરકારનો આભાર માને છે. ગ્રામીણ મહિલાઓનાં જીવનમાં પરિવર્તનની પહેલ બનેલી ઉજ્જવલા યોજના કરોડો મહિલાઓનાં જીવનમાં નવી ઉમંગ ભરી રહી છે. હવે ભારત પોતાની નવી યોજનાઓ અને રાષ્ટ્રને નવી દિશા આપવાની પ્રતિબધ્ધતા સાથે બાપુનાં આત્મનિર્ભર અને આત્મવિશ્વાસથી ભરપૂર ભારતનાં સપનાને સાકાર કરી રહ્યું છે. મેક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, સ્ટેન્ડઅપ ઇન્ડિયા, ઉસ્તાદ, હુનર અને ઇ-નામ જેવા પ્લેટફોર્મ સ્વાવલંબનની નવી પટકથા લખી રહ્યા છે. નોકરિયાત મહિલાઓ, કુશળ મહિલાઓ, યુવાનો હોય કે ઘરનું કામકાજ કરતી મહિલાઓ હોય કે લારી-ગલ્લા ચલાવતા શ્રમિક, સમાજનો દરેક વર્ગ સ્વાવલંબન માટે કેન્દ્ર સરકારનાં પ્રયાસોથી અલગ ઓળખ ઊભી કરી રહ્યો છે અને બીજાઓ માટે પ્રેરણા પણ બની રહ્યો છે.

**બાપુનું સ્વાવલંબનનું સપનું હવે સાકાર થઈ રહ્યું છે**



સ્ટેન્ડ અપ ઈન્ડિયા
પ્રારંભઃ 5 એપ્રિલ 2016

# આર્થિક સશક્તિકરણથી રોજગાર સર્જનનો માર્ગ

*ભારત વિકાસનાં માર્ગ પર ઝડપથી ચાલી રહ્યો છે. તેની સાથે સાથે, સંભવિત ઉદ્યોગ સાહસિકોની આશા, અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પણ વધી રહી છે. તેઓ પોતાનું ઉદ્યોગ સાહસ સ્થાપવા માંગે છે, જેથી તેઓ પોતે પણ સફળ બની શકે અને આગળ વધી શકે. આવા લોકોનાં સપના સાકાર કરી રહી છે કેન્દ્ર સરકારની સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજના...*

**07** વર્ષ સુધી લોનનાં સરળ રિપેમેન્ટની સુવિધા, યોજનાને 2025 સુધી લંબાવવામાં આવી.

**1.34** લાખ લોકોને સ્ટેન્ડ અપ ઈન્ડિયાનો લાભ મળ્યો છે અત્યાર સુધી

**80%** થી વધુ ખાતાધારક મહિલા ઉદ્યોગસાહસિકો

22 માર્ચ 2022 સુધીના આંકડા

- ગ્રીનફીલ્ડ પ્રોજેક્ટ્સની સ્થાપના માટે 10 લાખથી એક કરોડ સુધીની લોન. રૂ. 30,160 કરોડથી વધુ લોન મંજૂર
- તમામને તક અને કિફાયતી ધિરાણ. ઋણ માટે માર્જિન મનીમાં ઉલ્લેખનીય ઘટાડો. પહેલાં 25 ટકા હતું જે હવે 15 ટકા છે.

લોકશાહીની વ્યાખ્યાનો એક મર્યાદિત અર્થ એ છે કે જનતા પોતાની પસંદગીની સરકાર પસંદ કરે અને સરકાર જનતાની અપેક્ષા પ્રમાણે કામ કરે. પણ મહાત્મા ગાંધીએ લોકશાહીની સાચી તાકાત પર ભાર મૂક્યો હતો. તેમણે એવી દિશા દર્શાવી જેમાં લોકો સરકાર પર આધારિત ન હોય અને સ્વાવલંબી બને. મહાત્મા ગાંધીએ એક એવી સમાજ વ્યવસ્થા ઊભી કરવાનું બીડું ઝડપ્યું, જે સરકાર પર આધારિત ન હોય. તેમણે લોકોની આંતરિક શક્તિને જગાવીને તેમને જાતે પરિવર્તન લાવવા માટે જાગૃત કર્યા. આ જ અભિગમ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તકોની સાથે ખાનગી ક્ષેત્રને જોડવાની પહેલ કરી છે અને લોકોને સરકાર પર અવલંબિત બનાવવાને બદલે તેમને સ્વાવલંબી બનાવવાની દિશામાં પગલાં લીધાં છે. ગાંધીજીનું વિઝન આજે ભારત સમક્ષ મોટાં પડકારોને ઉકેલવાનું મોટું માધ્યમ બની રહ્યું છે. ગાંધીજીનો સંકલ્પ હતો, એક એવું ભારત જ્યાં દરેક ગામ સ્વાવલંબી હોય. કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ દ્વારા આ સંકલ્પને સિદ્ધિની તરફ લઈ જઈ રહી છે. ગાંધીજી સમાજમાં છેવાડાનાં માણસ સુધી નિર્ણય લેવાની વાત કરતા હતા, તો કેન્દ્ર સરકારે ઉજ્જવલા, પ્રધાનમંત્રી આવાસ યોજના, જનધન યોજના, સૌભાગ્ય યોજના અને સ્વચ્છ ભારત મિશન જેવી યોજનાઓ દ્વારા બાપુના મંત્રને વ્યવસ્થાનો હિસ્સો બનાવી દીધો છે. એટલું જ નહીં, બાપુએ ટેકનોલોજીનો ઉપયોગ કરીને લોકોનું જીવન સરળ બનાવવાની વાત કરી હતી, તો કેન્દ્ર સરકારે આધાર,



ઈ-નામ
પ્રારંભઃ 14 એપ્રિલ 2016

# એક રાષ્ટ્ર-એક બજારનો ખ્યાલ વિકસાવતું ઈ-નામ

*ઈ-નામનો હેતુ તમામ ખેડૂતોને લાભ પૂરો પાડવાનો અને તેમનાં દ્વારા કૃષિ ચીજોનાં વેચાણની પધ્ધતિ બદલવાનો છે. તેનાથી આપણા ખેડૂતોને વધારાના ખર્ચ વગર પારદર્શક રીતે સ્પર્ધાત્મક અને વળતરદાયી ભાવ મળી રહે છે. તેનાંથી તેમની આવકમાં વધારો થઈ રહ્યો છે. સાથે સાથે, ભાવ અને કૃષિ ઉપજ માટે 'એક રાષ્ટ્ર-એક બજાર'નો ખ્યાલ પણ વિકસી રહ્યો છે.*

**1,000**
મંડી સંકળાઈ 21 રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ઈ-નામથી

**2,21,191**
વેપારી અને 1,73,06,313 ખેડૂતો જોડાયા છે અત્યાર સુધી 21 રાજ્યોનાં

**1,03,156**
કમિશન એજન્ટ (સીએ), 2083 ખેડૂત ઉત્પાદક સંઘ પણ જોડાયા


**ઈ-નામ પ્રોજેક્ટ ખેડૂતોનાં જીવન ધોરણમાં સુધારો અને તેમનાં ઘરમાં સમૃધ્ધિ લાવનાર છે.**

આંકડા 31 માર્ચ, 2022 સુધી

ડીબીટી, ડિજિટલ ઇન્ડિયા, ભીમ એપ, ડિજિલોકર જેવી સુવિધાઓ દ્વારા દેશવાસીઓનું જીવન સરળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

દરેક નાગરિકને સ્વાવલંબી બનાવવાનાં કેન્દ્ર સરકારનાં અભિગમ અને યોજનાઓને પરિણામે બાળકોના અભ્યાસથી માંડીને લોકોની ઉદ્યોગ સાહસિકતા પર સકારાત્મક અસર પડી છે. તેનાંથી દેશમાં નાગરિકોની સલામતી અને સશક્તિકરણની સ્થિતિમાં પરિવર્તન આવ્યું છે અને ગામડે-ગામડે ગરીબ મહિલાઓનાં સ્વાવલંબનને નવું પરિમાણ મળ્યું છે. મહાત્મા ગાંધીએ વિકાસના આવા મોડલની જ કલ્પના કરી હતી. પણ હવે સવાલ એ થાય છે કે શું દેશે જે પ્રાપ્ત કર્યું છે તે પૂરતું છે? તેનો જવાબ સીધો અને સ્પષ્ટ છે. આજે રાષ્ટ્રએ જે પ્રાપ્ત કર્યું છે તેનો આ માત્ર પડાવ જ છે, સ્વાવલંબી ભારત માટેની યાત્રા તો સતત ચાલુ છે.

વીતેલાં કેટલાંક વર્ષોમાં જનભાગીદારીને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આને કારણે, જનતાએ જ સરકારના અભિયાનોને જન અભિયાન બનાવી દીધું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઘણા પ્રસંગોએ કહી ચૂક્યા છે કે ગાંધીજીએ ક્યારેય પોતાના જીવનમાં પ્રભાવ પેદા કરવાનો પ્રયાસ નહોતો કર્યો, પણ તેમનું જીવન જ પ્રેરણાનું કારણ બન્યું. આજે નવા ભારતમાં પણ યુવાન હોય કે મહિલા કે નાગરિક, કેન્દ્ર સરકારનાં પ્રયાસો અને નીતિઓને કારણે દેશ-દુનિયા માટે પ્રેરણા બની રહ્યાં છે.



સમાજ કલ્યાણ

# જન સુરક્ષાથી જીવન રક્ષાની દિશામાં વધતાં ડગ

દરેક માણસ વૃધ્ધાવસ્થા અને જીવનમાં આકસ્મિક રીતે આવતી સ્થિતિઓ અંગે ચિંતિત રહેતો હોય છે. તેમનાં મનમાં અસલામતીનો ભાવ હોય છે. આવા લોકોને આર્થિક સલામતી અને જીવન રક્ષાની ગેરન્ટી આપવા માટે કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના અને અટલ પેન્શન જેવી યોજનાઓ શરૂ કરી છે.

## સુરક્ષા વીમા યોજના

12 રૂપિયા વાર્ષિક પ્રીમિયમે બે લાખ રૂપિયા સુધીનો અકસ્માત વીમો. આશરે 27 કરોડ 68 લાખ લોકો જોડાઈ ચૂક્યા છે.

## અટલ પેન્શન યોજના

3.88 કરોડથી વધુ લોકો જોડાઈ ચૂક્યા છે અટલ પેન્શન યોજના શરૂ થયાના ત્રણ વર્ષમાં

**અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના સહિત સામાજિક સુરક્ષા યોજનાઓ અંતર્ગત ત્રણ વર્ષની અંદર 20 કરોડથી વધુ લોકોને સમાવવામાં આવ્યા.**

### આશ્રિત નહીં, અધિકાર આપવાનું લક્ષ્ય

ગરીબી દૂર કરવા માટે કોઈ પણ પગલાંની સફળતા તેનાં અભિગમ પર આધાર રાખે છે. નરેન્દ્ર મોદી સરકારની નીતિ અને દ્રષ્ટિકોણ ગરીબોને અધિકારો પૂરાં પાડવાનો છે, અધિકારો પર આશ્રિત કરવાનો નહીં. એટલાં માટે કેન્દ્ર સરકારે લોકપ્રિયતાનો શોર્ટ કટ અપનાવવાને બદલે લાંબા સમય સુધી ફાયદો પહોંચાડતા કાર્યક્રમોની શરૂઆત કરી અને એવાં સાધન, તકો અને સંસાધનો પૂરાં પાડી રહી છે, જે ગરીબો-વંચિતોનાં જીવન સુધારનારાં સાબિત થયા છે, ગરીબોને આત્મનિર્ભર, સ્વાવલંબી બનાવવાની સાથે સાથે પોતાનાં પરિવારની દેખરેખ રાખવામાં સક્ષમ બનાવવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. એટલાં માટે જ આજે દરેક ગરીબ પરિવાર પાસે પોતાનું બેન્ક ખાતું છે, ધિરાણ અને વીમા માટે અનેક નાણાકીય માધ્યમ છે, ઉચ્ચ શિક્ષણ અને કુશળ બનવાની તકો છે, આરોગ્ય વીમા, વીજળી, રોડ સહિતની માળખાગત સુવિધાઓ છે. દરેક ગ્રામીણ અને શહેરી ઘરોમાં શૌચાલય બનાવવામાં આવ્યા છે, મહિલાઓની એલપીજીથી ચાલતા ચૂલા અને રાંધણ ગેસનાં જોડાણો આપવામાં આવ્યા છે.

એક બાજુ, ગરીબોને અધિકાર સંપન્ન બનાવવામાં આવી



મુદ્રા યોજના
પ્રારંભઃ 8 એપ્રિલ, 2015

# સ્વરોજગારનાં સપનાને નવી ઊડાન આપી રહેલી પીએમ મુદ્રા યોજના

*વ્યક્તિગત ધોરણે અને સૂક્ષ્મ અને લઘુ એકમોને ઉત્પાદન માટે તથા બિઝનેસ કે સર્વિસ સેક્ટરમાં આવક પેદા કરતી પ્રવૃત્તિઓ, કૃષિ ક્ષેત્રની પ્રવૃત્તિઓ માટે પીએમ મુદ્રા યોજનામાં બાળક, કિશોર અને તરૂણ એમ ત્રણ કેટેગરીમાં ક્રમશઃ રૂ 50,000 સુધી, રૂ. 50,000થી રૂ. પાંચ લાખ સુધી અને રૂ. પાંચ લાખથી રૂ. 10 લાખ સુધીની લોન આપવામાં આવે છે. તેનો ફાયદો દરેક વર્ગના લોકોને થઈ રહ્યો છે, જેમાં યુવાનો અને મહિલાઓની સંખ્યા વધુ છે.*

**18.52**

લાખ કરોડના 34.28 કરોડથી વધુ લોન આપવામાં આવી છે, મુદ્રા યોજના હેઠળ પ્રારંભથી 18 માર્ચ, 2022 સુધીમાં

**8.10**

લાખ કરોડ રૂપિયા એટલે કે આશરે 68 ટકા રકમની લોન 23.27 કરોડ મુદ્રા લોન મહિલાઓને આપવામાં આવી.

રહ્યા છે, તો બીજી બાજુ, તેમની સામાજિક સલામતી પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. કિસાન સન્માન નિધિ, મુદ્રા ઋણ, મનરેગા, સલામતી વીમા યોજના, જાહેર વિતરણ પ્રણાલિ, ખાતર સબસિડી, પ્રધાનમંત્રી આવાસ યોજના, એસસી-એસટી-ઓબીસી અને લઘુમતી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને મળનારી સબસિડી, અન્ન સલામતી કાયદાનો અસરકારક અમલ, આંગણવાડી દ્વારા પોષણ સુરક્ષા અભિયાન, સ્વરોજગાર માટે ઋણ, એમએસએમઈને સસ્તું ધિરાણ, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલય નિર્માણ વગેરે સેંકડો યોજનાનો લાભ

## આવી રીતે સમાજના વંચિતોનું સ્વાવલંબન થઈ રહ્યું છે

મુદ્રા યોજનામાં એસસી, એસટી અને ઓબીસી લાભાર્થીઓનાં 34.41 કરોડ ખાતામાં 18.60 લાખ કરોડ રૂપિયાનું ધિરાણ, સ્ટેન્ડ અપ ઈન્ડિયા અંતર્ગત ગ્રીન ફિલ્ડ પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે એસસી, એસટી લાભાર્થીઓને 5.3 હજાર કરોડ રૂપિયા. સ્વરોજગાર યોજનામાં માથે મેલું ઉપાડનારા આશરે 79,000 લોકોને રૂ. 27.8 હજાર કરોડની મદદ. ઈનોવેશન માટે ઉદ્યોગ સાહસિકોને મદદ માટે આંબેડકર સોશિયલ ઈનોવેશન મિશન. પીએમ દક્ષ યોજનાથી 2.7 લાખ એસસી યુવાનોને નિઃશુલ્ક તાલીમ આપી.વેન્ચર કેપિટલ ફન્ડ દ્વારા ઉદ્યોગ સાહસિકોને રૂ. 450 કરોડ. ઉજ્જવલામાં 3.1 કરોડ જોડાણ, પીએમ આવાસ યોજનામાં 1.31 કરોડ પાકા મકાનો વંચિત સમૂહોને આપવામાં આવ્યા.

ઉજ્જવલા યોજના
પ્રારંભઃ 1 મે, 2016

# ચહેરા પર ખુશી છવાઇ ધુમાડામુક્ત બન્યું રસોડું



*સ્વચ્છ ઇંધણ, સારા જીવન ધોરણનાં વચન સાથે શરૂ થયેલી ઉજ્જવલા યોજના દ્વારા ભારતે ધુમાડામુક્ત રસોડાં તરફ પગલાં લીધાં છે. આ યોજનાથી મહિલાઓની આરોગ્ય સમસ્યાઓમાં ઘટાડો થયો છે, તો કોરોના કાળ દરમિયાન ત્રણ મહિનામાં ફ્રી સિલિન્ડરે પણ પરિવારોને સંકટ સમયમાં ટેકો પૂરો પાડ્યો....*

**ઉજ્જવલા 1.0**
દેશભરમાં ઉજ્જવલા 1.0 અંતર્ગત 8 કરોડ એલપીજી ગેસ જોડાણો પૂરા પાડવામાં આવ્યા છે.

**ઉજ્જવલા 2.0**
ગરીબ પરિવારની મહિલાઓને ડિપોઝીટ વગર એક કરોડ એલપીજી જોડાણો પૂરા પાડવા માટે 10 ઓગસ્ટ, 2021નાં રોજ ઉજ્જવલા 2.0ની શરૂઆત

**ઉજ્જવલા 2.0 અંતર્ગત 27 જાન્યુઆરી, 2022 સુધી 99.14 લાખ જોડાણ આપી દેવામાં આવ્યા છે. એ પછી સરકારે વધારાના 60 લાખ જોડાણો પૂરા પાડવા માટે વર્તમાન કાર્ય પધ્ધતિનાં આધારે તેનું વિસ્તરણ કર્યું છે.**

હવે સીધો લાભાર્થીઓને મળી રહ્યો છે. સર્વ શિક્ષણ અભિયાન, મનરેગા દ્વારા આવકમાં સહયોગ પૂરો પાડવામાં આવી રહ્યો છે. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં કેન્દ્ર સરકારની યોજનાઓ 'પરિવર્તનકારી' બનીને ઊભરી છે.

### સ્વાવલંબન માટે યોજનાઓ દ્વારા પરિવર્તન

સમાજના છેવાડાના માણસને આગળ આવવા માટે તક મળવી જોઇએ. જો કોઇને થોડી પણ મદદ મળી જાય તો તે એક નવી અને ભવ્ય સપનાને સાકાર કરતી પોતાની જીંદગીને આગળ વધારી શકે છે. અને આવા જ વિચારમાંથી સ્ટેન્ડ અપ ઇન્ડિયાની કલ્પના થઈ. 5 એપ્રિલ, 2016નાં રોજ સ્ટેન્ડ અપ ઇન્ડિયાના શુભારંભ સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે પરિકલ્પના કરી હતી, તે આજે સાકાર થઈ રહી છે. આ યોજનાને હવે 2025 સુધી લંબાવવામાં આવી છે. તેણે નારી શક્તિ અને સમાજના વંચિત વર્ગને સ્વાવલંબી બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ યોજનામાં 81 ટકાથી વધુ ખાતાધારક મહિલા ઉદ્યોગ સાહસિકો છે અને અત્યાર સુધી 1.34 લાખ લોકો આ યોજનાનો લાભ ઉઠાવી ચૂક્યા છે. આ યોજના મહિલાઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓમાં ઉદ્યોગ સાહસિકતા દ્વારા આર્થિક રીતે સશક્તિકરણ અને રોજગાર સર્જનનું નોંધપાત્ર ઉદાહરણ બનીને ઊભરી છે.

# જળ-જંગલમાં શોધી લીધું સ્વાવલંબન



**આ વિસ્તારના 15 ગામોમાં લગભગ દરેક ઘરમાં શુધ્ધ પીવાનું પાણી પહોંચાડવાનું કામ મહિલાઓની દેખરેખમાં કરવામાં આવી રહ્યું છે. યોજના સાથે જૂથની 43 મહિલાઓને0 પ્રત્યક્ષ રીતે જોડવામાં આવી છે. મહિલા જૂથોનાં કામથી મધ્યપ્રદેશ સરકાર ખૂબ પ્રભાવિત છે.**

મધ્યપ્રદેશના સિવની જિલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તાર ઘંસૌર ડેવલપમેન્ટ બ્લોકમાં જલ સખી બનીને મહિલાઓ સ્વાવલંબનની નવી પરિભાષા શીખી રહી છે. આ વિસ્તારના 15 ગામો માટે મધ્યપ્રદેશ જલ નિગમે 12 કરોડ રૂપિયા ખર્ચીને ઝુરકી જૂથ પાણી પુરવઠા યોજના શરૂ કરી હતી, પણ વોટર ટેક્સ વસૂલ ન થવાથી વીજ બિલની ચૂકવણી સહિતની અન્ય સમસ્યાઓને કારણે યોજના નિષ્ફળ ગઈ. એ પછી, આજીવિકા મિશન સાથે સંકળાયેલા સ્વસહાય જૂથની મહિલાઓએ આગળ આવીને વોટર ટેક્સ વસૂલાતની જવાબદારી ઉઠાવી. જાન્યુઆરી 2021થી ફેબ્રુઆરી 2022 સુધીનાં 13 મહિનામાં મહિલાઓએ 11 લાખ રૂપિયાથી વધુ વોટર ટેક્સ વસૂલ કરીને એ રકમ પંચાયત, જળ અને સ્વચ્છતા સમિતિના ખાતામાં જમા કરાવી દીધી છે. વોટર ટેક્સ વસૂલાતથી મહિલાઓને કમિશન પેટે રૂ. 1.90 લાખની રકમ પ્રાપ્ત થઈ છે. દરેક ગામમાં ત્રણથી ચાર મહિલા સભ્યોની ટીમ બનાવવામાં આવી. નળનાં જોડાણમાં તોડ ફોડ અને મેઈન્ટેનન્સની દેખરેખ શરૂ કરી. દરરોજ એક-એક કલાક સવાર-સાંજ નિર્ધારિત સમયે પાણીનો પુરવઠો આવવા લાગ્યો. ગેરકાનૂની નળ જોડાણ અને પાઈપલાઈનને નુકસાન પહોંચાડનાર પાસેથી નાણાકીય અને સામાજિક દંડની જોગવાઈ કરવામાં આવી. હવે મધ્યપ્રદેશના બાકીના જિલ્લાઓમાં પણ ઝુરકી મોડલને લાગુ કરવામાં આવી રહ્યું છે.

આ રીતે એપ્રિલ 2015માં શરૂ કરવામાં આવેલી મુદ્રા યોજના દ્વારા 24 માર્ચ, 2022 સુધી 34.21 કરોડથી વધુ લોન મંજૂર કરવામાં આવી છે. મંજૂર કરવામાં આવેલી લોનની કુલ રકમ રૂ. 15.60 લાખ કરોડથી વધુ છે. આ યોજના દ્વારા લોન લેનારાઓમાં 70 ટકાથી વધુ મહિલાઓ, 50 ટકાથી વધુ અનુસૂચિત જાતિ, જનજાતિ, પછાત વર્ગ અને વંચિત સમાજના ઉદ્યોગ સાહસિકો છે. પીએમ કિસાન સન્માન નિધિ યોજના દ્વારા આશરે 11 કરોડ ખેડૂતોનાં ખાતામાં 1.82 લાખ કરોડથી વધુની મદદ પૂરી પાડવામાં આવી છે, જેમાં 1.29 લાખ કરોડ રૂપિયા કોવિડ-19 મહામારી દરમિયાન જારી કરવામાં આવ્યા હતા. કોવિડ સમયમાં શરૂ કરવામાં આવેલી સ્વ નિધિ યોજના અંતર્ગત પ્રથમ વાર લારી-ગલ્લાવાળાઓને નાણાકીય ક્ષેત્રમાં સમાવવામાં આવ્યા અને અત્યાર સુધી 29 લાખથી વધુ લારી-ગલ્લાવાળાઓને રૂ. 3,244.24 કરોડનું ધિરાણ આપવામાં આવ્યું છે. આજે યુપીઆઇ દ્વારા દર મહિને સરેરાશ ચાર લાખ કરોડ રૂપિયાથી વધુની લેવડદેવડ થઈ રહી છે અને રૂપે કાર્ડની સંખ્યા પણ 60 કરોડને વટાવી ચૂકી છે. આધારની મદદથી ઓન-ધ-સ્પોટ વેરિફિકેશન, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્કનું વિશાળ નેટવર્ક અને લાખો કોમન સર્વિસ સેન્ટર્સ શરૂ થવાથી દેશના અંતરિયાળ વિસ્તારો સુધી નાણાકીય સેવાઓ પહોંચી રહી છે.

ઉસ્તાદ/હુનર
પ્રારંભઃ 14મે, 2015

# 'ઉસ્તાદ' દ્વારા શિલ્પકળા અને કસબની પરંપરાનું જતન

*'ઉસ્તાદ' (Upgrading the Skills and Training in Traditional Arts/ Crafts for Development) સ્કીમ દ્વારા હસ્તકળા, શિલ્પકળા અને કારીગરીનું જતન થઈ રહ્યું છે.*

**23, 123** તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી છે 24 માર્ચ, 2022 સુધી. આમાં 33 % બેઠકો મહિલાઓ માટે અનામત

હુનર હાટ

**08** લાખથી વધુ શિલ્પકાર, કારીગરોને તેનો લાભ મળી ચૂક્યો છે.

**ઉસ્તાદ અંતર્ગત 2016-17થી હુનર હાટનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે, જેમાં દેશભરનાં શિલ્પકારો અને કારીગરોને પોતાના હસ્તશિલ્પ અને સ્વદેશી કળાકૃતિઓ પ્રદર્શિત કરવાની તક આપવામાં આવે છે.**




બીજી બાજુ, વડાપ્રધાન જન-ધન યોજના બચતનું નવું માધ્યમ સાબિત થઈ છે. જેઓ અત્યાર સુધી બેન્કિંગ સેવાઓથી દૂર હતા, તેમની પાસે પોતાના બેન્ક ખાતા છે, એટલું જ નહીં રૂપે ડેબિટ કાર્ડ દ્વારા કેન્દ્ર સરકારની વિવિધ સામાજિક સલામતી યોજનાઓનો લાભ પણ મળી રહે છે. ધનિકોની જેમ હવે ગરીબો પણ રૂપે કાર્ડનાં સ્વરૂપમાં ડેબિટ-ક્રેડિટ કાર્ડ રાખવા માંડ્યા છે, જેનાંથી તેઓ સન્માનની લાગણી અનુભવી રહ્યા છે.

### ગામડાં બન્યા સ્વાવલંબનનો આધાર

એક સમય હતો જ્યારે સરકારી નીતિઓનું વર્તુળ અને લાભ એક ચોક્કસ વર્ગ સુધી મર્યાદિત હતાં. એટલે, અનેક યોજનાઓ એટલી સફળતા હાંસલ ન કરી શક્યા, જેટલી મળવી જોઈતી હતી. એક વર્ગ હંમેશા તેનાં લાભથી વંચિત રહ્યો. પણ હવે દરેક નીતિ સમાજના છેવાડે બેઠેલી વ્યક્તિ કે વર્ગને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવી રહી છે. મહિલા સ્વસહાય જૂથ અને દીનદયાલ અંત્યોદય યોજના તેનાં ઉદાહરણ છે. આ યોજનાઓ આજે ગ્રામીણ ભારતમાં ક્રાંતિકારી પગલું સાબિત થઈ છે. વીતેલાં 6-7 વર્ષમાં મહિલા સ્વસહાય જૂથોનું આંદોલન ઝડપી બન્યું છે. આજે દેશભરમાં લગભગ 70 લાખ સેલ્ફ હેલ્પ ગ્રૂપ છે, જેની સાથે આશરે આઠ કરોડ મહિલાઓ સંકળાયેલી છે. છેલ્લાં 6-7



શ્રમિક કલ્યાણ

# નવો લેબર કોડ અને ઇ-શ્રમ પોર્ટલ
# શ્રમિકોને મળી રહી છે નવી ઓળખ

*શ્રમિક દેશ માટે મૂડી સમાન છે, જે રાષ્ટ્ર નિર્માણમાં મહત્વનું યોગદાન આપે છે. તેમ છતાં, શ્રમિકોના હિતમાં અગાઉ નક્કર પગલાં લેવામાં આવતા નહોતા. શ્રમિકો માટે કાયદા તો બન્યાં પણ તેમાં એટલી અસ્પષ્ટતા હતી કે લોકો આ કાયદાની જાળમાં ફસાઈ જતા હતા.*

- કેન્દ્ર સરકારે શ્રમિકોનાં હિતમાં મહત્વનું પગલું ભરતાં ચાર શ્રમ સંહિતા લાગુ કરીને 73 વર્ષમાં પ્રથમ વાર ન્યાય આપવાનું કામ કર્યું. આ ચાર કોડમાં તમામ 29 જૂના શ્રમ કાયદાઓને સમાવવામાં આવ્યા છે.
- અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકોને સરકારની સામાજિક સલામતી યોજનાનો લાભ મળે તે માટે પ્રથમ વાર દેશમાં વીતેલા વર્ષમાં ઈ-શ્રમ પોર્ટલની શરૂઆત કરવામાં આવી. આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન બાદ અત્યાર સુધી 38 કરોડથી વધુ ઈ-શ્રમ કાર્ડ જારી કરી દેવામાં આવ્યા છે. આ કાર્ડ દ્વારા શ્રમિકોને કેન્દ્ર સરકારની સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ મળે છે.

વર્ષ દરમિયાન સ્વસહાય જૂથોમાં ત્રણ ગણાથી વધુ વધારો થયો છે. વર્ષો સુધી મહિલાઓનં આર્થિક સશક્તિકરણનાં એટલાં પ્રયત્નો નહોતા થયા, જેટલાં થવા જોઇતા હતા.

આ જૂથોની ગેરન્ટી વગરની લોનની મર્યાદા 10 લાખ રૂપિયાથી વધારીને 20 લાખ કરવામાં આવી છે. આજે દેશમાં 44 કરોડથી વધુ જનધન ખાતા છે. તેમાં આશરે 55 ટકા ખાતા મહિલાઓનાં છે. આ ખાતામાં હજારો કરોડ રૂપિયા જમા પડ્યા છે. હવે ગૃહિણીઓ રસોડામાં ડબ્બામાં નહીં પણ બેન્ક ખાતામાં પૈસા જમા કરાવી રહી છે.

કોઇ પણ દેશ વ્યવસ્થાથી ચાલે છે, સંસ્થાઓથી આગળ વધે છે અને આ કામ બે-ચાર મહિના કે બે-ચાર વર્ષમાં નથી થતું પણ વર્ષોનાં સતત વિકાસનું પરિણામ હોય છે. ભારતની પ્રાચીન પરંપરાઓને બદલીને સમયની જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરીને તેને જીવંત રાખવાનું કામ ભારત રત્ન નાનાજી દેશમુખે કર્યું. તેમણે ભારતને સ્વાવલંબનનાં રસ્તે લઈ જવાનું અભિયાન શરૂ કર્યું હતું. આ યોજનાઓનું સંચાલન હોય કે પછી તેને ગતિ પૂરી પાડવાની હોય, કેન્દ્ર સરકાર જનતાના હાથમાં સીધું ભંડોળ આપી દે છે, જેથી લોકો પોતાનો નિર્ણય પોતે જ લઈ શકે અને સ્વાવલંબનને સંસ્કાર બનાવીને નવા ભારતના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી શકે.



# હવે ટેકનોલોજીના સહારે અંતિમ વ્યક્તિ સુધી સરકારની પહોંચ

રાજનીતિ હોય કે રાષ્ટ્રનીતિ, સામાન્ય માણસ માટે ટેકનોલોજી કેટલી ઉપયોગી સાબિત થઈ શકે છે, તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી સારી રીતે કોણ જાણી શકે. 2014માં દેશનું નેતૃત્વ સંભાળતાની સાથે જ તેમણે ડિજિટલને મહત્વ આપવાની શરૂઆત કરી હતી. તેનો હેતુ પારદર્શિતાને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ સમાજના છેવાડાના માણસ સુધી લઈ જવાનો છે. 11 મેનાં રોજ રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ છે, ત્યારે જાણો ભારત કઈ રીતે ટેકનોલોજીની મદદથી પ્રગતિ કરી રહ્યું છે...

## JAM ટ્રિનિટી એટલે કે વિકાસનું નવું સોપાન

દેશનો દરેક નાગરિક આજે કોઈને કોઈ રીતે નાણાકીય લેવડદેવડથી જોડાઈ ચૂક્યો છે. વિદ્યાર્થી, મહિલા, ગરીબ, ખેડૂત, પશુપાલક, માછીમાર, નાના દુકાનદાર એ બધાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)ના લાભ લઈ રહ્યા છે. આ માટે સરકારે સૌ પ્રથમ આધારને નીતિવિષયક માળખું આપ્યું અને પછી JAM એટલે કે 'જનધન-આધાર-મોબાઈલ' ટ્રિનિટીની વ્યવસ્થાથી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર(DBT)ને જોડવાનું શરૂ કરવામાં આવ્યું. 1 જાન્યુઆરી, 2015નાં રોજ સબસિડીના ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર(DBT)ની શરૂઆત કરવામાં આવી, જેને 'પહલ' નામ આપવામાં આવ્યું. ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામનાર આ યોજનાથી 4.11 કરોડ નકલી અને નિષ્ક્રિય જોડાણો ઓળખી કાઢવામાં આવ્યા, જેનાથી સરકારી તિજોરીને માર્ચ 2021 સુધી 72.9 હજાર કરોડની બચત થઈ. ડીબીટી સાથે 52 મંત્રાલયોની 313 યોજનાઓ જોડાઈ, જેનાથી 2014-2015થી 2021-22 સુધી 21.87 લાખ કરોડ રૂપિયા લાભાર્થીઓનાં ખાતામાં સીધા પહોંચી ચૂક્યા છે. સરકારની સામાજિક સુરક્ષા ધરાવતી JAM ટ્રિનિટી પ્લેટફોર્મનાં ઉપયોગથી સરકારી તિજોરીમાંથી રૂ. 2,22968 કરોડની લીકેજ રોકવામાં આવી છે. ટેકનોલોજીનો ઉપયોગ કરીને સરકારે આધાર લિંક ઓળખ દ્વારા સહાયતા રકમ પૂરી પાડી જેને કારણે મહિનાઓ કે વર્ષો સુધી વચ્ચે અટકી પડતા પૈસા લાભાર્થીઓને જલ્દી મળી રહ્યા છે. જનતા સંલગ્ન આ યોજનાના લાભના આંકડા દર્શાવે છે કે જનતાની મદદથી જનતા સુધી લાભ પહોંચાડવાની નીતિ મોદી સરકારના સુશાસનનો પર્યાય બની ચૂકી છે. હવે સબસિડી હોય કે નળ જોડાણ હોય કે પછી સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બધાંને આધાર કે જીયોટેગની ટેકનોલોજીથી જોડીને તેનું મોનિટરીંગ પારદર્શક કરી દેવામાં આવ્યું છે, જેનાથી દરેક વર્ગ સુધી લાભ પહોંચી રહ્યો છે.

## ટેકનોલોજીથી ભ્રષ્ટાચાર પર અંકુશ

ટેકનોલોજી દ્વારા નાણાકીય સર્વસમાવેશિતાના અભિગમથી ભ્રષ્ટાચાર અને સાંઠગાંઠ પર લગામ કસવામાં આવી છે. 'ઇઝ ઓફ લિવિંગ'માં ટેકનોલોજીનો સાથ મળી રહ્યો છે. હવે લાભ લેવા માટે લાંબી લાઇનોમાં નથી ઊભું રહેવું પડતું, તો સમાજના છેવાડાનો માણસ અર્થતંત્રનો હિસ્સો બનીને પોતાના પૈસાને સલામત માની રહ્યો છે. ગવર્મેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (GeM) ને કારણે સરકારી ખરીદીમાં થતો ભ્રષ્ટાચાર બંધ થઈ ગયો છે, તો દેશનાં દરેક ભાગમાં બેઠેલા વેપારીને પોતાનો સામાન સરકારને વેચવાન તાકાત પૂરી પાડી છે. એક વર્ષમાં રેકોર્ડ એક લાખ કરોડ રૂપિયાનાં ઓર્ડર આ પ્લેટફોર્મ પર મળ્યાં છે.

નાણાકીય લેવડદેવડ માટે સ્માર્ટફોનની સાથે સાથે સામાન્ય ફોનનો ઉપયોગ કરવા માટે ભીમ એપ જેવી સુવિધા 35 કરોડથી વધુ લોને પૂરી પાડવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં શબ્દોમાં, "એમ-ગવર્નન્સ મજબૂત સુશાસન છે. તેમાં વિકાસને સમાવેશી અને વ્યાપક જન આંદોલન બનાવવાની ક્ષમતા છે. તે સરકાર સુધી દરેક વ્યક્તિની પહોંચ સુનિશ્ચિત કરે છે. તેનાં દ્વારા શાસન સુધી તમારી પહોંચ 24x7 છે." ●

- યુપીઆઇ પસંદગીનાં ડિજિટલ પેમેન્ટ વિકલ્પ તરીકે ઊભરી આવ્યો. નાણાકીય વર્ષ 2021-22માં યુપીઆઈની લેવડદેવડ 1 ટ્રિલિયન ડોલરના આંકડાને વટાવી ચૂકી છે.
- ભારતના યુપીઆઇ પ્લેટફોર્મને સિંગાપોર, ભુતાન અને નેપાળે પણ અપનાવ્યું.
- હવે નેપાળે પણ ભારતનું રૂપે કાર્ડ અપનાવ્યું. સિંગાપોર, ભુતાન અને યુએઈ બાદ ચોથો દેશ બન્યો.
- ટેકનોલોજીની મદદથી 77 કરોડ લોકોને 'વન નેશન, વન રેશન યોજના'નો લાભ.
- દેશમાં 60 કરોડ સ્માર્ટફોન વપરાશકર્તા અને 55 કરોડ ઈન્ટરનેટ વપરાશકર્તા સાથે વિશ્વમાં સૌથી વધુ ડિજિટલ પેમેન્ટ.
- 44.95 કરોડ જનધન યોજનાના લાભાર્થી બેંક ખાતાઓ સાથે જોડાયા, તો રૂપે કાર્ડ દ્વારા મફતમાં વીમા કવચ મળ્યું.
- કેન્દ્ર સરકારની દરકે યોજના સંબંધિત પ્રવૃત્તિઓ હવે ડેશબોર્ડ દ્વારા વેબસાઇટ પર દરરોજ અપડેટ કરવામાં આવે છે.










# સામાજિક ચેતનાના ફેલાવામાં આસ્થા કેન્દ્રોની વધતી ભૂમિકા

**આસ્થાના કેન્દ્રો આધ્યાત્મિક સુવાસ ફેલાવવાની સાથે સાથે સામાજિક ચેતના ફેલાવવામાં પણ મહત્વની ભૂમિકા નિભાવે છે. આ કારણસર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામનવમીના દિવસે જૂનાગઢના ગાંઠીલામાં ઉમિયા માતા મંદિરના 14મા સ્થાપના દિવસ સમારોહને સંબોધન કર્યું ત્યારે તેમણે ગુજરાતના દરેક જિલ્લામાં 75 અમૃત સરોવર બનાવવાનું આહવાન કર્યું. તેનાથી જળ સંચય થવાની સાથે સાથે ગામડાંનો વિકાસ પણ થશે...**

એક સમય હતો જ્યારે ગુજરાતમાં લોકો પાણીની સમસ્યાથી ત્રસ્ત હતા. લોકો માટે દુકાળ ચિંતાનો મોટો વિષય હતો. સરકારે ચેક ડેમનું નિર્માણ અને જળ સંચય અભિયાન શરૂ કર્યું. 'પર ડ્રોપ મોર ક્રોપ, ડ્રિપ ઈરિગેશન'નું અભિયાન ચલાવવામાં આવ્યું અને પાણી અંગે જાગૃતિ ફેલાવવામાં આવી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉમિયા માતા મંદિરના 14મા સ્થાપના દિવસને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે તેમણે ત્યાંના લોકોને દરેક જિલ્લામાં 75 અમૃત સરોવર બનાવવા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, "હજારો ચેક ડેમ બનાવનાર ગુજરાતના લોકો માટે આ કોઈ મોટું કામ નથી. પણ આ પ્રયત્નની અસર બહુ મોટી હશે." આ ઉપરાંત, આ અભિયાનને સામાજિક આંદોલનની જન શક્તિથી ગતિ આપીને 15 ઓગસ્ટ, 2023 પહેલાં પૂરં કરવાનો આગ્રહ કરવામાં આવ્યો. પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને ગુજરાતના દરેક ખેડૂતને રાસાયણિક ખેતીને અપનાવવાનો આગ્રહ કર્યો. તેમણે કહ્યું, "આપણે આપણી માતાને બિનજરૂરી દવાઓ નથી ખવડાવતા, તેથી આપણે આપણી જમીન પર પણ બિનજરૂરી રસાયણોનો ઉપયોગ ન કરવો જોઈએ. ધરતી માતાને રસાયણોથી બચાવવાની જરૂર છે." •

## કડવા પાટીદારોની કુળદેવી માનવામાં આવે છે ઉમિયા માતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2008માં મંદિરનું ઉદઘાટન કર્યું. ત્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા. 2008માં તેમણે કરેલા સૂચનોને આધારે મંદિર ટ્રસ્ટે વિવિધ સામાજિક અને આરોગ્ય સંબંધિત પ્રવૃત્તિઓ સાથે સાથે મફતમાં મોતિયાનું ઓપરેશન અને આર્થિક રીતે નબળાં દર્દીઓ માટે મફતમાં આયુર્વેદિક દવાઓનાં વિતરણનો કાર્યક્રમ શરૂ કર્યો. ઉમિયા માતાને પાટીદારોની કુળદેવી માનવામાં આવે છે. આ મંદિર પાટીદારોનાં શ્રદ્ધાનું કેન્દ્ર ઉપરાંત સામાજિક ચેતના અને પર્યટનનું કેન્દ્ર પણ બની ગયું છે. અહીં 60થી વધુ રૂમ, અનેક મેરેજ હોલ અને વૈભવી ડાઈનિંગ હોલ પણ બનાવવામાં આવ્યું છે.



## દેવઘર રોપવે દુર્ઘટના

# દરેક દુર્ઘટનામાં ખડે પગે મદદ કરતાં આપણા જવાન

**ઉત્તરાખંડની દુર્ઘટના હોય કે બિહાર અને કેરળમાં પૂર, કાશ્મીરની ઝેલમ નદીમાં ફસાયેલા લોકોને બચાવવાના હોય કે પછી સમુદ્રમાં ફસાયેલા લોકોને બચાવવાનું અભિયાન.. ભારતીય સેનાનો સતર્ક જવાન દરેક પરિસ્થિતિ માટે હંમેશા તૈયાર હોય છે. ભારત જેવા વિશાળ દેશમાં કુદરતી આપત્તિઓ વચ્ચે આ તૈયારી ખૂબ જરૂરી છે. તેનું એક ઉદાહરણ તાજેતરમાં ઝારખંડના દેવઘરમાં જોવા મળ્યું, જ્યાં રોપવેની ટ્રોલીઓ અટકવાથી તેમાં ફસાઈ ગયેલા લોકોને બચાવવા માટે એરફોર્સ, એનડીઆરએફ, આઈટીબીપી અને સેનાના જવાનોએ દેવદૂત બનીને 45 કલાક સુધી મથીને જીવનાં જોખમે લોકોનાં જીવ બચાવ્યા...**

ત્રિકુટ પર્વત દેવઘરનું આકર્ષક પર્યટન અને યાત્રાધામ છે. અહીં રોપ વે દ્વારા લોકો ઊંચા પહાડ પર જાય છે. આ રોપવેનો તાર હૂકમાંથી નીકળી જવાથી રોપવેની ટ્રોલીઓ નીચેની બાજુ નમી ગઈ. આ ટ્રોલીઓમાં ફસાયેલા 48માંથી 46 લોકોને બચાવી લેવામાં આવ્યા. આ દુર્ઘટના 10 એપ્રિલે રામનવમીનાં રોજ બની હતી. દુર્ઘટના બાદ બચાવ અભિયાનમાં સામેલ સલામતી કર્મચારીઓ સાથેના સંવાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "યુનિફોર્મ પર લોકોની બહુ આસ્થા હોય છે. સંકટમાં ફસાયેલા લોકો જ્યારે પણ તમને જૂએ છે ત્યારે તેમને વિશ્વાસ થઈ જાય છે કે તેમનો જીવ હવે સલામત છે, તેમનામાં નવી આશા જાગી જાય છે." વડાપ્રધાનના આ વિચાર દર્શાવે છે કે આપણા સલામતી દળો એટલાં સક્ષમ છે, જે દેશવાસીઓને દરેક સમસ્યામાંથી સલામત બહાર કાઢવાની ક્ષમતા ધરાવે છે અને

### ગાઢ જંગલમાં 1500 ફુટની ઊંચાઈ, ભારે પવન વચ્ચે ઓપરેશન ચાલ્યું

1800 ફુટની ઊંચાઈ પર રોપવે પર 18 ટ્રોલીઓ લટકી ગઈ હતી. આ રોપવે પર્વતોથી ઘેરાયેલા ગાઢ જંગલમાંથી પસાર થાય છે, જ્યાં હવાઈ માર્ગ સિવાય બીજી કોઈ રીતે પહોંચવું મુશ્કેલ છે. આ સ્થિતિમાં એર ફોર્સ, આઈટીબીપી અને એનડીઆરએફને બચાવ કામગીરી માટે બોલાવવામાં આવ્યા. વાયુસેનાના એમઆઈ-17 અને ચિત્તા હેલિકોપ્ટર્સની મદદ લેવામાં આવી. ડ્રોન દ્વારા ટ્રોલીઓમાં ફસાયેલા લોકોને ખાવા પીવાન ચીજો પહોંચાડવામાં આવી. ઊંચાઈ અને ભારે પવનને કારણે આ મિશન ભારે પડકારજનક હતું. રાત થઈ ગઈ હોવાથી અભિયાન રોકવું પડ્યું. કઠીન પરિસ્થિતિઓ છતાં 45 કલાક સુધી ઓપરેશન હાથ ધરીને જવાનોએ 10 કેબલ કારમાંથી 35 યાત્રીઓને સલામત બહાર કાઢ્યા..




તાજેતરનાં વર્ષોમાં કેન્દ્ર સરકારના નેતૃત્વમાં ઝડપી કાર્યવાહી પણ થવા માંડી છે. ગૃહ મંત્રી અમિત શાહે સલામતી દળો સાથે વાતચીતનાં કાર્યક્રમની શરૂઆત તમામ જવાનોને અભિનંદન આપીને કરી. ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બચાવ અભિયાનમાં સામેલ લોકો સાથે વાતચીત કરી. કાર્યક્રમમાં ચીફ ઓફ આર્મી સ્ટાફ, સલામતી દળોના પ્રમુખ સહિત ઝારખંડના ડીજીપી અને ગોડ્ડાના સાંસદ નિશિકાંત દુબે પણ જોડાયેલા હતા.

સંવાદમાં એનડીઆરએફના એએસઆઈ ઓમપ્રકાશે વડાપ્રધાનને જણાવ્યું કે, તેમને સૌ પ્રથમ દેવઘરના એસડીએમ પાસેથી ઘટનાની માહિતી મળતાં તાત્કાલિક ત્યાં પહોંચ્યા. ટ્રોલીઓ બહુ ઊંચાઈ પર ફસાયેલી હતી, તેથી સૌ પ્રથમ પાણી, ભોજન પૂરું પાડવા પર પ્રાથમિકતા આપવામાં આવી. આ કામ મેઈન્ટેન્સ ટ્રોલી અને ડ્રોનની મદદથી કરવામાં આવ્યું. એ પછી મદદ માટે એરફોર્સની ટીમ પણ પહોંચી ગઈ અને પછી સાથે મળીને અભિયાન હાથ ધરવામાં આવ્યું.

ભારતીય વાયુ સેનાના ગ્રૂપ કેપ્ટન વાય કે કંદાલકરે વડાપ્રધાનને સંકટના સમયમાં વાયુ સેનાના અભિયાનની માહિતી આપી. તેમણે વડાપ્રધાનને ઉડન ખટોલાના તાર પાસે હેલિકોપ્ટરના પાયલટ્સની કુશળતા અંગે માહિતી આપી. ભારતીય વાયુસેનાના સાર્જન્ટ પંકજ કુમાર રાણાએ કેબલ કારમાં ફસાયેલા યાત્રીઓને કાઢવામાં ગરુડ કમાન્ડોઝની ભૂમિકા અંગે જણાવ્યું. તેમણે જણાવ્યું કે બાળકો અને મહિલાઓ બધાં સંકટમાં ફસાયેલા હતા, જેમને બહાર કાઢવામાં આવ્યા. વડાપ્રધાને વાયુસેનાના કર્મચારીઓનાં અદમ્ય સાહસની પ્રશંસા કરી. આઈટીબીપીની પ્રારંભિક સફળતાએ ફસાયેલા યાત્રીઓનાં નૈતિક મનોબળને પ્રોત્સાહન આપ્યું હતું. આઈટીબીપીના સબ-ઈન્સ્પેક્ટર અનંત પાંડેએ અભિયાનમાં આઈટીબીપીની ભૂમિકા અંગે જણાવ્યું. સંવાદ દરમિયાન, વડાપ્રધાને સમગ્ર ટીમની ધીરજની પ્રશંસા કરી અને જણાવ્યું કે સફળતા ત્યારે જ મળે છે જ્યારે પડકારોનો સામનો ધીરજ અને મક્કમતા સાથે કરવામાં આવે. દુર્ઘટના બાદ દામોદર રજ્જુ માર્ગ, દેવઘરના પન્નાલાલ જોશીએ અનેક યાત્રીઓનાં જીવ બચાવ્યા. તેમણે વડાપ્રધાનને બચાવ અભિયાનમાં જોડાયેલા નાગરિકોની ભૂમિકા અંગે જણાવ્યું. વડાપ્રધાને તેમને જણાવ્યું કે બીજાઓને મદદ કરવી આપણી સંસ્કૃતિ છે. એ ઉપરાંત તેમણે તેમનાં સાહસ અને કુશળતાની પણ પ્રશંસા કરી.

દેવઘરના જિલ્લા મેજિસ્ટ્રેટ અને ડેપ્યુટી કમિશનર મંજુનાથ ભજનતરીએ અભિયાનમાં સ્થાનિક લોકોનાં સહયોગ અંગે પ્રશંસા અંગે વડાપ્રધાનને માહિતગાર કર્યા. વડાપ્રધાને જણાવ્યું કે દુર્ઘટનાનું સમગ્ર વર્ણન તૈયાર કરવામાં આવે. જેથી ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટનામાંથી બચી શકાય અને તેનું પુનરાવર્તન ન થાય. ●




# આપણા વારસાનું જીવંત પ્રતિબિંબ

**એમ કહેવામાં આવે છે કે જો તમે ભવિષ્યને વ્યાખ્યાયિત કરવા માંગતા હોવ તો તમારો ઈતિહાસ વાંચો. પોતાનાં દેશ અંગે જેટલું વધુ જાણશો, સમજશો, એટલો ચોક્કસ નિર્ણય લઈ શકશો. નવી વિચારધારાના સંવર્ધક વડપ્રધાન નરેન્દ્ર મોદી સ્વર્ણિમ ભૂતકાળમાંથી નવી પેઢીને અવગત કરાવવા ઉજ્જવળ, જાગૃત અને વિશ્વાસસભર નવા ભારતનાં ઉદયને ગતિ આપી રહ્યા છે. એ જ શ્રૃંખલામાં 14 એપ્રિલનાં રોજ નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી સંગ્રહાલયનું લોકાર્પણ કર્યું અને કહ્યું, "દેશ આજે જે ઊંચાઈ પર છે, ત્યાં સુધી તેને પહોંચાડવામાં સ્વતંત્ર ભારતમાં બનેલી દરેક સરકારનું પ્રદાન છે. આ સંગ્રહાલય પણ દરેક સરકારના સહિયારા વારસાનું જીવંત પ્રતિબિંબ બની ગયું છે."**

ઇતિહાસ અને વર્તમાનમાંથી ભવિષ્યનાં નિર્માણ અંગે રાષ્ટ્ર કવિ રામધારીસિંહ દિનકરે લખ્યું હતું, [illegible] કહેવાનો અર્થ એ છે કે આપણી સાંસ્કૃતિક ચેતનામાં જે ગૌરવશાળી અતીત સમાયેલું છે, તે કાવ્ય રૂપે ગુંજે. આ દેશનો ગૌરવશાળી ઇતિહાસ આપણે વર્તમાનના સંદર્ભમાં પણ પુનરાવર્તિત કરી શકીએ. દેશનાં યુવાનો અને ભાવિ પેઢીને સ્વર્ણિમ ભૂતકાળથી રૂબરૂ કરાવે અને વારસાને જાળવી રાખે એ દરેક રાષ્ટ્રની ફરજ બને છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં સરકાર સતત તેનાં પર કામ કરી રહી છે. દેશમાંથી ચોરાયેલી મૂર્તિઓ અને કલાકૃતિઓને વિદેશમાંથી પાછી લાવવાની હોય, જૂના સંગ્રહાલયોનું પુનઃનિર્માણ હોય કે નવા સંગ્રહાલય બનાવવાના હોય, છેલ્લાં સાત-આઠ વર્ષમાં મોટાં અભિયાન હાથ ધરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, કે આ પ્રયત્નો પાછળ બીજો એક મોટો હેતુ છે. જ્યારે આપણી યુવા પેઢીઓ જીવંત પ્રતીક જૂએ છે ત્યારે તેમને હકીકતનો પણ બોધ થાય છે અને સત્યનો પણ બોધ થાય છે.

વડાપ્રધાને જે નવી ટેકનોલોજીથી સજ્જ પ્રધાનમંત્રી સંગ્રહાલયનું લોકાર્પણ કર્યું તે ભારતના વિકાસને વ્યાખ્યાયિત કરનારું છે. આ સંગ્રહાલય સ્વતંત્રતા સંગ્રામના પ્રદર્શનથી શરૂ કરીને બંધારણ ઘડતરની ગાથા સંભળાવે છે, તો એ પણ દર્શાવે છે કે કઈ રીતે આપણા વડાપ્રધાનોએ વિવિધ પડકારોનો સામનો કરીને દેશને નવો માર્ગ ચીંધ્યો અને દેશની સર્વાંગી

## સંગ્રહાલયની વિશેષતા

- તીન મૂર્તિ ભવનના બ્લોક વનને નવનિર્મિત સંગ્રહાલયના બ્લોક બે સાથે એકીકૃત કરવામાં આવ્યું છે. બંને બ્લોક મળીને કુલ ક્ષેત્રફળ 15,600 ચોરસ મીટરથી વધુ છે.
- મ્યુઝીયમમાં કુલ 43 ગેલેરી છે અને આશરે 4000 લોકો તેને જોઈ શકે એવી વ્યવસ્થા છે.
- આ સંગ્રહાલયમાં 14 વડાપ્રધાન અંગેની માહિતી, તેમની પ્રેરણાદાયી વસ્તુઓ રાખવામાં આવી છે.
- સંગ્રહાલયનો લોગો રાષ્ટ્ર અને લોકશાહીના પ્રતીક ધર્મચક્રને ધારણ કરનારા ભારતના લોકોના હાથનું પ્રતિનિધિત્વ કરે છે.
- વર્ચ્યુઅલ રિયલ્ટી અને રોબોટનાં માધ્યમથી ભારતની ઝડપથી બદલાતી તસવીર જોવા મળશે. આ સંગ્રહાલય વિશ્વને બતાવશે કે ભારત કઈ રીતે ઝડપથી વિકાસ કરી રહ્યું છે.
- સંગ્રહાલયમાં વડાપ્રધાનો સાથે સેલ્ફી અને વર્ચ્યુઅલ સંવાદની વ્યવસ્થા કરવામાં આવી છે.
- પ્રોજેક્ટ દરમિયાન એક પણ વૃક્ષ કાપવામાં આવ્યું નહોતું.
- મ્યુઝીયમમાં પ્રદર્શિત સામગ્રી પ્રસાર ભારતી, દૂરદર્શન, ફિલ્મ ડિવિઝન, સંસદ ટીવી, સંરક્ષણ મંત્રાલય, મીડિયા હાઉસ (ભારતીય અને વિદેશી), વિદેશી સમાચાર એજન્સીઓ પાસેથી મેળવવામાં આવી છે.
- આર્કાઈવ્ઝનો યોગ્ય ઉપયોગ, કેટલીક વ્યક્તિગત વસ્તુઓ, ભેટો અને સ્મૃતિચિહ્નો, વડાપ્રધાનનાં ભાષણો અને તેમનાં જીવનનાં વિવિધ પાસાઓને થીમેટિક ફોર્મેટમાં રજૂ કરવામાં આવ્યાં છે.



**108** સંગ્રહાલયનાં નિર્માણ અને પુનર્નિર્માણમાં સહયોગ આપ્યો વર્ષ 2014થી અત્યાર સુધી કેન્દ્ર સરકારે. 50 સંગ્રહાલય શરૂ થઈ ચૂક્યા છે

### આ હેતુ છે

યુવા પેઢીને દેશનાં નેતૃત્વની ઉપલબ્ધિઓ અંગે સંવેદનશીલ બનાવવા જેથી દેશ માટે કરવામાં આવેલા કાર્યોથી લોકો માહિતગાર થાય. ભલે કોઈ પણ કાર્યકાળ કે વિચારધારા હોય. આ ઉપરાંત તેનાં દ્વારા બંધારણ ઘડતરની પ્રક્રિયા સમજી શકાય છે. લોકોને જેનાં વિષે નથી ખબર તેને ટેકનોલોજીની મદદથી સમજી શકાય છે.

**વિચારો અંગે સંમતિ કે અસંમતિ હોઈ શકે છે, અલગ અલગ રાજકીય ધારાઓ હોઈ શકે છે, પણ લોકશાહીમાં બધાંનો ધ્યેય એક જ હોય છે- દેશનો વિકાસ. આ સંગ્રહાલય આગામી પેઢીઓને પ્રેરિત કરશે અને ઊર્જાનું કેન્દ્ર બનશે. આપણા યુવાનો જાણી શકશે કે દેશનાં દરેક વડાપ્રધાને પડકારોને પાર કરીને દેશને આગળ વધારવામાં, નવા ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપ્યું છે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

પ્રગતિને સુનિશ્ચિત કરી. દેશના દરેક વડાપ્રધાને બંધારણીય લોકશાહીનુ પાલન કરવામાં ભરપૂર યોગદાન આપ્યું છે. તેમને યાદ કરવાં એ સ્વતંત્ર ભારતની યાત્રાને જાણવા બરાબર છે. દેશે જે અનેક ગૌરવમય ક્ષણો જોઈ છે, એ અતુલનીય પળોની ઝલક આ સંગ્રહાલયમાં જોવા મળશે. પ્રધાનમંત્રી સંગ્રહાલય આવનારી પેઢીઓ માટે જ્ઞાન, વિચાર, અનુભવોનો દરવાજો ખોલવાનું કામ કરશે. અહીં આવીને તેમને જે માહિતી મળશે, જે હકીકતોથી પરિચિત થશે એ તેમને ભવિષ્યનો નિર્ણય લેવામાં મદદ કરશે.

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારતના ઈતિહાસની મહાનતાથી, ભારતનાં સમૃદ્ધિ કાળથી આપણે બધાં પરિચિત છીએ. આપણને હંમેશા તેનો ગર્વ રહેશે. ભારતનો વારસો અને ભારતના વર્તમાનથી વિશ્વ સાચા રૂપમાં પરિચિત હોય એ પણ એટલું જ જરૂરી છે. આજે જ્યારે એક નવો વર્લ્ડ ઓર્ડર ઊભરી રહ્યો છે અને વિશ્વ ભારતને આશા અને વિશ્વાસની નજરે જોઈ રહ્યો છે ત્યારે ભારતે પણ દરેક ક્ષણે નવી ઊંચાઈ પર પહોંચવા માટે પોતાના પ્રયત્નો વધારવા પડશે.

એ આપણે ભારતવાસીઓ માટે ગૌરવની વાત છે કે આપણા મોટા ભાગના વડાપ્રધાન બહુ સાધારણ પરિવારમાંથી આવ્યા હતા. એ દેશને વિશ્વાસ અપાવે છે કે ભારતની લોકશાહી વ્યવસ્થામાં સામાન્ય પરિવારની વ્યક્તિ પણ ટોચનાં હોદ્દાઓ સુધી પહોંચી શકે છે. ●




## ભારત અને અમેરિકા

# ભાગીદારીનો નવો દાયકો

**વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત અને વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ અમેરિકા આજે એક બીજા માટે અત્યંત મહત્વનાં છે, એટલું જ નહીં પણ ઊર્જા, આરોગ્ય, ટેકનોલોજી, અવકાશ, સંરક્ષણ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં તથા આતંકવાદ સામે ભાગીદારીમાં નવા પરિમાણ ઉમેરી રહ્યા છે. આનો મોટા ભાગનો શ્રેય 2018માં થયેલા 2+2 ને સંવાદને જાય છે. તાજેતરમાં બંને દેશો વચ્ચે સતત ચોથા 2+2 સંવાદનું આયોજન થયું....**

ભારત અને અમેરિકા બંને દેશોનો ઇતિહાસ અનેક બાબતોમાં સમાન રહ્યો છે. બંને દેશોએ સામ્રાજયવાદી સરકારો સામે સંઘર્ષ કરીને સ્વતંત્રતા મેળવી અને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે બંને દેશોએ શાસનની લોકશાહી પ્રણાલિને અપનાવી. 1990ના દાયકામાં ભારતમાં આર્થિક નીતિ બદલાતાં ભારત અને અમેરિકાના સંબંધો ઝડપથી આગળ વધ્યા તો 2014 બાદ આ સંબંધોમાં અભૂતપુર્વ પ્રગતિ થઈ છે. 2018માં વિદેશ અને સંરક્ષણ મંત્રી સ્તરની 2+2 મંત્રણાની શરૂઆત બાદ બંને દેશોનાં સંબંધોને નવો આયામ મળ્યો છે. 11 એપ્રિલનાં રોજ અમેરિકામાં આયોજિત આ મંત્રણામાં ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી એસ જયશંકરે અમેરિકાન સંરક્ષણ મંત્રી લોઇડ જે ઓસ્ટીન અને વિદેશ મંત્રી એન્ટની બ્લિન્કન સાથે મંત્રણા કરી. મંત્રણા પહેલાં ભારત-અમેરિકા વચ્ચે વર્ચ્યુઅલ શિખર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું, જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેને સંબોધિત કર્યું.

### મંત્રણામાં અનેક મુદ્દા પર સમજૂતિ સધાઈ

ભારત અને અમેરિકા વચ્ચે 2+2 મંત્રણામાં બંને દેશોના સંરક્ષણ મંત્રી અને વિદેશ મંત્રીઓએ અનેક મહત્વનાં મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમાં રશિયા અને યુક્રેન યુધ્ધ મુદ્દે પણ વાતચીત થઈ. મંત્રણા દરમિયાન, બંને પક્ષોએ યુક્રેન સહિત વર્તમાન ઘટનાક્રમો પર ચર્ચા કરી અને હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં પોતાના સહયોગની સમીક્ષા કરી. મંત્રીઓએ યુક્રેનમાં બગડતી સ્થિતિનો ઉકેલ લાવવા પરસ્પર





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું-

## આજના અમેરિકા-ભારતના સંબંધોની દાયકાઓ પહેલાં કોઇને કલ્પના નહોતી

ભારત અને અમેરિકા એક બીજાના સ્વાભાવિક સહયોગી છે અને બંને દેશો વચ્ચે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સંબંધોમાં જે વિકાસ થયો છે, તેની કેટલાંક દાયકાઓ પહેલાં કલ્પના પણ કરી શકાતી નહોતી. આજની આપણી વાત એવા સમયે થઈ રહી છે જ્યારે યુક્રેનમાં સ્થિતિ બહુ ચિંતાજનક છે. થોડાં સપ્તાહ પહેલાં સુધી 20,000થી વધુ ભારતીયો યુક્રેનમાં ફસાયેલા હતા. ઘણી મહેનત બાદ, અમે તેમને સલામત પાછા લાવવામાં સફળ રહ્યા, જો કે એક વિદ્યાર્થીને જીવ ગુમાવવો પડ્યો. મેં યુક્રેન અને રશિયા બંને દેશોનાં રાષ્ટ્રપતિઓ સાથે અનેક વાર ફોન પર વાતચીત કરી. મેં શાંતિની અપીલ કરી એટલું જ નહીં પણ રાષ્ટ્રપતિ પુટીનને યુક્રેનના રાષ્ટ્રપતિ સાથે સીધી વાતચીત કરવાનું પણ સૂચન કર્યું.

તમે તમારા કાર્યકાળનાં પ્રારંભમાં જ મહત્વપૂર્ણ સૂત્ર આપ્યું હતું- Democracies can Deliver. ભારત અને અમેરિકાની ભાગીદારીની સફળતા આ સૂત્રને સાર્થક કરવાનું ઉત્તમ માધ્યમ છે.

રાષ્ટ્રપતિ બાઇડેને કહ્યું,

## ભારત સાથેના પરસ્પર સંબંધને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબધ્ધ

તમને જોઈને હંમેશા સારું લાગે છે. હું 24 મે (ક્વાડ સમિટ)નાં રોજ આપને જાપાનમાં જોવા માટે ઉત્સુક છું. અમે બંને દેશો વચ્ચે આર્થિક અને સંરક્ષણ ક્ષેત્રમાં ભાગીદારી મજબૂત કરવા અને બંને દેશોનાં લોકો વચ્ચે પરસ્પર સંબંધોને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબધ્ધ છીએ. અમેરિકા અને ભારત વચ્ચે 'મજબૂત અને વિસ્તૃત મહત્વની સંરક્ષણ ભાગીદારી' છે. રશિયન યુધ્ધથી સર્જાયેલી અસ્થિરતાનો સામનો કઈ રીતે કરવો તે અંગે ભારત અને અમેરિકા ગાઢ મંત્રણા ચાલુ રાખશે. હું યુક્રેનના લોકો માટે ભારતનાં માનવીય સમર્થનનું સ્વાગત કરવા માંગું છું. અમારી ભાગીદારીની જડમાં લોકો વચ્ચે ગાઢ સંપર્ક, પારિવારિક દોસ્તી અને સહિયારા મૂલ્યો છે. કોવિડ-19, આરોગ્ય સલામતી અને જળવાયુ સમસ્યાને કારણે સર્જાયેલા વૈશ્વિક પડકારો અંગે અમારી સહિયારી ચિંતા છે. આ ઉપરાંત, ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત સંરક્ષણ સંબંધો છે.

પ્રયત્નોની સમીક્ષા કરી અને આ યુધ્ધને પૂરું કરવા અપીલ કરી. આ દરમિયાન, સાયબર સલામતી અને સાયબર સ્પેસનાં મહત્વ પર પણ ભાર મૂક્યો. આ ઉપરાંત, મંત્રીઓએ આતંકવાદની ટીકા કરી અને તેનો સામનો કરવાના ઉપાય અંગે વિચારણા કરી. મંત્રણામાં મંત્રીઓએ દક્ષિણ ચીન સમુદ્ર સહિત નિયમ આધારિત વ્યવસ્થાનાં પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય કાયદાનાં પાલનનાં મહત્વ પર પણ ભાર મૂક્યો. આ ઉપરાંત, અફઘાનિસ્તાનનાં મુદ્દા પર પણ વાતચીત કરવામાં આવી.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, "એક દાયકાની અંદર અમેરિકાથી આપણો સંરક્ષણ પુરવઠો 20 અબજ ડોલરથી વધુ રહ્યો છે. અમે અમેરિકન કંપનીઓ પાસે ભારતમાં રોકાણ કરવાની અને મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમમાં સહયોગની અપેક્ષા રાખીએ છીએ. કોવિડ મહામારી છતાં ભારત-અમેરિકા સૈન્ય સંબંધોમાં વધારો થયો છે. સંદેશાવ્યવહારમાં ઉચ્ચ ક્ષમતા અને માહીતી વહેંચણીમાં પણ વધારો થયો છે. આ આપણા સંરક્ષણ ભાગીદારીમાં વધતા જતા માપદંડોનું પ્રતિબિંબ છે."

વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યું, "2+2 મંત્રણાનો હેતુ આપણી ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો છે. હાલના સમયમાં, આ વધુ પ્રાસંગિક છે કારણ કે અમારી ભાગીદારીનો દાયરો સતત વધી રહ્યો. આપણી ભાગીદારીનું મહત્વપૂર્ણ કેન્દ્ર હિન્દ-પ્રશાંત ક્ષેત્ર પણ છે. અમે જોયું છે કે છેલ્લાં એક વર્ષથી ક્વોડે ભારે ઝડપથી કામ કરીને નવી ઊંચાઇઓને સ્પર્શ કર્યો છે."



ભારત-નેપાળ સંબંધ

# સંબંધોમાં નવી મીઠાશ

**ભારત અને અમેરિકા બે એવા પડોશી છે જેમના સંબંધોને 'રોટી-બેટી'ના સંબંધની ઉપમાથી વ્યાખ્યાયિત કરવામાં આવે છે. ઐતિહાસિક, સાંસ્કૃતિક, ધાર્મિક, ભૌગોલિકની સાથે સાથે આર્થિક સ્તર પર બંને દેશો વચ્ચેના સંબંધો ગાઢ રહ્યા છે. નેપાળના વડાપ્રધાન શેરબહાદુર દેઉબા ત્રણ દિવસનાં ભારત પ્રવાસે આવ્યા ત્યારે આ સંબંધોની મીઠાશને દરેક વ્યક્તિએ અનુભવી....**

વર્ષ 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું વડપણ સંભાળ્યું ત્યારે નેપાળ ભારતીય ઉપખંડના એ દેશોમાં હતું જેની ભારતે પ્રથમ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, 2014 ઉપરાંત 2019માં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહમાં નેપાળના તત્કાલીન વડાપ્રધાન હાજર રહ્યા હતા. વાત એપ્રિલ-મે 2015ના ભૂકંપની હોય કે કોવિડનાં સમયમાં મુશ્કેલ સ્થિતિ હોવા છતાં રસીની મદદ કરવાની હોય, કે પછી રશિયા-યુક્રેન સંકટમાં ફસાયેલા 6 નેપાળી નાગરિકોને બચાવીને લાવવાની હોય. 'નેબર ફર્સ્ટ' (પડોશી પ્રથમ) એ હંમેશા વડાપ્રધાનની પ્રાથમિકતા રહી છે. ભારતે હંમેશા સાબિત કર્યું છે કે દરેક મુશ્કેલ સમયમાં ભારત તેનાં પડોશી નેપાળ સાથે ઊભું છે. ભારત, નેપાળનું સૌથી મોટું વેપારી ભાગીદાર હોવાની સાથે સાથે વિદેશી રોકાણનો સૌથી મોટો સ્ત્રોત પણ રહ્યો છે. 2 એપ્રિલનાં રોજ દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં નેપાળના વડાપ્રધાન શેરબહાદુર દેઉબા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે મંત્રણા થઈ. ભારત-નેપાળ સંબંધોના વિકાસમાં દેઉબાની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે અને નેપાળની શાંતિ, પ્રગતિ અને વિકાસની યાત્રામાં ભારત મજબૂત સાથી રહ્યું છે. શેરબહાદુર દેઉબા ભારતના જૂના મિત્ર રહ્યા છે અને વડાપ્રધાન તરીકે આ તેમની પાંચમી ભારત યાત્રા હતી.

## નેપાળમાં રૂપે લોંચ, યાત્રી ટ્રેન સેવાઓનું ઉદઘાટન

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેપાળના વડાપ્રધાન શેર બહાદુર દેઉબાએ સંયુક્ત રીતે નેપાળમાં રૂપે કાર્ડ લોંચ કર્યું



> ભારત અને નેપાળની દોસ્તી, બંને દેશોનાં લોકોના પરસ્પર સંબંધોનું ઉદાહરણ વિશ્વમાં બીજે ક્યાંય જોવા નથી મળતું. આપણી સભ્યતા, આપણી સંસ્કૃતિ, આપણું આદાન-પ્રદાન પ્રાચીન કાળથી જોડાયેલાં છે. અનાદિકાળથી આપણે એક બીજાના સુખ-દુ:ખના સાથી રહ્યા છીએ.
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

> હું વાસ્તવમાં નેપાળ માટે તમારા પ્રેમ અને સ્નેહની પ્રશંસા કરું છું અને મારી આજની યાત્રા આ સહજ ભાવનાઓને આગળ વધારશે. ભારત સાથે નેપાળના સંબંધો અત્યંત મહત્વપૂર્ણ છે.
> -શેર બહાદુર દેઉબા, વડાપ્રધાન, નેપાળ

## સદીઓ જૂનો છે વારાણસી અને નેપાળનો સંબધ

નેપાળના વડાપ્રધાન શેર બહાદુર દેઉબા પોતાની ભારત યાત્રાના છેલ્લાં દિવસે કાશી પણ ગયા. અહીં કાળ ભૈરવ મંદિરમાં પૂજા બાદ તેઓ કાશી વિશ્વનાથ મંદિર ગયા અને પૂજા અર્ચના કરી. કાશી યાત્રા દરમિયાન તેઓ લલિતાઘાટ સ્થિત પશુપતિનાથ મંદિર પણ ગયા અને નેપાળ સરકાર દ્વારા સંરક્ષિત અને સંચાલિત મંદિરમાં વિશેષ પૂજન, અભિષેક અને આરતી કરી. કાશીમાં તેમણે નેપાળી મંદિર સાથે સંકળાયેલા વૃધ્ધાશ્રમના જીર્ણોધ્ધાર કાર્યક્રમમાં ભાગ લીધો.

## સતત ચાલુ છે સંવાદ

ભારત અને નેપાળ વચ્ચે રાષ્ટ્રના વડા સ્તરની છેલ્લી યાત્રા 2019માં થઈ હતી, જ્યારે નેપાળના તત્કાલીન વડાપ્રધાન કેપી શર્મા ઓલી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રીમંડળના શપથગ્રહણ સમારોહમાં ભારત આવ્યા હતા. આ પહેલાં પીએમ મોદીએ ઓગસ્ટ 2018માં કાઠમંડુના ચોથા બિમસ્ટેક શિખર સંમેલનમાં ભાગ લેવા નેપાળની મુલાકાત લીધી હતી. નેપાળની સંસદમાં વોટ ઓફ કોન્ફીડન્સ જીત્યા બાદ તરત જ પીએમ મોદીએ પીએમ શેર બહાદુર દેઉબાને અભિનંદન આપ્યા હતા. એ પછી 19 જુલાઈ, 2021નાં રોજ ટેલિફોન પર બંને નેતાઓ વચ્ચે વાતચીત થઈ હતી. પીએમ મોદી અને પીએમ શેર બહાદુર દેઉબા વચ્ચે 2 નવેમ્બર, 2021નાં રોજ ગ્લાસગોમાં COP 26 સંમેલનમાં મુલાકાત થઈ હતી.

- બંને નેતાઓએ સંયુક્ત રીતે ભારતની આર્થિક મદદથી બનેલી જયનગર (ભારત) અને કુર્થા (નેપાળ) વચ્ચે સરહદ પાર યાત્રી ટ્રેન સેવાઓનું ઉદઘાટન કર્યું.
- બંને નેતાઓએ ભારત સરકારની ક્રેડિટ લાઇન અંતર્ગત નેપાળમાં બનેલા સોલુ કોરિડોર 132 કેવી પાવર ટ્રાન્સમિશન લાઇન અને સબ સ્ટેશનનું ઉદઘાટન કર્યું.
- સોલર એલાયન્સમાં પણ નેપાળ સત્તાવાર રીતે સામેલ થયું છે.

## ઝડપી ગતિથી આગળ વધવાનાં મહત્વ પર ભાર મૂક્યો

- બંને દેશોએ રેલવે અને ઊર્જાના ક્ષેત્રોમાં સહયોગનાં વિસ્તરણ માટે ચાર સમજૂતિઓ પર હસ્તાક્ષર કર્યા.
- મંત્રણામાં બંને દેશોએ પંચેશ્વર પ્રોજેક્ટમાં ઝડપી ગતિથી આગળ વધવાના મહત્વ પર ભાર મૂક્યો. આ પ્રોજેક્ટ આ વિસ્તારનાં વિકાસ માટે ગેમ ચેઇન્જર સાબિત થશે.
- મંત્રણામાં ભારતીય કંપનીઓ દ્વારા નેપાળમાં હાઇડ્રોપાવર વિકાસ યોજનાઓમાં વધુ ભાગીદારીના વિષય પર પણ સંમતિ વ્યક્ત કરવામાં આવી.
- બંને દેશોના વડાપ્રધાનોએ વેપાર અને તમામ પ્રકારના સરહદ પાર સંપર્કોને પ્રાથમિકતા આપવા પર પણ સંમતિ વ્યક્ત કરી.
- નેપાળમાં રૂપે કાર્ડના પ્રારંભથી ફાઇનાન્સિયલ કનેક્ટિવિટીમાં નવો અધ્યાય જોડાશે. નેપાળ પોલિસ એકેડેમી, નેપાળગંજમાં સંકલિત ચેક પોસ્ટ, રામાયણ સર્કિટ વગેરે પણ બંને દેશોને વધુ નજીક લાવશે.



## રસીકરણ 185 કરોડને પાર

# કોવિડ સામેની લડાઈમાં મહત્વપૂર્ણ પડાવ પર ભારત

**માર્ચના મહિનામાં કોવિડનાં દૈનિક કેસોની સંખ્યામાં ઐતિહાસિક ઘટાડો થયો છે, પણ કેન્દ્ર સરકાર આ મુદ્દે સહેજ પણ કચાશ રાખવા માંગતી નથી. કોવિડનાં નવા વેરિએન્ટ સતત સામે આવી રહ્યા છે ત્યારે રસીકરણની ઝડપ ચાલુ છે. હવે 18 વર્ષથી ઉપરની વયના લાકોને બુસ્ટર ડોઝ લગાવવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે, જેથી નવા વેરિએન્ટનો મજબૂત રીતે સામનો કરી શકાય. ભારત હવે કોવિડ સામેની લડાઈનાં મહત્વપૂર્ણ પડાવ પર છે..**

વિશ્વભરમાં ફરી એક વાર કોવિડના કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે ભારતમાં સ્થિતિ કાબુમાં છે. પ્રતિબંધોમાં છૂટછાટ આપવામાં આવી રહી છે અને જનજીવન સામાન્ય બની રહ્યું છે. ભારતમાં રાષ્ટ્રવ્યાપી કોવિડ રસીકરણ અંતર્ગત 18 એપ્રિલ સુધી 186.54 કરોડથી વધુ ડોઝ લગાવી દેવામાં આવ્યા છે, જ્યારે 12-14 વયજૂથના 2.43 કરોડથી વધુ કિશોરોને કોવિડ-19 રસીનો પ્રથમ ડોઝ લગાવવામાં આવ્યો છે. 12-14 વયજૂથના કિશોરો માટે કોવિડ-19 રસીકરણનો પ્રારંભ 16 માર્ચ, 2022નાં રોજ થયો હતો. બીજી બાજુ, 15થી 17 વર્ષના વયજૂથના 4.04 કરોડ કિશોરોનું રસીકરણ પૂરું થઈ ગયું છે અને 5.78 કરોડ કિશોરોને એક ડોઝ રસી લગાવી દેવાઈ છે. કોવિડ-19 રસી બધાં માટે ઉપલબ્ધ કરવા માટે નવો તબક્કો 21 જૂન, 2021થી શરૂ કરવામાં આવ્યો હતો. વધુને વધુ ડોઝ પૂરાં પાડીને રસીકરણ અભિયાનને ઝડપી બનાવવામાં આવી રહ્યું છે. ભારતમાં કોવિડના સક્રિય કેસોની સંખ્યા 18 એપ્રિલનાં રોજ 11,542 હતી, જ્યારે આ દિવસે છેલ્લાં 24 કલાકમાં 2,183 નવા કેસો નોંધાયા હતા. સક્રિય કેસો 0.03 ટકા અને રિકવરી રેટ 98.76 ટકા હતો.

### કેન્દ્રએ સાવધાની રાખવા નિર્દેશ આપ્યો

કેન્દ્ર સરકારે દેશનાં પાંચ રાજ્યોમાં કોરોના કેસોમાં વધારા અંગે ચિંતા વ્યક્ત કરી છે અને આ રાજ્યોને પત્ર લખીને સાવધાન રહેવા અને કડક દેખરેખ રાખવા નિર્દેશ આપ્યો છે. કેન્દ્ર સરકારનાં આરોગ્ય મંત્રાલય દ્વારા દિલ્હી, હરિયાણા, કેરળ, મહારાષ્ટ્ર અને મિઝોરમને પત્ર લખીને કોવિડ કેસો પર દેખરેખ રાખવા, સતર્કતા રાખવા અને તમામ જરૂરી પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે કોરોનાના નવા કેસોમાં વધારા પર સખત દેખરેખ રાખવામાં આવે અને જરૂર પડ્યે કડક

કોવિડ સામે આગળ વધતું ભારત

## બધાંને રસી, મફત દવા

- વિશ્વનું સૌથી મોટું અને મફત રસીકરણ અભિયાન. 3 મેડ ઇન ઇન્ડિયા રસી, CoWIN ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા સરળ રજીસ્ટ્રેશન
- દેશભરમાં 4143 નવા ઓક્સિજન ઉત્પાદન પ્લાન્ટ
- ઇમરજન્સી રિસ્પોન્સ પેકેજ અંતર્ગત 631 જિલ્લામાં પિડીયાટ્રિક કેર યુનિટ.
- ભારતનો દરેક જિલ્લો આરોગ્ય સુવિધાઓમાં આત્મનિર્ભર બની રહ્યો છે- પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન (PM-ABHIM) અંતર્ગત રૂ. 64,180 કરોડની

જોગવાઈ. (આંકડા 12 મે, 2022 સુધીનાં)

**185 કરોડથી વધુ કોવિડ રસી ડોઝ આપવાનું કામ તમારા સૌના પ્રયત્નોથી જ શક્ય બની શક્યું છે. પણ કોરોના વાયરસ હજુ ગયો નથી. તે વારંવાર સામે આવી રહ્યો છે. ભલે તે થોડાં સમય માટે રોકાઇ ગયો હોય પણ કોઇને ખબર નથી કે તેનું કોઈ નવું સ્વરૂપ ક્યારે સામે આવી જાય. તેથી, સંપૂર્ણ સાવધાની રાખો.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

કાર્યવાહી પણ કરવામાં આવે. દરમિયાન, કોવિડ-19નું નવું સ્વરૂપ XE ફરી એક વાર વિશ્વભરમાં ફેલાઇ રહ્યું છે. ભારતમાં અત્યાર સુધી XEના કેસની પુષ્ટિ નથી થઈ. સાવધાની રાખવાની અને કોવિડના દિશા નિર્દેશોનું પાલન કરવું જરૂરી છે.

### હવે દરેક પુખ્તો માટે બુસ્ટર ડોઝ

રસીકરણના ખાનગી કેન્દ્રો પર હવે 10 એપ્રિલથી 18થી વધુ ઉંમરના લોકો માટે કોવિડનો પ્રિકોશન ડોઝ પૂરો પાડવામાં આવી રહ્યો છે. ખાનગી રસીકરણ કેન્દ્રોનાં માધ્યમથી 18 વર્ષથી વધુ ઉંમરના લોકોને પ્રિકોશન ડોઝ આપવાનું કામ 10 એપ્રિલથી શરૂ થયું છે. 18 વર્ષથી ઉપરનાં બધાં લોકો બીજો ડોઝ લીધાના 9 મહિના બાદ પ્રિકોશન ડોઝ લઈ શકશે. આ સુવિધા તમામ ખાનગી રસીકરણ કેન્દ્ર પર ઉપલબ્ધ છે. પાત્રતા ધરાવતી વ્યક્તિઓ માટે પ્રથમ અને બીજા ડોઝ માટે સરકારી રસીકરણ કેન્દ્રોનાં માધ્યમથી ચાલી રહેલા મફત રસીકરણ કાર્યક્રમની સાથે સાથે હેલ્થકેર વર્કર્સ અને 60 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે પ્રિકોશન ડોઝ ચાલુ રહેશે અને તેને ઝડપી કરવામાં આવશે. ખાનગી રસીકરણ કેન્દ્રો પર 18-59 વર્ષનાં લોકો માટે કોવિડનાં પ્રિકોશન ડોઝ લગાવવા સંબંધમાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોનાં આરોગ્ય સચિવોની એક નીતિ નિર્ધારક બેઠક 9 એપ્રિલનાં રોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવનાં વડપણમાં આયોજિત કરવામાં આવી. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા અગાઉ જારી કરવામાં આવેલા દિશા-નિર્દેશ પ્રમાણે ખાનગી રસીકરણ કેન્દ્રો રસીકરણ સ્થળોનું મેઇન્ટેનન્સ કરશે. દેશમાં 18 વર્ષથી 59 વર્ષના લોકોને રસીકરણનાં પ્રથમ દિવસે કોવિડ-19નાં કુલ 9,674 પ્રિકોશન ડોઝ લગાવવામાં આવ્યા.

### કોવિડ મૃત્યુનાં વળતર માટે સમય મર્યાદા

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય પ્રમાણે, સુપ્રીમ કોર્ટે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા જાહેર કોવિડ વળતર માટેની અરજી દાખલ કરવાની મુદત નક્કી કરી છે. મંત્રાલયના જણાવ્યા પ્રમાણે કોવિડ પિડિતોને વળતર માટે અરજી કરવા 24 માર્ચથી 60 દિવસનો સમય આપવામાં આવ્યો છે. 20 માર્ચ, 2022 પહેલાં કોવિડ સંક્રમણથી મૃત્યુ પામનારી વ્યક્તિ માટે આ નિયમ છે. ભવિષ્યમાં કોવિડથી થનારા મૃત્યુ માટે 90 દિવસનો સમય આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જો કે અગાઉ નિર્ધારિત નિયમો ચાલુ રાખવામાં આવશે. મંત્રાલયે એમ પણ જણાવ્યું કે નકલી દાવાના જોખમને ઘટાડવા માટે તપાસની વ્યવસ્થા પણ કરવામાં આવશે. ●

## 1857નો સ્વતંત્રતા સંગ્રામ

# ભારતની આઝાદીનું પ્રથમ બ્યૂગલ

**ભારતના સ્વતંત્રતા સંગ્રામની ચર્ચા થતી હોય ત્યારે 1857માં થયેલાં પ્રથમ વિપ્લવમાં પોતાનાં પ્રાણોનું બલિદાન આપનારા ક્રાંતિકારીઓને ન ભૂલવા જોઈએ. બળવાની શરૂઆત ૧૦ મે ૧૮૫૭ના રોજ મેરઠમાં થઈ હતી જ્યારે બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સેના દ્વારા ભરતી કરવામાં આવેલા મૂળ સૈનિકોમાંથી સિપાહીઓના એક જૂથે કથિત જાતિ આધારિત અન્યાય અને અસમાનતા સામે બંડ પોકાર્યો હતો. આ આંતરિક બળવો ટૂંક સમયમાં કંપનીની સામે વિદ્રોહ અને નાગરિક બળવામાં ફેરવાઈ ગયો હતો....**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "પોતાનાં ઈતિહાસનું સન્માન ન કરે અને જે લોકોએ ઈતિહાસ સ્થાપ્યો છે અથવા એ ઈતિહાસનો મહત્વપૂર્ણ હિસ્સો છે, તેમને યાદ ન કરે તેનું ભવિષ્ય સલામત નથી હોતું." 200 વર્ષની ગુલામીના સમયગાળામાં ભારતનાં ઈતિહાસને અનેક વાર વિકૃત કરવામાં આવ્યો, તો આઝાદી બાદ ઈતિહાસનું જતન કરવાનાં ખાસ પ્રયત્નો ન થયાં. 1857નો સ્વતંત્રતા સંગ્રામ તેનું એક ઉદાહરણ છે. સમગ્ર વિશ્વમાં તેને 'સિપાહી બળવો' કહેવામાં આવ્યો, પણ આ બળવાનાં 52 વર્ષ બાદ 1909માં વિનાયક દામોદર સાવરકરે પોતાના પુસ્તક 'ધ ઇન્ડિયન વૉર ઓફ ઇન્ડિપેન્ડન્સ 1857' માં તેને સ્વતંત્રતા સંગ્રામ તરીકેનું સ્થાન આપ્યું. ગૃહ મંત્રી અમિત શાહે એક કાર્યક્રમ દરમિયાન તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું, "વીર સાવરકર ન હોત તો 1857ની ક્રાંતિ પણ ઈતિહાસ બની જાત, અને તેને પણ આપણે અંગ્રેજોની નજરે જોતાં હોત."

ભારતના ઈતિહાસમાં 1857નો સ્વતંત્રતા સંગ્રામ એવી પહેલી સશસ્ત્ર ક્રાંતિ હતી, જેમાં મોટાં પાયે અને મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. કમળ અને રોટલી તેનું પ્રતીક બન્યાં. ક્રાંતિ માટે 31 મે, 1857નો દિવસ નક્કી કરવામાં આવ્યો હતો, પણ તેની શરૂઆત 10મેનાં રોજ મેરઠની છાવણીમાં અચાનક થઈ ગઈ. ચરબીવાળી કારતૂસનો ઉપયોગ કરવાની મનાઈ કરનાર ભારતીય સિપાહીઓને કોર્ટ માર્શલ કરીને જેલમાં પૂરવાનો આદેશ કરવામાં આવ્યો. સિપાહીઓએ જેલ તોડી નાખી અને 85 સિપાહીઓએ મેરઠની છાવણીમાં વચ્ચે આવનારાં તમામ અંગ્રેજી અધિકારીઓની હત્યા કરી દીધી. એક ગામ પાસે બધાં એકઠાં થયા અને દિલ્હી તરફ નીકળી પડ્યાં. વૃધ્ધ મુગલ બાદશાહ બહાદુર શાહ ઝફરને પોતાના નેતા બનાવીને અંગ્રેજો સામે મેદાનમાં ઉતરી પડ્યાં. મેરઠ અને દિલ્હીમાં ક્રાંતિ થઈ રહી છે તેવાં સમાચાર મળતાં જ બીજા વિસ્તારોનાં લોકો પણ તેમાં જોડાઈ ગયા અને અંગ્રેજોને પહેલી વાર ભારતમાં આટલાં મોટા સામૂહિક વિરોધનો સામનો કરવો પડ્યો. પેશવા નાના સાહેબ, તાત્યા ટોપે, રાણી લક્ષ્મીબાઈ, બાબુ કુંવર સિંહ, અઝીમુલ્લા ખાં, બેગમ હઝરત મહલ સહિત અનેક ક્રાંતિકારીઓ વિપ્લવના મુખ્ય ચહેરા તરીકે ઊભર્યા. ક્રાંતિની આ જ્વાળાને દબાવવામાં અંગ્રેજોને બે વર્ષથી વધુ સમય લાગ્યો અને તેનાં પરિણામે ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનાં શાસનનો અંત આવ્યો. આ ક્રાંતિએ ભારતમાં સામંતી યુગનો અંત આણ્યો અને એક નવા યુગને જન્મ આપ્યો. નવા યુગનું નેતૃત્વ પ્રગતિશીલ અને શિક્ષિત ભારતીય પેઢી કરવાની હતી. આ બળવાએ ભારતીય રાજકારણ, વહીવટ, સામાજિક અને આર્થિક વ્યવસ્થા અને રાષ્ટ્રીય ભાવનાને અસર કરી. હકીકતમાં, 1857ની ક્રાંતિ કોઈ સામાન્ય સિપાહી બળવો નહોતો. અંગ્રેજોની ગુલામીમાંથી ભારત માતાને સ્વતંત્ર કરવા માટે આપણા પૂર્વજો દ્વારા સુનિયોજીત સ્વતંત્રતા સંગ્રામ હતો, જેને કારણે 90 વર્ષ બાદ 1947માં આપણે સ્વતંત્ર થયા. મેરઠમાં જે



સ્થળે આ સ્વતંત્રતા સંગ્રામની શરૂઆત થઈ, ત્યાં શહીદ સ્મારક દ્વારા આ 85 વીર બલિદાનીઓની સ્મૃતિને જાળવવામાં આવી છે. આ વર્ષે જાન્યુઆરી મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુદ ત્યાં ગયા હતા. નરેન્દ્ર મોદી બીજા વડાપ્રધાન છે, જેમણે મેરઠના આ શહીદ સ્થળે જઇને અમર બલિદાનીઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરી.

**1857નાં ભારતીય સ્વતંત્રતા સંગ્રામની 165મી વર્ષગાંઠે અમૃત મહોત્સવની શ્રુંખલામાં આ અંકમાં વાંચો આ વિપ્લવ સાથે સંકળાયેલા તાત્યા ટોપે, ઉદા દેવી, બે ભાઈ નીલાંબર અને પીતાંબર તથા પિયાલી બરુઆની બલિદાન ગાથા...**

# ગેરિલા યુધ્ધના મહાનાયક તાત્યા



1857માં દેશમાં આઝાદીનું બ્યુગલ ફુંકનારા મોટાં નામોમાં એક નામ તાત્યા ટોપેનું પણ છે. તેમણે 1857માં સ્વતંત્રતા સંગ્રામનો પાયો નાંખ્યો એટલું જ નહીં, પણ સમગ્ર દેશમાં આઝાદી માટે ચેતના જગાવી. તેમણે, ગુલામીને પોતાની નિયતી માની ચૂકેલી જનતાને બતાવ્યું કે આઝાદી શું હોય છે અને તેને હાંસલ કરવી કેટલી જરૂરી છે.? 16 ફેબ્રુઆરી, 1814નાં રોજ જન્મેલા તાત્યા ટોપેનું સાચું નામ રામચંદ્ર પાંડુરંગ રાવ હતું. મહારાષ્ટ્રનું યેવલા તેમનું પૈતૃક ગામ હતું, પેશવા બાજીરાવ બીજા પૂણેથી નીકળીને કાનપુર પાસે બિઠુર ગયા ત્યારે પૂણેથી અનેક પરિવારો તેમની સાથે ત્યાં ગયા હતા. તેમાં પાંડુરંગ પરિવાર પણ સામેલ હતો. પાંડુરંગ તેમનાં પત્ની, બાળકો રામચંદ્ર અને ગંગાધર સાથે બિઠુર આવી ગયા હતા. બિઠુરમાં તાત્યા ટોપે નાના સાહેબ અને મોરોપંત તાંબે (રાણી લક્ષ્મીબાઈના પિતા)ના સંપર્કમાં આવ્યા. તેઓ નાના સાહેબના મિત્ર, દીવાન, વડાપ્રધાન અને સેના પ્રમુખ જેવા હોદ્દાઓ પર રહ્યા હતા. બ્રિટિશ સૈનિકોએ ઝાંસીને ઘેરી લીધું ત્યારે નાના સાહેબે તાત્યાના વડપણમાં સેનાને મોકલી. વિષ્ણુભટ ગોડસેએ પોતાની પ્રવાસ ડાયરી 'માઝા પ્રવાસ'માં લખ્યું છે કે આ યુધ્ધમાં તાત્યા ટોપેની સેના બહુ બહાદુરીપૂર્વક લડી, પણ તાત્યા આ યુધ્ધ ન જીતી શક્યા. પેશવા ઝાંસી પર કબ્જો કરવામાં નિષ્ફળ જતાં રાણી લક્ષ્મીબાઈ પાસે ઝાંસી છોડવા સિવાય કોઈ વિકલ્પ ન બચ્યો. કાનપુર, ચરખારી, ઝાંસી અને કોંચની લડાઈનું વડપણ તાત્યા ટોપેનાં હાથમાં હતું. ચરખારીને બાદ કરતાં બાકીનાં તમામ સ્થળે તેમનો પરાજય થયો. તાત્યા અને લક્ષ્મીબાઈને ગ્વાલિયમાં સફળતા મળી. ગ્વાલિયરનાં કિલ્લા પર કબ્જો કર્યા બાદ અંગ્રેજો પણ અચંબિત રહી ગયા. અહીં અંગ્રેજો સાથે ફરી એક વાર ભીષણ યુધ્ધ થયું, જ્યાં રાણી લક્ષ્મીબાઈનું મૃત્યુ થયું. પણ નાના સાહેબનાં ભત્રીજા રાવ સાહેબ અને તાત્યા અંગ્રેજોના હાથમાં ન આવ્યા. બંનેએ સંઘર્ષ ચાલુ રાખ્યો. એ પછી તાત્યા ટોપેનું જીવન શૌર્ય ગાથાથી ભરપૂર રહ્યું. લગભગ તમામ સ્થળો પર બળવાને ડામી દેવામાં આવ્યો હતો. પણ તાત્યાએ એક વર્ષનાં લાંબા સમય સુધી ગણ્યા ગાંઠ્યા સૈનિકો સાથે અંગ્રેજ સેનાને હચમચાવી દીધી. આ દરમિયાન, તેમણે દુશ્મનો વિરુધ્ધ એવા ગેરિલા યુધ્ધનું સંચાલન કર્યું જેણે તેમને વિશ્વનાં ગેરિલા યોધ્ધાની પ્રથમ હરોળમાં લાવીને મૂકી દીધાં. આ ગેરીલા યુધ્ધ દરમિયાન તાત્યા ટોપેએ દુર્ગમ ટેકરીઓ અને ખીણોમાં વરસાદથી વહેતી નદીઓ અને ભયાનક જંગલો પાર કરીને મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં એવી લાંબી દોડ લગાવી જેણે અંગ્રેજોના કેમ્પમાં સન્નાટો મચાવી દીધો. કહેવાય છે કે શિવપુરી પાસે નરવરના રાજા માનસિંહે તાત્યાનાં ઠેકાણા અંગે અંગ્રેજોને જાણ કરી દીધી. 7 એપ્રિલ, 1858નાં રોજ ઉંઘી રહેલા તાત્યાની ધરપકડ કરી લેવામાં આવી. શૂરવીર તાત્યાને અંગ્રેજો જાગતા ન પકડી શક્યા. બળવો અને અંગ્રેજો વિરુધ્ધ યુધ્ધ લડવાના આરોપમાં 15 એપ્રિલ, 1859નાં રોજ શિવપુરીમાં તાત્યાનું કોર્ટ માર્શલ કરવામાં આવ્યું. તેમને ફાંસીની સજા ફરમાવવામાં આવી. શિવપુરીનાં કિલ્લામાં તેમને ત્રણ દિવસ બંધ રાખવામાં આવ્યા. 18 એપ્રિલનાં રોજ સાંજે ચાર વાગે તાત્યાને અંગ્રેજ કંપનીની સલામતી હેઠળ બહાર લાવવામાં આવ્યા અને હજારો લોકોની હાજરીમાં ખુલ્લા મેદાનમાં ફાંસી પર લટકાવી દીધાં. કહેવાય છે કે તાત્યા ફાંસીનાં માંચડા પર નીડરતાપૂર્વક ચડ્યા અને જાતે જ ગાળિયામાં પોતાનું ગળું નાખી દીધું. જો કે, આ જાણીતી વાત અંગે બહુ વિવાદ થયા છે. તો એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે અંગ્રેજોએ તાત્યાની જગ્યાએ બીજા કોઈને પકડી લીધાં હતાં. તાત્યાનાં મૃત્યુ અંગે ભલે વિવાદ થયા હોય પણ તેમની બહાદુરીએ અંગ્રેજોની ઉંઘ હરામ કરી દીધી હતી એમાં કોઈ શક નથી.



# ઉદા દેવી, જેમણે 1857ના બળવામાં 30થી વધુ અંગ્રેજ સૈનિકોનો ખાત્મો બોલાવ્યો હતો



1857ના બળવામાં ઝાંસીની રાણીની જેમ અંગ્રેજો સામે હિંમતભેર લડનારી વીરાંગના ઉદા દેવીને ઇતિહાસમાં મળવું જોઈતું હતું તેટલું સ્થાન નથી મળ્યું. અવધના ઉજરિયા ગામના ગરીબ પરિવારમાં જન્મેલાં ઉદા દેવીને અંગ્રેજો સામે ઝઝૂમનારી વીરાંગનાઓમાંની એક તરીકે યાદ કરવામાં આવે છે. બાળપણથી જ ઉદા દેવીના મનમાં અંગ્રેજો પ્રત્યે આક્રોશ હતો. 1856માં અંગ્રેજોએ અવધના નવાબ વાજિદ અલી શાહને કોલકતા મોકલી દીધાં હતા અને અવધનું સુકાન તેમની બેગમ હઝરત મહલને સોંપી દીધી. કહેવાય છે કે ઉદા દેવીએ બેગમ હઝરત મહલને અંગ્રેજો સામેની લડાઇમાં ભાગ લેવાની વિનંતી કરી. બેગમે તેમને મહિલાઓની તાલીમબધ્ધ ટૂકડી તૈયાર કરવા જણાવ્યું. આ દરમિયાન, ઉદા દેવીનાં લગ્ન અવધ સેનાના સૈનિક મક્ક પાસી સાથે થયાં. 10 જૂન, 1857નાં રોજ લખનઉના ચિનહટ કસ્બા પાસેના ઈસ્માઈલગંજમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સેના સાથે થયેલા યુધ્ધમાં મક્કા પાસી શહીદ થયા. પતિનાં મૃત્યુની આઘાતમાં સરી પડેલા ઉદા દેવીનું જીવન અહીંથી બદલાઈ ગયું. કહેવાય છે કે, ઉદા દેવીએ પતિનાં શબ પર તેમની શહીદીનો બદલો લેવાનાં સોગંધ ખાધા હતા. 16 નવેમ્બર, 1857નાં રોજ અંગ્રેજોની વિશાળ સેનાએ લખનઉના સિકંદરબાગને ઘેરી લીધું. એ વખતે સિકંદરબાગમાં આશરે 2,000 ભારતીય સિપાહીઓ હતા. ઉદા દેવીએ પોતાની મહિલા સૈનિકોની ટૂકડીને અંગ્રેજ સેનાનો સામનો કરવાનો હૂકમ આપ્યો. તેઓ પોતે પણ પુરુષોનાં વેશમાં બંને હાથમાં પિસ્તોલ અને કારતૂસ લઈને પીપળાનાં ઝાડ પર ચડી ગયાં. ઝાડનાં પાંદડાઓ વચ્ચે છુપાઇને અંગ્રેજ સૈનિકોને નિશાન બનાવ્યાં. તેમણે આક્રમણખોર અંગ્રેજ સૈનિકોને રોકી રાખ્યા અને તેમનો દારુગોળો ખલાસ થઈ જતાં સિકંદરબાગમાં પ્રવેશી જ ન શક્યા. કહેવાય છે કે ઉદા દેવીએ સ્નાઇપરની જેમ હૂમલો કરીને 32 અંગ્રેજ સૈનિકોને મારી નાખ્યા. સૈનિકોને પત્તાની જેમ પડતાં જોઇને અંગ્રેજોને ખબર પડી ગઈ કે ઝાડ પરથી ગોળીઓ વરસી રહી છે. ઉદા દેવી ઝાડ પરથી નીચે ઉતરતાં હતા ત્યારે અંગ્રેજ સૈનિકોએ તેમને ગોળી મારી દીધી. તેમનાં મૃત શરીરને નીચે ઉતારવામાં આવ્યું ત્યારે બંનેના હાથમાં પિસ્તોલ ધરાવતા પુરુષ વેશમાં સ્ત્રીને જોઇને બધાં નવાઇ પામી ગયા. કહેવાય છે કે ઉદા દેવીની વીરતાથી પ્રભાવિત થઈને અંગ્રેજ સેનાપતિએ પોતાની હેટ ઉતારીને તેમને સલામી આપી હતી. બ્રિટિશ અધિકારીઓ પર ઉદા દેવીની વીરતાની એટલી ઘેરી અસર પડી કે બ્રિટનના અખબારોમાં આ સમાચાર હેડલાઇન સાથે છપાયા. આજે પણ પીલીભીત વિસ્તારમાં ઉદા દેવીની વીરતા અને વીરગતિની પ્રશંસામાં લોકગીત ગવાય છે. ઉદા દેવીની વીરતા માતૃભૂમિ માટે સમર્પિત યુવાનો માટે પ્રેરણાસ્રોત છે અને સમગ્ર દેશ માટે એક દ્રષ્ટાંત છે. 19 નવમેબર, 2021નાં રોજ રાષ્ટ્ર રક્ષા સમર્પણ પર્વ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીરાંગના ઉદા દેવીની વીરતાને યાદ કરી હતી.



# પિયાલી બરુઆએ 1857ની ક્રાંતિમાં આસામમાં અંગ્રેજો સામે મોરચો સંભાળ્યો હતો

1857માં ભારતનાં પ્રથમ સ્વતંત્રતા સંગ્રામમાં પિયાલી બરુઆએ સક્રિય ભાગ લીધો હતો એટલું જ નહીં પણ તેમણે અન્ય એક સ્વતંત્રતા સેનાની મણિરામ દીવાન સાથે મળીને અંગ્રેજો વિરુધ્ધ મોરચો માંડ્યો હતો. પિયાલી બરુઆ અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા હતા, જેમણે પશ્ચિમી તાકાતનો હિંમતભેર સામનો કર્યો હતો. સ્વતંત્રતા સેનાની અને આસામીઝ નેતા પિયાલી બરુઆએ સ્વતંત્ર આસામ માટે બ્રિટિશ શાસનો વિરુધ્ધ ક્રાંતિની શરૂઆત કરી હતી. તેમણે આસામમાં ચીફ લેફ્ટનન્ટ તરીકે અંગ્રેજો સામે તમામ યોજનાઓ ઘડી હતી. તેમણે 1857ની

# નીલાંબર અને પીતાંબરના ગેરિલા યુધ્ધથી અંગ્રેજો કાંપતા હતા

1857માં આઝાદીની પ્રથમ લડાઈમાં શહીદી વહોરનાર ઝારખંડના મહાનાયક નીલાંબર અને પીતાંબર એવા મહાન સ્વતંત્રતા સેનાની હતા, જેમણે 1857નાં પ્રથમ સ્વતંત્રતા સંગ્રામમાં અંગ્રેજો સામેનાં બળવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઝારખંડના પલામુના રહેવાસી નીલાંબર અને પીતાંબરનાં મનમાં બાળપણથી જ રાષ્ટ્રપ્રેમની ભાવના હતી. તેમનાં નેતૃત્વમાં પલામુમાં અંગ્રેજો સામે મોરચો ખૂલ્યો. બળવાખોરોને સ્થાનિક જાગીરદારો અને અન્ય લોકોનું સમર્થન મળવા લાગ્યું. અંગ્રેજો સામેની લડાઈમાં બંને ભાઈઓએ ભોગતા અને ખરવાર સમુદાયને ભેગાં કરીને શક્તિશાળી સંગઠન બનાવ્યું અને પોતાન શક્તિશાળી બનાવવા જાગીરદારો સાથે મિત્રતા કરીને અંગ્રેજો સામેનું બ્યૂગલ ફૂંકી દીધું. અંગ્રેજો સામેની લડાઈમાં બાબુ કુંવર સિંહ સાથે પણ તેમનો સતત સંપર્ક રહ્યો. કહેવાય છે કે બંને ભાઈઓ ગેરિલા યુધ્ધમાં પાવરધા હતા, જેના કારણે તેઓ અંગ્રેજોને બહુ દોડાવતા હતાં. તેમના વડપણમાં મોટી સંખ્યામાં ગ્રામીણો અંગ્રેજો સામે આઝાદીની લડાઈ લડી રહ્યા હતા. તેમના આંદોલનને અંગ્રેજ સરકારને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું. તેમણે અંગ્રેજોને એટલાં હેરાન કર્યા કે આ વિસ્તારના કમિશનર ડાલ્ટનને મોરચો સંભાળવા માટે પલામુ આવવું પડ્યું. તેમની સાથે લશ્કરની મોટી ટૂકડી આવી અને જોરદાર સંઘર્ષ થયો. અંગ્રેજોએ અનેક પ્રયત્નો કર્યા છતાં તેઓ બંને ભાઈઓની ધરપકડ ન કરી શક્યા. અંતે, મહામહેનતે કર્નલ ડાલ્ટને બંને ભાઈઓની ધરપકડ કરી અને તેમની સામે કેસ ચલાવીને માત્ર 35 વર્ષની વયમાં બંનેને ફાંસીએ લટકાવી દીધા. 1859માં જાહેરમાં પહાડી ગુફા સામે આંબાના ઝાડ પર તેમને ફાંસી આપવામાં આવી જેથી આદિવાસીઓનું મનોબળ તૂટી જાય, આજે પણ અહીંના લોકો બંને ભાઈઓને શ્રધ્ધાપૂર્વક યાદ કરે છે. નીલાંબર અને પીતાંબરના ગામ ચેમો સાન્યામાં આજે પણ એ ઝાડ હાજર છે, જેની નીચે બેસીને બંને ભાઈ અંગ્રેજો સામેની લડાઈ માટે વ્યૂહ ઘડતા હતા. કહેવાય



છે કે અંગ્રેજ શાસન સામે 1857નાં સ્વતંત્રતા સંગ્રામના મહાનાયક નીલાંબર-પીતાંબરે માત્ર પલામુ જ નહીં પણ આરા, ભોજપુર, સરગુજા, રાંચી, લોહરદગા, ગુમલા અને ચતરા સુધી અંગ્રેજો સામે ઝીંક ઝીલી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનજાતિય ગૌરવ દિવસ પ્રસંગે 15 નવેમ્બર, 2021નાં રોજ રાંચીમાં ભગવાન બિરસા મુંડા સ્મૃતિ બાગ અને સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું જેમાં વિવિધ આંદોલનો સાથે સંકળાયેલા અન્ય આદિવાસી સ્વતંત્રતા સેનાનીઓની સાથે સાથે નીલાંબર-પીતાંબર અંગે પણ માહિતી આપવામાં આવી છે.

# પિયાલી બરુઆએ આસામમાં ચીફ લેફ્ટનન્ટ તરીકે અંગ્રેજો સામે તમામ યોજનાઓ ઘડી હતી

સ્વતંત્રતા સામેની પ્રથમ લડાઈમાં અંગ્રેજો સામે બળવાની રૂપરેખા તૈયાર કરવામાં મુખ્ય ભૂમિકા નિભાવી. એ માટે તેમણે આસામના યુવાનોને બ્રિટિશ શાસનનો સામનો કરવાની અપીલ કરી અને ક્રાંતિકારીઓનું એક જૂથ રચ્યું. કલકત્તામાં રહેતા હોવા છતાં મણિરામ સતત પિયાલીના સંપર્કમાં રહ્યા અને યોજના ઘડતા રહ્યા. જો કે, તેમની એક ગુપ્ત બેઠક મળે તે પહેલાં જ યોજનાનો પર્દાફાશ થઈ ગયો. અંગ્રેજોએ મણિરામ દીવાનની કલકત્તામાં અને પિયાલી બરુઆની જોરહાટમાં ધરપકડ કરી. તેમનાં પર રાજદ્રોહનો આરોપ લગાવવામાં આવ્યો અને 26 ફેબ્રુઆરી, 1858નાં રોજ બંનેને જોરહાટમાં જાહેરમાં ફાંસી પર લટકાવી દીધા. લોકોનાં દિલમાં બળવાનું બ્યૂગલ ફુંકનાર બંને ક્રાંતિકારીઓનો અવાજ કાયમ માટે ચૂપ થઈ ગયો. દર વર્ષે 26 ફેબ્રુઆરીનાં રોજ સમગ્ર દેશ સ્વતંત્રતા સંગ્રામના આ શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે. અંગ્રેજો સામેની લડાઈ અને દેશની આઝાદી માટે તેમનાં બલિદાનનું સન્માન કરવા માટે ગુવાહાટીમાં મણિરામ દીવાન અને પિયાલી બરૂઆની પ્રતિમા સ્થાપવામાં આવી છે. ●

# ભારત પર મા અન્નપૂર્ણાના આશીર્વાદ હંમેશા રહ્યા છે



**આપણી સંસ્કૃતિમાં ભોજન, આરોગ્ય અને શિક્ષણને હંમેશા બહુ મહત્વ આપવામાં આવ્યું છે અને મા અન્નપૂર્ણાની કૃપાથી ભારતીય ખેડૂતો પહેલાંથી જ વિશ્વનાં લોકોનું ધ્યાન રાખી રહ્યા છે. એટલું જ નહીં, વૈશ્વિક મહામારી કોવિડ-19 દરમિયાન મા અન્નપૂર્ણાના આશીર્વાદથી જ આપણે તરસ્યા માટે પાણી, બિમારો માટે દવાઓ અને ભૂખ્યાં માટે ભોજન પૂરું પાડી શકીએ છીએ. ગુજરાતનું શ્રી અન્નપૂર્ણાધામ લાંબા સમયથી આધ્યાત્મિક અને સામાજિક કાર્યો સાથે જોડાયેલું રહ્યું છે અને હવે તેમાં વિસ્તરણ પણ થયું છે....**

ભારત સરકાર દેશનાં એક પણ નાગરિકને ભૂખ્યા ન સૂવા દેવા માટે પ્રતિબધ્ધ છે. એટલાં માટે જ કોવિડ મહામારી દરમિયાન સરકારે 80 કરોડથી વધુ લોકો માટે મફતમાં અનાજની વ્યવસ્થા કરી અને પછી પણ આ યોજનાને લંબાવવામાં આવી. એટલું જ નહીં, અન્ન અને અન્નપૂર્ણા અંગે ભારતની પ્રતિબધ્ધતાને એ વાત પરથી સમજી શકાય કે તાજેતરમાં જ મા અન્નપૂર્ણાની એક પ્રતિમાને કેનેડાથી કાશી પાછી લાવવામાં આવી. આપણી સંસ્કૃતિનાં આવા ડઝનબંધ પ્રતીકો છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિદેશમાંથી પાછા લાવવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અડાલજમાં શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટની હોસ્ટેલ અને શિક્ષણ સંકુલનાં ઉદઘાટન પ્રસંગે જણાવ્યું કે, તેમણે અમેરિકન રાષ્ટ્રપતિને કહ્યું છે કે જો વિશ્વ વેપાર સંગઠનના નિયમો હળવા કરવાની મંજૂરી આપવામાં આવે તો, તો ભારત અન્ય દેશોને અનાજ મોકલવાનો પ્રસ્તાવ મૂકી શકે છે. વડાપ્રધાનનું આ વક્તવ્ય દર્શાવે છે કે ભારત આજે અનાજનાં ઉત્પાદનમાં કઈ સ્થિતિ પર પહોંચી ગયું છે. આ ઉપરાંત, મા અન્નપૂર્ણાની કૃપાથી ભારતીય ખેડૂતો પહેલાંથી જ વિશ્વનાં લોકોનું ધ્યાન રાખી રહ્યા છે.

### શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટની હોસ્ટેલ અને શિક્ષણ સંકુલમાં અનેક સુવિધાઓ

હોસ્ટેલ અને શિક્ષણ સંકુલમાં 600 વિદ્યાર્થીના રહેવાની અને ભોજનની સુવિધા માટે 150 રૂમ છે. અન્ય સુવિધાઓમાં જીપીએસસી, યુપીએસસી પરીક્ષા માટે તાલીમ કેન્દ્ર, ઈ-લાઇબ્રેરી, કોન્ફરન્સ રૂમ, સ્પોર્ટસ રૂમ, ટીવી રૂમ, વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક આરોગ્ય સુવિધાનો સમાવેશ થાય છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનસહાયક ટ્રસ્ટના હીરામણિ આરોગ્યધામનું ભૂમિપુજન કર્યું

જનસહાયક ટ્રસ્ટ હીરામણિ આરોગ્યધામને વિક્સાવશે. તેમાં એક વારમાં 14 વ્યક્તિઓ માટે ડાયાલિસિસની સુવિધા, 24 કલાક લોહી પૂરી પાડતી બ્લડ બેન્ક, ચોવીસ કલાક ખુલ્લો રહેતો મેડિકલ સ્ટોર, આધુનિક ટેસ્ટિંગ લેબોરેટરી અને આરોગ્ય તપાસ માટે ઉચ્ચ કક્ષાના સાધનો સહિત લેટેસ્ટ મેડિકલ સુવિધા હશે. આ આયુર્વેદ, હોમિયોપથી, એક્યુપંક્ચર, યોગ થેરપી વગેરે માટે આધુનિક સુવિધાઓ ધરાવતું એક ડે-કેર સેન્ટર હશે. અહીં ફર્સ્ટ એઇડ ટ્રેઇનિંગ, ટેકનિશિયલ ટ્રેઇનિંગ અને ડોક્ટર ટ્રેઇનિંગની સુવિધાઓ પણ ઉપલબ્ધ હશે. આ સંકુલ 50 કરોડ રૂપિયાનાં ખર્ચે તૈયાર થશે. ●



**Narendra Modi**
@narendramodi

Through #MannKiBaat we celebrate the extraordinary feats of grassroots level change-makers. Do you know of such inspiring life journeys? Share them for this month's programme. Write on MyGov, NaMo App or dial 1800-11-7800 to record a message.



Rajnath Singh retweeted
**रक्षा मंत्री कार्यालय/ RMO India**
@DefenceMinIndia

दुनिया में शांति बरकरार रखनी है, तो राष्ट्रों की सुरक्षा अत्यंत आवश्यक है, और सुरक्षा के लिए उनका सैन्य रूप से मज़बूत होना अत्यंत आवश्यक है। पिछले कुछ वर्षों में हमने ऐसा माहौल तैयार किया है, कि हमारी सेनाएं, scientists और defence manufacturers, pro-active तरीके से सोच सकें: RM



**Amit Shah**
@AmitShah

.@narendramodi जी ने सभी स्वतंत्रता सेनानियों को श्रद्धांजलि देने व उनकी स्मृति को पुनर्जीवित करने पर विशेष बल दिया है और आप सब अपने-अपने राज्य में जाकर इसे नीचे तक पहुंचाएं।

क्योंकि देश का हर नागरिक अगर एक भी संकल्प ले तो 130 करोड़ संकल्पों का ये संपुट देश को महान बनाएगा।




**Nitin Gadkari**
@nitin_gadkari

In line with PM Shri @narendramodi ji's vision to bring quick relief to the victims of road accidents & their immediate kin, 'Compensation to Victims of Hit and Run Motor Accidents Scheme', 2022 has been launched with multifold increase in compensation amount.
#PragatiKaHighway



**Piyush Goyal**
@PiyushGoyal

Indian farmers are feeding the world.
Egypt approves India as a wheat supplier. Modi Govt. steps in as world looks for reliable alternate sources for steady food supply.
Our farmers have ensured our granaries overflow & we are ready to serve the world.



**Bhupender Yadav**
@byadavbjp

The Budget Session of Parliament saw a productivity of 127% in Lok Sabha and 97% in Rajya Sabha. The entire Financial Business was completed in both Houses by March 31. This is excellent news for our democracy and represents the strength of our institutions.

# मोदी बोले- दुनिया को तेजी से बदलते भारत की तस्वीर दिखाएगा प्रधानमंत्री संग्रहालय

कहा-बाबा साहब के पंच तीर्थ सामाजिक न्याय व अटूट राष्ट्र निष्ठा के प्रेरणा केंद्र



## पूर्व प्रधानमंत्रियों के परिजन खुश, गांधी परिवार ने कार्यक्रम से बनाई दूरी



## पीएलआई योजना के तहत 61 कपड़ा कंपनियों को मंजूरी

पांच साल में कंपनियों से 1,84,917 करोड़ रुपये का कारोबार होने की उम्मीद

प्रधानमंत्री संग्रहालय देश को सौंपा, पहली टिकट PM ने खरीदी

# एक-दो मौके छोड़ दें तो लोकतंत्र को हमेशा अहमियत दी गई: मोदी



## भारत जल्द बनेगा 5,000 अरब डॉलर की अर्थव्यवस्था

भारत-अमेरिका में अंतरिक्ष जागरूकता समझौता

प्रधानमंत्री मोदी ने देवघर रोपवे हादसे से जुड़े बचाव दल से की बातचीत

# देश को आप पर गर्व, अपने अनुभव के आधार पर एक दस्तावेज तैयार कर लें बचाव कर्मी



देश को हर संकट से निकालने वाली फोर्स हमारे पास : मोदी

RNI No. :
DELGUJ/2020/78810
May: 1-15, 2022

New India SAMACHAR
Fortnightly


RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date April 20, 2022, Pages - 48)



# આપણો સહિયારો પ્રાકૃતિક વારસો

## વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ (14 મે)

ભારત એક વિશાળ દેશ છે, જે કુદરતી સંસાધનોથી ભરેલો છે. અહીંના ગાઢ જંગલ અને સરોવરોની સાથે ખુશનુમા આબોહવા યાયાવર પક્ષીઓને પોતાની તરફ આકર્ષે છે. દર વર્ષે મોટી સંખ્યામાં યાયાવર પક્ષીઓ અહીં આવે છે.  આ પક્ષીઓની અનેક પ્રજાતિ લુપ્ત થઈ રહી છે. તેમનાં સંરક્ષણ  માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર સમય-સમયે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. પક્ષીઓનાં સંરક્ષણ માટે વૈશ્વિક સ્તરે વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ મનાવવામાં આવે છે. મે અને ઓક્ટોબર મહિનાના બીજા શનિવારે તે મનાવવામાં આવે છે. આ વર્ષની થીમ to Focus on Light Pollution  (પ્રકાશીય પ્રદૂષણથી બચાવ) છે. સાંભર ઝીલ, જિમ કોર્બેટ, દિલ્હી બાયોડાઈવર્સિટી પાર્ક, ભરતપુર, પુલિકટ સરોવર, ચિલ્કા સરોવર, કોલેરુ સરોવર અને ભરતપુરનો કેવલાદેવ રાષ્ટ્રીય ઉદ્યાન ભારતમાં યાયાવર પક્ષીઓનાં પસંદગીના સ્થળો છે.



"આપણે પરંપરાગત રીતે 'અતિથી દેવો ભવઃ' ના મંત્રને વ્યવહારમાં લાવીએ છીએ. યાયાવર પક્ષીઓની પ્રજાતિ ગ્રહને જોડે છે અને આપણે એક સાથે તેમનાં ઘર આવવા બદલ સ્વાગત કરીએ છીએ. આ પ્રજાતિઓ પાસપોર્ટ અને વિઝા વગર અનેક દેશોમાં ફરે છે, પણ આ પ્રજાતિ શાંતિ અને સમૃદ્ધિની સંદેશાવાહક છે અને તેમનું રક્ષણ કરવું આપણી ફરજ છે. **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**"

Gujarati

Editor
Jaideep Bhatnagar,
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by:
Satyendra Prakash, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

Published from
Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020